Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैनधर्म प्रकाश.

तत्र च गृहस्थैः सद्भिः परिहर्तव्योऽकल्याणमित्रयोगः, सेवितव्यानि कल्याणमित्राणि, न लङ्घनीयोचितस्थितिः, अपेक्षितव्यो लोकमार्गः, माननीया गुरुसंहतिः, भवितव्यमेतत्तंत्रैः, प्रवर्तितव्यं दानादौ, कर्तव्योदारपूजा भगवतां, निरूपणीयः साधुविशेषः, श्रोतव्यं विधिना धर्मशास्त्रं, भावनीयं महायत्नेन, अनुष्ठेयस्तदर्थो विधानेन, अवलम्बनीयं धैर्यं, पर्यालोचनीयायतिः, अवलोकनीयो मृत्युः, भवितव्यं परलोकप्रधानैः, सेवितव्यो गुरुजनः, कर्तव्यं योगपट्टदर्शनं, स्थापनीयं तद्रूपादि मानसे, निरूपयितव्या धारणा, परिहर्तव्यो विक्षेपमार्गः, प्रयतितव्यं योगशुद्धौ, कारयितव्यं भगवद्भुवनबिम्बादिकं, लेखनीयं भुवनेशवचनं, कर्तव्यो मङ्गलजपः, प्रतिपत्तव्यं चतुःशरणं, गर्हितव्यानि दुष्कृतानि, अनुमोदयितव्यं कुशलं, पूजनीया मंत्रदेवताः, श्रोतव्यानि सच्चेष्टितानि, भावनीयमौदार्यं, वर्त्तितव्यमुत्तमज्ञानेन, ततो भविष्यति भवतां साधुधर्मानुष्ठान भाजनता ॥ उपमितिभवप्रपञ्चा कथा.

પુસ્તક ૨૭ મું. વૈશાખ—જેઠ. સંવત ૧૯૬૭. શાકે ૧૮૩૩ અંક ૨-૩ જો.

## શ્રી વીરચારિત્ર પરથી ઉદ્ભવતું વીરત્વ.

( પ્રયોજક—મોહનલાલ દલીચંદ દેશાઈ. બી. એ. એલ એલ. બી.

રાગ કલ્યાણ.

અમે તો વીર પ્રભુનાં બાલ.
વીરહાક સઘળે ગજવીને, કરીશું પિતાશું વ્હાલ— અમે તો. ૧
મરિચિના ભવથી શિખવિયું, અતિમદ ભવ્ય તું ટાલ;
કર્મ નિકાચિત બાંધ્યું રેડી, સીસું શય્યાપાલ. અમે તો. ૨
દર્શન, જ્ઞાન, અને ચારિત્ર, આચારતણા પ્રતિપાલ;
નંદન મુનિ ઉપાર્જન કીધું, તિર્થંકર કર્મ વિશાલ. અમે તો. ૩
બાલપણામાં ચરણઅંગુઠે, મેરૂ નચ્યો તત્કાલ;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આગલકી ક્રીડાએ રમતાં, થયો સુર નિર્મોહન. અમે તો. ૪
અગ્નિજ્વાલા ઝરતો મુખથી, મહાનાગ વિકરાલ;
ચરણે ડસેલો ચંડકોશિયો, બૂઝાવ્યો ધરી વ્હાલ. અમે તો. ૫
બાર વ્રતોમાં એક નિયમ નહિ, એવો શ્રેણિક નૃપાલ;
ભક્તિ જાણી નિજપદ દીધું, પ્રેમે પ્રભુ કૃપાલ. અમે તો. ૬
બાકુલા વહોરી કેવલજ્ઞાને, ઉધ્ધારી ચંદનબાલ;
ગણિકારત મુનિ નંદિષેણને, તાર્યો ભક્તિ રસાલ. અમે તો. ૭
નિર્વાણ પહેલાં ગૌતમ સ્વામી, ટાળી મોહજંજાલ;
સવિ જીવ કરૂં શાસનરસી એવી, ઉલ્લસી દયા દયાલ. અમે તો. ૮
મિથ્યાત્વ અવિરતિ કષાય ઉપર, ભરીશું મોટી ફાલ;
તોડી ફાડીને વશ કરીશું, પ્રશમતણી ચઢી ઢાલ. અમે તો. ૯
વીરસુધાવાણીમાનસમાં, રમીશું જેમ મરાલ;
કર્મ નિકંદી પૂજ્ય પિતાને, ભેટીશું કોઈ કાલ. અમે તો. ૧૦

ટુંક સમજ:—૧ આપણે વીરની સંતતિ છીએ, તો વીરજ નિવડશું.

૨–૮ શ્રીમદ્ મહાવીર ભગવાનનાં ચરિત્રના મુખ્ય ભાગોનું સ્તવન છે તેમાં (૨–૩) સત્તાવીશ મુખ્ય ભવોમાંના ભવોનું, અને (૪–૮) શ્રી મહાવીરની બાલ્યાવસ્થાથી તે નિર્વાણ સમય સુધીમાં બોધપ્રદ અને ઉપકારી ચરિત્ર ભાગોનું સ્તવન છે. ૯–૧૦ આપણે તેવા મહાવીર શ્રી મહાવીર પ્રભુના બાલ તરીકે શું કરીશું તેનું ટુંક નિરૂપણ છે.

## महोपाध्याय श्रीमान् विनयविजयजी विरचित

# शान्तसुधारस भावना.

અનુસંધાન ગત અંકના પૃષ્ઠ ૧૩ થી.

"બીજી અશરણ ભાવના."

૧, જેઓ અતુલ પરાક્રમવડે ષટ્ખંડ પૃથ્વીને જીતી સંપૂર્ણ શોભી રહ્યા હતા એવા ચક્રવર્તી રાજાઓ અને જે ભુવનભવનના ભારે મહત્વાળા દેવતાઓ હર્ષથી પુષ્ટ

* શ્રીમદ્ મહાવીર પ્રભુના જન્મ દિવસ ચૈત્ર શુદિ ૧૩ ને દિને જૈન સ્ટુડન્ટસ બોર્ડીંગમાં ઉજવેલા શ્રી મહાવીર જન્મોત્સવ પ્રસંગે પ્રયોજક વિવેચન સાથે ગાઈ બતાવ્યું હતું. તા. ૧૧–૪–૧૯૧૧.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છતાં આનંદગાન કરતા તેઓ પણ બળાત્કારથી નિર્દય યમના દાંતવડે હણાયમાન થયા થકા હા! ઇતિ ખેદે શરણરહિત છતાં શરણને માટે દીન મુખે દશે દિશે તાકીને જોતા રહ્યા, તો પણ તેમને યમના પંજામાંથી મૂકાવવાને કોઇ સમર્થ થઇ શક્યું નહિં, તેમજ થઇ શકે પણ નહિં.

૨, જ્યાં સુધી દુઃસહ એવા યમના કટાક્ષવડે શરણરહિત નરકીટક જોવાયો નથી, મતલબ કે જ્યાંસુધી અશરણ મનુષ્ય ઉપર જમની દૃષ્ટિ વિષમ થઇ નથી ત્યાં સુધી જ તે મદના વિલાસવાળો અને ગુણના ગૌરવવાળો જણાય છે, પછી તો તેનો મદ અને ગુણ ગૌરવ ક્યાંય નાશી જાય છે; કોઇ તેનું રક્ષણ કરી શકતું નથી.

૩, જ્યારે યમ બળાત્કારે પ્રાણીઓને પોતાને કબજે કરે છે ત્યારે (તેમનો) પ્રતાપ નષ્ટ થઇ જાય છે, ઉદય પામેલું તેજ અસ્ત થઇ જાય છે, ધીરજ અને પુરૂષાર્થ નષ્ટ થઇ જાય છે, પુષ્ટ કરેલું શરીર પણ શિથિલ થઇ જાય છે અને સ્વજનો તેનું દ્રવ્ય કબજે કરવાને પ્રવર્તે છે. ( પણ કોઇ તેને યમના મુખમાંથી મુક્ત કરવાને શક્તિવાન થતા નથી. અશરણ જીવ યમને શરણ થાય છે. )

## "દ્વિતીય ભાવનાષ્ટક"

૧,–કોઇ પણ સ્વજન વર્ગ, ઘણું કરીને (પોતાના) હિતસ્વી અને પ્રીતિપાત્ર સારા માણસને મરણદશાને પ્રાપ્ત થતાં રક્ષી શકતા નથી. તેથી હે આત્મન્! તું મહા મંગળકારી શ્રી સર્વજ્ઞ વીતરાગ પ્રણીત અહિંસા, સંયમ અને તપલક્ષણ ધર્મનુંજ શરણ કર, અને નિર્મળ–વિશુદ્ધ ચારિત્રનું સ્મરણ કર, તેજ તને સંસારસમુદ્રથી તારી શકનાર છે. તેનાજ પ્રબળ આલંબનથી અનેક જીવો નિસ્તરી ગયા છે.

૨, ઘોડા, રથ, હાથી અને પાળાથી પરવરેલા તેમજ અસ્ખલિત બળને ધારણ કરવાવાળા નરપતિને પણ યમ જેમ મચ્છીમાર નાના મચ્છને (જોત જોતામાં) પકડે છે, તેમ પકડી લે છે; તેની પાસે કોઇનું કંઇએ ચાલતું નથી.

૩, કદાચ તો કોઇ વજ્રમય ભુવનમાં પેસી જાય અથવા તો કોઇ મુખમાં તૃણને ધારણ કરે તોપણ સહુને એક સરખી રીતે દળી નાંખનાર એવો નિર્દય કાર્ય કરી ખુશી થનાર કાળ કોઇને મૂકનો નથી. કદાચ દેવ, દાનવ, માનવ ગમે તે હોય પણ તેમાંથી કોઇ છટકી જઇ શકતું નથી, તેથી કોઇએ ખોટો ગર્વ કરવાનું કશું કારણ નથી. ગમે તેવા અખર્વ ગર્વને ધારણ કરનારનો પણ ગર્વ યમે ગાળ્યોજ છે.

૪, જેને દેવતાઓ આધીન છે એવી વિદ્યા, મંત્ર અને ઔષધીની સેવા કરો, અથવા પુષ્ટિકારક રસાયન આરોગો તોપણ મરણ મૂકવાનું નથી. મતલબ કે પ્રભાવિક વિદ્યાથી, મંત્રથી, ઔષધીઓની સેવાથી કે રસાયણના પ્રયોગથી પણ મૃત્યુ અટકી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શકતું નથી. મૃત્યુંજયનો ઉપાય તો ઓરજ છે.

૫, જ્હાય તો કોઇ શરીરમાં ચિરકાળ વાયુને રોકી રાખે, સમુદ્રને પેલે પાર જઇ રહે, અથવા પર્વતના શિખર ઉપર જોરથી જઇ ચઢે તોપણ તે જરાથી જીર્ણ થાય છે. મતલબ કે કાળક્રમે શરીર જર્જરીત થયા વિના રહેતુંજ નથી.

૬ કાળા કેશોથી શોભતા મનુષ્યના મસ્તકને સફેદ કેશવાળું કરતી અને શરીરને શુષ્ક કરી નાંખનારી જરાને રોકવાને કોણ સમર્થ છે? મતલબ કે વસ્તુસ્વભાવને રોકવાને કોઇ સમર્થ થઇ શકતું નથી.

૭, જ્યારે મનુષ્યની કાયા ઉગ્ર રોગોથી વ્યાપ્ત થાય ત્યારે તેને કોણ સહાય થાય? ચંદ્ર એકલોજ રાહુની પીડા સહે છે. કોઇ પણ તેનો ભાગ પાડી લેતાં નથી. મતલબ કે જીવ જેવી સારી નરતી કરણી કરેછે તેવાં તેનાં ફળ પણ પોતેજ ભોગવે છે.

૮, (એમ સમજીને) હે આત્મન્! દાન, શીલ, તપ અને ભાવરૂપ ચાર પ્રકારના ધર્મનુંજ એક શરણ તું અંગીકાર કર! સમતાની શત્રુરૂપ મમતાનો સંગ તું તજી દે અને શિવસુખના નિધાનરૂપ શાન્ત સુધારસનું પાન કર્યા કર! એમ શ્રી વિનયવિજયજી મહારાજ ભવ્ય જીવોને ઉપદિશે છે.

## "ત્રીજી સંસાર ભાવના"

૧, એક તરફ દુરંત દાવાનળની જેવો લોભ વધતા જતા લાભરૂપ જળવડે કોઇ રીતે શમાવી શકાતો નથી અને બીજી તરફ મૃગતૃષ્ણા (ઝાંઝવાનાં જળ) ની જેવી ખોટી વિષયતૃષ્ણા પ્રાણીઓને પીડા કરી રહી છે. આવી રીતે વિવિધ બાજુથી ભયંકર ભવવનમાં શી રીતે સ્વસ્થ–નિશ્ચિંત થઇ રહી શકાય?

૨, અતિ રોષ થકી રજોગુણને પામેલા અને પગલે પગલે આપદાના ઉંડા ખાડામાં જલદી પડી જનારા જંતુઓના દુઃખનો શી રીતે અંત આવે? (તેની) એક ચિંતા મટે છે ત્યાં તેથી અધિક અનેરી ચિંતા ઉભી થાય છે. એમ મન, વચન અને કાયામાં વિકૃતિ (વિકાર) સ્ફુરે છે એ ખેદની વાત છે.

૩, અશુચિમય માતાના ઉદરમાં અનેક સંતાપને સહી પછી અનુક્રમે મોટાં મોટાં કષ્ટને વેઠી જન્મ પામી ક્ષણિક અને કલ્પિત સુખોવડે જેવામાં પોતે કોઇ રીતે દુઃખનો આરો આવ્યો માને છે તેવામાં મૃત્યુની બેનપણી જરા અવસ્થા આવીને કાયાનો કોળીઓ કરી જાય છે. તેથી બાપડા સંસારી જીવોને ક્યાંય પણ ઠરીને ઠામ બેસવાનો વખત આવતોજ નથી.

૪, ભવિતવ્યતાવડે પ્રેરાયલો, ભારે કર્મરૂપી દોરથી બંધાયેલો અને કાળરૂ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ની બિલાડાની સમીપે રહેલો જીવ હિતમૂઢ છતો પંખીની પેરે દેહ-પંજરમાં ભ-મણજ કરે છે.

૫, અનંતાનંત દેહને ધારણ કરતો જીવ અનંત પુદ્ગલપરાવર્તન પર્યંત અનાદિ ભવસમુદ્રમાં અનંતીવાર ભ્રમણ કર્યાજ કરે છે.

## તૃતીય ભાવના અષ્ટક.

૧, મોહરિપુએ અહિં ( પ્રગટ) ગળે પકડીને પગલે પગલે વિપદાને પમાડે-લા હે જીવ ! તું આ સંસારને જન્મ મરણાદિકભયથી ભરેલો અતિ બિહામણો સમજ.

૨, હે મૂઢ આત્મન્! સ્વજન પુત્રાદિકના પરિચયરૂપ બંધનથી તું શામાટે વ્યર્થ બંધાય છે ? પગલે પગલે નવનવા અનુભવવડે અને પરાભવવડે તું વારંવાર વ્યાપ્ત થયેલો છે. (તે તપાસ ! )

૩, અહો! કવચિત્ તું સંપત્તિનો મદ કરે છે અને કવચિત્ દારિદ્રથી દીન બને છે, ( વળી ) ખેદની વાત છે કે પતિભવ કર્મવશ વર્તી તું નવ નવા રૂપને ધારણ કરે છે. મતલબ કે આ સંસાર રૂપ રંગભૂમિમાં તું કર્મને આધીન બની નવા નવા પ્રકારના નાટકીયાના જેવા વેશ ધરે છે.

૪, કવચિત્ તું બાલ્ય અવસ્થાને આધીન હોય છે, કવચિત્ તરૂણ વયના મદ-થી મત્તો હોય છે, કવચિત્ દુર્જય જરાથી જર્જરિત થયેલો હોય છે, અને કવચિત યમના હાથે ચઢેલો હોય છે. આમ તારા વિવિધ રૂપ રંગ થયા કરે છે.

૫, પુત્ર પણ ( દૈવવશાત ) ખરેખર પિતાપણે ઉપજે છે અને પિતા વળી પુત્રપણે અવતરે છે, એવી રીતે સંસારસ્થિતિની વિષમતા ભાવતો છતો હે ભાઇ! આ મનુષ્ય ભવરૂપ શુભ સામગ્રી પામીને ( હવે સંપૂર્ણ પુરૂષાર્થ વડે ) સંસાર-નાં દુઃખને તું તિલાંજલિ દે.

૬, રે જીવ ! જેમાં તું અનેક પ્રકારનાં દુઃખ સંબંધી ચિંતા અને અનેક પ્ર-કારના રોગ રૂપ અગ્નિજ્વાળા વડે પ્રતિદિન પચાય છે, (બળ્યાજ કરે છે ) તેમાંજ તું મોહમદિરાના મદથી મત્ત થયો થકો લાંબો વખત રાગ ધરે છે; એ મહા ખે-દની વાત છે. ચતુર માણસ તો એવી દુઃખ દંદોલીથી મુકત થવા એક ક્ષણ પણ પ્રમાદ કરે નહિ, સંપૂર્ણ પુરૂષાર્થથી સત્વર દુઃખનો અંત કરવાજ યત્ન કરે. તદ્દન કફોડી સ્થિતિમાં કેવળ કાયર બની પ્રમાદ સેવનાર તો ગમારજ ગણાય. જ્ઞાની-વિવેકી તો અડગ વીર્યથી પોતાના આત્માને આવી દુઃખદાયી સ્થિતિમાંથી પ્રથમ (પહેજ ) મુકત કરે અને અન્યને પણ યથાયોગ્ય સહાય આપે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૭, આ કાલબટુક અહીંજ કંઈક સુખ સમૃદ્ધિ બતાવી, તેજ સુખ સમૃદ્ધિને ( એક જ ) સાથે સંહરી લઈ લોકોને એક બાળકની જેમ ઠગી લે છે.

૮, સકળ સંસાર સંબંધી ભયને ભેદી નાખનારાં જિન વચનને તું તારા મનમાં ધારણુ કર અને શમરસ રૂપ અમૃતપાન કરી હે આત્મન્ ! તું સમસ્ત દુઃખના સંપૂર્ણ વિલયરૂપ અને એકાંત સુખના સ્થાન રૂપ મોક્ષને પ્રાપ્ત કર ! એમ શ્રીમાન્ વિનયવિજયજી મહારાજ ઉપદિશે છે.

## ( ચોથી એકત્વ ભાવના. )

૧, જ્ઞાન, દર્શન તરંગથી શોભતો એવો આ આત્મા જ એક ( આરાધન કરવા યોગ્ય ) ભગવાન છે; બાકીનું આ બધું ઉપકલ્પિત ( કલ્પી લીધેલું ) સુખ તો વ્યાકુળતા કરનાર મમત્વ માત્ર છે. મતલબ કે સારતત્ત્વ તો આત્માજ છે, તે શિવાય નો બધો પ્રપંચ કેવળ ભ્રમજાળ યા મોહજાળ રૂપ મમત્વની વૃદ્ધિ કરનારજ જણુાય છે.

૨, પરવસ્તુ પ્રત્યેની લાલસાથી જાગતી અજ્ઞાન દશાને વશ પડેલા અબુધ જનો હા ! ઇતિ ખેદે વિષય સંબંધી આવેશ ( અભિનિવેશ—આગ્રહ ) ને વશ થઈજવાથી પર પુદ્ગલીક વસ્તુઓમાં પોતાપણુાની બુદ્ધિની કલ્પના કરી લે છે.

૩, જેમ પુણ્યવંત આત્માને પરસ્ત્રીને વિષે ' સ્વદારા ' એવું ચિંતવન વિપત્તિને માટે થાય છે, તેમ વિવિધ ચિંતા અને ભયને ઉત્પન્ન કરનાર પરવસ્તુ પ્રત્યેનો મમત્વભાવ વિપત્તિને માટે થાય છે.

૪, હવે હે ચિત્ત ! ચારે બાજુથી વીંટળાએલી એવી પરભાવની સંવૃત્તિ તું હરી લે, જેથી ક્ષણુવાર આત્મવિચારરૂપ ચંદનવૃક્ષના પવનની લહરીના રસ મને સ્પર્શે.

૫, સમતાથી વ્યાપ્ત એવી આ એકત્વ ભાવનાને હે આત્મન્ તું વિચાર અને નમિરાજર્ષિની પેરે પરમાનંદ સંપદાને પ્રાપ્ત કર !

## " ચતુર્થ ભાવનાષ્ટક "

૧, વિનય વિજયજી મહારાજ કહે છે કે, હે આત્મન્ ! તું તારા વસ્તુસ્વરૂપનો વિચાર કર કે, આ જગતમાં કોણુ કોનું છે ? આવી મતિ જેના હૃદયમાં ઉપજે છે, તેને દુરિત ( દુઃખ ) નો ઉદય કેમ થાય ? ( અર્થાત્ ન જ થાય. )

૨, દેહધારી ( જીવ ) એકલોજ ઉપજે છે, અને એકલોજ ચ્યવે છે ( મરણુ પામે છે. ) તે એકલોજ કર્મ બાંધે છે અને એકલોજ તેનાં ફળ ભોગવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૩, ત્રિવિધ પ્રકારની મમતારૂપ બોજાવાળો જેને જેટલો પરિગ્રહ હોય છે તે સમુદ્રમાં રહેલા વહાણુની યુક્તિથી તેટલો નીચે (તળીયે) જાય છે.

૪, જેમ મદિરાપાનથી ઉન્મત્ત બનેલો જીવ સ્વસ્વભાવ (મૂળ પ્રકૃતિ) ને તજી દઈને જુદાજ પ્રકારની ચેષ્ટા કરવા મંડી જાય છે તેમ પરભાવના સંગથી જીવ સ્વભાવ ચુકીને સંસાર ચક્રમાં પડે છે, લોટે છે (અરહો પરહો અથડાય છે—રગદો ળાય છે) અને ભવવૃદ્ધિ કરે છે.

૫, જો ! કાંચન [સુવર્ણ] બીજી ધાતુની સાથે મળ્યું છતું કેવી દશાને પામે છે ? અને કશા પ્રકારના ભેગ વગરના વિશુદ્ધ કાંચનનું સ્વરૂપ તો તમારી જેવા સુજ્ઞને સુવિદિતજ છે.

૬, એમ આત્માને વિષે કર્મના સંયોગથી અનેક પ્રકારનાં રૂપ થાય છે અને કર્મમળ રહિત આત્મા—પરમાત્માને વિષે તો વિશુદ્ધ કાંચનની જેવો ચોખ્ખો જ અનુભવ થાય છે, અર્થાત્ વિશુદ્ધ આત્માનું તો અખંડ અવિચળ નિર્વિકલ્પ રૂપજ હોય છે.

૭, જ્ઞાન, દર્શન અને ચારિત્રગુણથી વ્યાપ્ત એવા આ અવિનશ્વર (અ-ક્ષય) વીતરાગ પરમાત્મા એકલાજ (સ્વતંત્રપણે) અનુભવ સદન (મહેલ) માં રમણ કરો !

૮, હે ! આત્મન્ ! આ સહેજે પ્રાપ્ત થયેલા મનોહર શાન્ત સુધારસનું તું પ્રેમ પૂર્વક પાન કર ! અને તને વિષયાતીત (અતીંદ્રિય) સુખરસનો સ્વાદ લેવામાં રતિ સદા ઉદય પામો ! જાગૃત રહો !

## "પાંચમી અન્યત્વ ભાવના"

૧, 'પશાયો પેઠો વિનાશ કરે' એ લોકોક્તિ સત્ય છે, એમ હું માનું છું, કેમકે કર્મના પરમાણુઓએ અંદર પેસારો કરીને જ્ઞાનસ્વરૂપી આત્માને શું શું કષ્ટ ઉપજાવ્યું નથી ? તે કર્માણુઓ વડે જ તેનો વિનાશ થયેલો છે.

૨, હે આત્મન ! તું નિશ્ચયે મમતાને પરતંત્ર રહી સદા સર્વદા પરપુદ્ગલિક કથાથી કદર્થિત છતો શામાટે ખેદ પામ્યા કરે છે ? તારા અનુપમ ગુણરત્નોનો કદા-પિ કેમ વિચાર કરતો નથી ? નિજગુણરત્નોનોજ વિચાર સદા સર્વદા કર્તવ્ય છે, તે-જ કલ્યાણકારી સર્વ દુઃખથી સર્વથા મુક્ત કરનાર છે.

૩, હે પ્રિય આત્મન્ ! તું જેના માટે યત્ન કરે છે, જેનાથી બીહે છે, જેમાં સદા આનંદ માને છે, જેનો જેનો શોચ કરે છે, જેને જેને ઇચ્છે છે, જેને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પામીને પ્રીતિને પરવશ થઈ જાય છે, અને જેમાં સ્નેહથી રંગાયો છતો તારા નિર્મળ સ્વભાવને મૂકી દઈ જેમ આવે તેમ અસમંજસ બોલે છે, તે સર્વ પરાયુંજ છે, તેમાનું કંઇ પણ તારૂં નથી જ, તેનો તું ઉંડો ઉતરીને વિચાર કરી જો. !

૪, સંસારચક્રમાં પરિભ્રમણ કરતાં તેં કેટલી બધી માઠી કષ્ટ--કદર્થનાઓ સહી છે? તેમજ નરક તિર્યંચ સંબંધી યોનિઓમાં તું વારંવાર વિડંબિત થયો છતો છેદન ભેદન પામ્યો છે. તે સર્વ પરપુદ્ગલસંગનો દુષ્ટ અનુભાવ વિસરી જઇને તેમાંજ રાગ ધરતો હે મૂઢ! તું મુંઝાઇ જાય છે, અને તેનેજ સેવતો છતો કેમ ( લગારે ) લાજતો નથી.

૫, જ્ઞાન, દર્શન અને ચારિત્ર લક્ષણ ચેતના વિના બાકીનું બધું પર છે, એવો દ્રઢ નિશ્ચય કરીને હે આત્મન્! તું સ્વહિત પ્રાપ્તિને માટે પ્રયત્ન કર !

## "પંચમ ભાવનાષ્ટક"

૧, હે આત્મન્! તું પોતાનું ઘર સંભાળ! શરીર, ધન, પુત્ર, ઘર અને સ્વજનાદિકમાં તારૂં શું છે? કે જે દુર્ગતિથી તારો બચાવ કરી શકે?

૨, અતિ મોહથી 'એ તે હું' એવા અભેદ સંબંધથી જેની સાથેજ સદા વસે છે તે શરીર પણ નિશ્ચયે ચપળ છતું ખેદયુકત તને તજી દે છે. છતાં તું તેના ઉપર કેટલો મોહ રાખે છે?

૩, જન્મ જન્મમાં વિવિધ પ્રકારના પરિગ્રહને અને કુટુંબને તું પોષે છે, પરંતુ પરભવ જતાં તેમાંથી એક તલ માત્ર પણ તને સહાયરૂપ થતું નથી.

૪, માટે પરપરિચય પરિણામ કે જે સમતાયોગે પરિતાપનેજ પેદા કરે છે તેને તું તજ અને નિઃસંગપણે નિર્મળ અને આલ્હાદકારી અનુભવ સુખરસનું તું સેવન કર! એજ તને અત્યંત હિતકારી થશે.

૫, જુદા જુદા માર્ગે જનારા વટેમાર્ગુઓ સાથે ઠેકાણે ઠેકાણે કોણ પ્રતિબંધ કરે? કોઇ ન કરે. તેમ સ્વસ્વકર્મવશવર્તી સ્વજનો સાથે તું શામાટે મમતા બાંધે છે. તે મમતાબંધન તને અત્યંત દુઃખકારી થશે.

૬, રાગરહિત માણસ ઉપર આસકત થનાર જેમ બહુ સંતાપને સહે છે, તેમ તારે વિષે રાગ રહિત એવા જડ પદાર્થો ઉપર ફોગટ મમતા રાખી તું શામાટે સંતાપને સહે છે. તે જડ પદાર્થોથી અંતે તારૂં કશું વળવાનું નથીજ.

૭, ( એમ સમજીને ) જેનો નિશ્ચયે વિયોગ થવાનોજ છે. એવા સંયોગ ( સંયોગિકભાવ--વસ્તુઓ ) નો તું ત્યાગ કર અને નિર્મળ આત્મલક્ષ્ય ધારણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કર ! ( તે વિના ) મૃગતૃષ્ણા ( ઝાંઝવા ) નાં જળનું પાન કરતો ( કરવા મથતો ) તું કદાપિ તૃપ્તિને પામી શકીશ નહિં.

૮, દિનબંધુ એવા જીનેશ્વરને તું ભજ અને સુખે શિવગતિ આપે, સકળ આપદાને કાપે અને સર્વ વ્યાધિઓને શમાવે એવા શાન્ત સુધારસનું રૂચિપૂર્વક પાન કર.

## " છઠ્ઠી અશુચિ ભાવના. "

૧, જેમ છિદ્રયુક્ત મદિરાનો ઘડો તેમાંથી ટપકતા મદિરાનાં ટીપાંના સંગથી અશુદ્ધ થયેલો હોવાથી બાહિરના ભાગમાં પવિત્ર માટીથી મસળીને તેને ગંગાજળથી બહુવાર ધોવો છતાં તે પવિત્ર થઇ શકતો નથી, તેમ પ્રાણીઓની કાયા મહા બિભત્સ ( દુગંચ્છનીય ) હાડકાં,વિષ્ટા, મૂત્ર અને રજસ્ના ઢગલારૂપ હોવાથી ગમે તેટલા ઉપચારથી પણ શુદ્ધ થઇ શકતી નથી.

૨, ૩, મોહમૂઢ પ્રાણીઓ વારંવાર શુદ્ધ જળથી અત્યંત સ્નાન કરે છે, અને મલથી ભરેલા દેહને ચંદનથી ચર્ચે છે અને એમ કરીને આપણે નિર્મળ થયા એમ માની ખુશી થાય છે; પણ તે શુદ્ધ થઇ શકતા નથી, કેમકે ઉકરડો એમ શી રીતે સાફ થઇ શકે ? જેમ કપૂર વિગેરે સુગંધી દ્રવ્યોથી વાસિત કરેલું પણ લસણ સુગંધિ થતું નથી અને જન્મપર્યંત ઉપકાર કર્યા છતાં પણ દુર્જન સજ્જનતાને પામતો નથી, તેમ આ મનુષ્યોનો દેહ પણ પોતાની સ્વાભાવિક અશુચિને તજતો નથી. બહુ પેરે સુગંધિ તેલ વિગેરેથી મસળ્યા છતાં, વસ્ત્રાલંકારથી વિભૂષિત કર્યા છતાં અને ખાનપાનથી પુષ્ટ કર્યાં છતાં, તે વિશ્વાસ કરવા યોગ્ય થતો નથી. મતલબ કે ગમે તેટલા ઉપચારથી પણ દેહ પોતાનો જાતિસ્વભાવ તજતો નથી.

૪, જેનો સંસર્ગ ( સંયોગ ) પામીને પવિત્ર વસ્તુઓ પણ જલદી અપવિત્ર થઇ જાય છે, તેમ છતાં અહો ! એવા અશુચિના કારણરૂપ શરીરને શુદ્ધ કરવાનો ભ્રમ જીવોને કેવો ભારે પીડાકારક છે !

૫, એવી રીતે શરીરશૌચનો પક્ષ ખોટો જાણીને સકળ દોષરૂપ મળને સાફ કરનાર, પથ્ય ( હિતકર ) અને જગતમાં પરમ પવિત્ર એવા ધર્મનેજ હે આત્મન્! તું તારા હૃદયમાં નિશ્ચયપૂર્વક ધારણ કર.

## " ષષ્ઠ ભાવનાષ્ટક. "

૧, હે આત્મન્ ! આ દેહ અતિ અપવિત્ર છે એમ તું વિચાર અને તારા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હૃદયકમળને વિકસિત કર જેથી સકલ આપદાને વમી તું પરમ મહોદયને પામી શકીશ.

૨, સ્ત્રી પુરૂષના રૂધિર અને વિર્યના વિકાર–પરિણામરૂપ આ મળમય અશુચિ ખાડમાં શું સારૂં છે? બહુ યત્નથી તેનું મુખ બંધ કર્યા છતાં તેમાંથી દુર્ગંધ નિકળ્યાજ કરે છે. આવા અશુચિથી ભરેલા કુવાનો કોણ અતિ આદર કરે? જ્ઞાની વિવેકી તો નજ કરે. કેવળ મૂઢ—ગમાર હોય તેજ કરે.

૩, મુખને સારૂં સુગંધિત કરવાને કોઇ કર્પૂરયુક્ત તાંબુલ ખાય છે, તોપણ દુર્ગંચ્છનિક લાળથી યુક્ત તે ફિકકું મુખ કેટલા કાળ સુગંધિ રહે છે?

૪, શરીરની અંદર ફરતો ખરાબ વિકારી વાયુ એમ કંઈ રોકી શકાતો નથી, તેમ છતાં તું વારંવાર શરીરને સુગંધિ દ્રવ્યો લેપી સુંઘ્યાં કરે છે. આ તારો શૌચાચાર (અપવિત્ર દેહને પવિત્ર બનાવવાનો પ્રયત્ન) સુજ્ઞ વિવેકી જનો હસી કાઢે છે, કેમકે તે બધો તારો ફોગટ પ્રયત્ન છે, અથવા તો તે કેવળ ભ્રમરૂપજ છે.

૫, જે શરીરમાં અત્યંત અશુચિને વહેતાં સ્ત્રીનાં દ્વાદશ અને પુરૂષનાં નવ દ્વાર ક્ષણવાર પણ વિરામ પામતાં નથી, તે શરીરને તું પવિત્ર ગણે છે; એ તારો કોઇ અભિનવ (વિચિત્ર) અભિપ્રાય જણાય છે!

૬, અનેક જાતના ઉપચારથી નીપજાવેલું અન્ન ખાધું છતું વિષ્ટારૂપ થઇ જગતમાં જુગુપ્સા (દુગંચ્છા) ઉપજાવે છે અને વીર્યને વધારનારૂં મજેનું દૂધ પીધું છતું ભારે દુગંચ્છનિક મૂત્રના પરિણામને પામે છે.

૭, માટે હે આત્મન્! પવિત્ર વસ્ત્ર ભોજનને અપવિત્ર કરી નાંખનારા કેવળ મળયુક્ત પુદ્ગળના પુંજવાળા દેહમાં જે મોક્ષસાધનનું ઉદાર સામર્થ્ય રહેલું છે તેનેજ પરમસારભૂત સમજ.

૮, જેનાવડે શોભિતું થયું છતું આ શરીર અતિ પવિત્ર બને એવી નિપુણતાનો હે ચેતન! તું વિચાર કર, અને નિર્મળ સિદ્ધાન્તરૂપ જળાશય પામીને તું શાન્ત સુધારસનું પાન કર. એજ તને કલ્યાણકારી છે.

ઇતિષષ્ઠ ભાવનાર્થઃ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# गतवर्षना मुखपृष्ठपरना श्लोकसंबंधी विवेचन

( લેખક ન્યાલચંદ લક્ષ્મીચંદ. સોની. બી. એ, એલ એલ. બી. )

( અનુસંધાન પૃષ્ઠ ૨૧ થી. )

કલ્યાણમંદિર સ્તોત્રના કર્ત્તા શ્રી સિદ્ધસેન દિવાકર સૂરિ તે સ્તોત્રની ૩૮ મી ગાથામાં કહે છે કે—

आकर्णितोऽपि महितोऽपि निरीक्षितोपि,
नूनं न चेतसि मया विधृतोसि भक्त्या ।
जातोऽस्मि तेन जनबांधव दुःखपात्रं,
यस्मात् क्रियाः प्रतिफलंति न भावशून्याः ॥ ३८ ॥

" તમોને સાંભળ્યા તોપણ, તમોને પૂજ્યા તોપણ, તેમજ તમોને દેખ્યા તોપણ નિશ્ચયે ભક્તિએ કરીને તમોને મેં મારા હૃદયમાં ધારણ કર્યા નથી. તે કારણ માટે હે જગતના બાંધવ ! હું દુઃખનું પાત્ર ઉસન્ન થયો છું. કારણ કે, ભાવે કરીને રહિત એવી ક્રિયાઓ ફળ આપતી નથી."

આજકાલ જિનવંદન ઉત્તરોત્તર શિવ સુખને પ્રાપ્ત કરાવનારૂં છતાં પણ તાત્કાલિક લાભ દેનારૂં પામરજનોને જણાતું નથી તેનું કારણ બીજું કંઇજ નહિં પણ ભાવશૂન્યતાજ છે. અનેક વખતનું ભાવ શૂન્ય જિનવંદન હર્ષોલ્લસિત મનવાળા મુમુક્ષુ પુરૂષના એક વખતના જિનવંદન સાથે સરખાવતાં પણ કંઇ ગણતરીમાં નથી. અલ્પ સમયમાં પોતાનું કાર્ય સાધનારાઓ ભાવવાસિત ક્રિયા કરવાથીજ ફતેહમંદ થાય છે. ભાવ રહિત ક્રિયા એકડા વગરના હજારો બલકે લાખો મીંડાં જેવી છે. મન અન્ય વિષયમાં રોકાયેલું હોય અને બહાર દેખાવ માટે ક્રિયા કરવામાં આવતી હોય તેથી યોગ્ય લાભ થવા સંભવ નથી. શરીરથી જે ધાર્મિક ક્રિયા કરવામાં આવતી હોય તેજ ક્રિયાના સંબંધમાં મન વિરૂદ્ધ વિચાર જાળમાં ગુંથાએલું હોય ત્યારે તો એક પ્રકારની મહાદેખીન પ્રતારણાજ થાય છે. આ કલિયુગના સમયમાં ધર્મઠગોનો કંઇ ટોટો નથી. અનેક પુરૂષો મહાન્ ફળને આપનારી પવિત્રમાં પવિત્ર ધાર્મિક ક્રિયા માત્ર ઓઘશ્રદ્ધાએ, લોકલજ્જાએ, માનાર્થે, પૂજાર્થે, સારો દેખાવ કરવાની ઇચ્છાથીજ ઉત્સાહશૂન્ય ચિત્તથી કરતા દૃષ્ટિગત થાય છે. પોતે કરેલી કોઇ પણ પ્રકારની ધાર્મિક ક્રિયાની હકીકત તેનાથી અજ્ઞાત માણસોને જ્યારે અથથી ઇતિ સુધી કાંઇ પણ પ્રસંગ મળતાં કહી જણાવે છે ત્યારેજ તેમના ચિત્તની શાન્તિ થાય છે, અને ત્યારેજ ક્રિયાનું ફળ મળવાની ખાત્રી થાય છે. અન્ય જનો તેમના માટે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઉત્તમ અભિપ્રાય બાંધે તેટલા પૂરતુંજ ક્રિયાનું ફળ માની બેસે છે. આ પ્રકારે બીજાને નહિં કહેવાથી અંકે નહિ થયેલી ક્રિયાના ફળને માટે તેઓ હમેશાં સંદિગ્ધ રહે છે. ગુપ્તદાન જેમ વિશેષ ફળદાયી થાય છે તેવીજ રીતે બણુગા નહિં ફુંકાએલી ધાર્મિક ક્રિયા પણ વધારે ફળદાયી થાય છે, એમ સમજવામાંજ આવતું નથી. આ રીતે માત્ર દેખાવ માટે–કિર્તિના લોભથી કરવામાં આવતી ભાવશૂન્ય ક્રિયા યોગ્ય ફળને આપવાવાળી નિવડતી નથી. ભાવિક જનોએ પ્રત્યેક ધાર્મિક ક્રિયા શુદ્ધ હૃદયથી નીર્મળ અધ્યવસાયથી કરવાની છે.

શુદ્ધ જ્ઞાનવાળાઓ પ્રતિદિન જિનવંદનની આવશ્યકતા નહિં સ્વિકારવા વડે પોતાને અમૂલ્ય–મહામ્હેનતે લભ્ય–અનેક ભવભ્રમણ કરતાં મોટા પુણ્યોદયથી સાધ્ય થયેલ આ મનુષ્ય ભવ એળે ગુમાવે છે. ज्ञानक्रियाभ्याम् मोक्षः એ સૂત્રને ભૂલી જઇ એકાંત જ્ઞાનમાર્ગની સાધના માટે પ્રયાસ કરવા જતાં ખરો જ્ઞાનમાર્ગ પ્રાપ્ત કરી શકાતો નથી અને ક્રિયામાર્ગથી પણ ભ્રષ્ટ થવાય છે.

પરમ પૂજ્ય તીર્થંકર દેવની પૂજા કરવાથી આપણા પોતાના આત્માનો પૂજ્ય સ્વભાવ પ્રગટ કરવા આપણે ભાગ્યશાળી થઇ શકીએ છીએ. શ્રી તીર્થંકર ભગવાનની પૂજાનું ફળ પ્રગટ કરતાં શ્રીમદ્ દેવચંદ્રજી બારમા તીર્થંકર શ્રી વાસુપૂજ્ય સ્વામિના સ્તવનમાં પરમ તત્ત્વ બોધ પ્રકાશક સૂચન કરે છે કે "આપ અકર્તા સેવાથી હુએરે, સેવક પૂરણ સિદ્ધિ; નિજ ધન ન દીયે પણ આશ્રિત લહેરે, અક્ષય અક્ષર રિદ્ધિ. પૂજના તો કીજેરે બારમા જિનતણીરે."

આપણા પોતાના પ્રબળ પુરૂષાર્થ શિવાય–અનન્ય વીર્ય સ્ફુરણા કર્યા શિવાય–અસાધારણ પ્રયાસ કર્યા શિવાય મોક્ષસુખ સાધ્ય થઈ શકે તેમ નથી. શુષ્ક ભક્તિથી આત્મસિદ્ધિ થવાની નથી. આવી રીતની સ્થિતિ છતાં પણ શ્રી તીર્થંકર મહારાજાનું અકર્ત્તાપણું સમજીને ભવ્ય જીવોએ તેમનો આશ્રય ભાવ તજવાનો નથી. તેમનું આલંબનજ આત્મિક ગુણો પ્રકટ કરવામાં મહાન્ કારણભૂત થઈ પડે છે, અને ખાસ કરીને આપણુ પામર જનોને–બાળજીવોને તો જિનેંદ્રપૂજા અનિર્વચનીય લાભ દેવાવાળી થાય છે.

આ વિષયમાં જૈન ભાઈઓની આધુનિક પ્રવૃત્તિ એટલી બધી મંદ જોવામાં આવે છે કે ઉલ્લસિત ભાવથી વિધિસર પૂજા કરનારાઓ ભાગ્યેજ પાંચ દશ ટકા મળી આવે છે. ગામડાના લોકો આ વિષયના જ્ઞાનમાં ઘણાજ પછાત હોય છે ત્યારે શહેરના નાગરિકો જ્ઞાનવાન છતાં પણ પ્રમાદથી, ઉત્સાહ–મંદતાથી પૂજા કરવાનો અભ્યાસ રાખતા નથી. મોટા મોટા શહેરોમાં દેરાસરોમાં ન્હાવાના પાણીની, અંઓટીયાં કરાવવાની અનુકૂળતા હોવાથી અને પોતાના ઘરે તેવા પ્રકારની અનુકૂળતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ન હોવાથી ઘણા ખરા જૈનભાઇઓ ન્હાવા માટે (પૂજા કરવા માટે નહિં) દહેરે જવાની તસ્દી લે છે ખરા, પરંતુ સ્નાનને શરીરશુદ્ધિ–શરીરની આરોગ્યતા જાળવવા પૂરતું ગણી, સ્નાન કરી, અબોટિયું પ્હેરી, દર્શન કર્યા ન કર્યા કરી, દ્રવ્યપૂજા તેમજ ભાવપૂજા કર્યા શિવાય એકદમ ચાલ્યા જાય છે. પૂજા કરવા માટે પા–અડધા કલાકની ફુરસદ પણ મેળવી શકતા નથી. ન્હાતી વખતે સાબુ વગેરેથી શરીર ચોળવામાં તથા પુષ્કળ પાણી ઢોળવામાં ઘણો વખત ગુમાવવા જેટલી નવરાશ મેળવે છે ત્યારે પૂજા કરવા માટે મુદ્દલ વખત ફાજલ પાડી શકતા નથી. જયણાપૂર્વક પરિમિત નિર્મળ જળથી શરીર શુદ્ધિ કરવા રૂપ, ભાવશુદ્ધિ નિમિત્તે દ્રવ્યશુદ્ધિની જરૂરીઆતનો લેશ માત્ર વિચાર કરવામાં આવતો નથી. ન્હાઇને અંગુચાથી કે ટુવાલથી શરીર પણ કેટલાએકો લોહતા નથી. આથી શરીર અશુદ્ધ રહેવા સંભવ છે અને તે ઉપરાંત કાયમ પૂજાના શુદ્ધ વસ્ત્રો ભીના થવાથી મલીન થઇ શરીરમાં પણ ખસ વગેરે જાતિના ચામડીના ચેપી રોગો થવાની ધાસ્તી રહે છે. પૂજા કરવાનાં લુગડાની જોડ જેઓ ઘરની રાખતા નથી તેમને માટે પંચાઉ સંઘ ખાતાની લુગડાંની જોડો તથા કામળો રાખવામાં આવે છે પરંતુ આ એટલાં બધાં મ્હેલાં અને ફાટેલાં હોય છે કે ભાગ્યેજ તે પ્હેરી પૂજા કરવાનો ઉત્સાહ વૃદ્ધિ પામે. સુશીલ જૈનબંધુઓએ પ્રસન્ન ચિત્તથી વિધિસર પ્રતિદિન અષ્ટપ્રકારી પૂજા કરવાનો અભ્યાસ રાખવો જોઇએ. યથાશકિત ઉત્તમ દ્રવ્યો મેળવીને પૂજા કરવાથી પ્રશસ્ત ભાવની વૃદ્ધિ થાય છે. શ્રી જિનેશ્વર દેવની પ્રતિમાને નિર્મળ જળથી પ્રક્ષાલન કરી, પ્રથમના કેસર વગેરે દૂર કરવા માટે જરૂર પૂરતોજ વાળાકુંચીનો ઉપયોગ કરવાનો છે. જિનપ્રતિમાની કોઇ પણ પ્રકારની આશાતના' નહીં થવા માટે સંપૂર્ણ સાવચેતી રાખવાની જરૂર છે. પ્રભુ તરફ બહુમાન જાળવવાનું લેશ માત્ર વિસ્મરણ થવું જોઇએ નહિં. ચંદનપૂજા પણ ક્રમસર નવ અંગે કરતાં શીખવું જોઇએ. પુષ્પપૂજામાં ગુંથેલાં ફૂલોના હાર અગર છુટાં ફૂલોનો ઉપયોગ કરવો જોઇએ. સોય દોરાથી શીવેલાં ફૂલોના હાર વાપરવા અયુક્ત છે. ખરેલાં, સડેલાં, બગડેલાં, ભોંયપર પડી ગયેલાં પુષ્પોનો ત્યાગ કરવાનો છે. ધૂપ પૂજા કરનારાઓએ ઓછી સાવચેતી રાખવાની જરૂર નથી. અવિવેકી જનો અગરબતી સળગાવી–ઉંબાડિયાની માફક તે હાથમાં રાખી પ્રભુના મુખ આગળ લઇ જઇ પ્રભુને તેની ધુમાડી આપે છે તે બિલકુલ ઇષ્ટ નથી. અગરબતી ધૂપધાણામાં રાખી ગભારાની બહાર રહી ધૂપપૂજાના દુહા તેમજ પૂજા બોલતાં જતાં તેનો અર્થ ચિંતવતાં જવાની જરૂર છે. મનને અન્ય કાર્યમાં રોકી પોપટની માફક માત્ર મુખપાઠથી ઇચ્છિત ફળ મેળવી શકાતું નથી. દીપક, અક્ષત, ફળ અને નૈવેદ્ય પૂજા કર્યા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પછી ભાવપૂજામાં પ્રવેશ કરાય છે. ભાવપૂજારૂપ વિધિસર ચૈત્યવંદન કર્યા શિવાય તથા નવકારવાળી ગણ્યા શિવાય-પ્રભુનું ધ્યાન કર્યા શિવાય, માત્ર દ્રવ્યપૂજાથી પરમોત્કૃષ્ટ ફળની આશા રાખી શકાય નહિં. યોગ્ય વયના દરેક જૈનબંધુને ચૈત્યવંદન કરતાં અવશ્ય આવડવું જોઈએ. સાંસારિક કેળવણી-વ્યવહારિક કેળવણીના વિષયમાં જોઇએ તો વિશ્વવિદ્યાલય તરફથી મોટી મોટી પદવીઓ મેળવી હોય અને ધાર્મિક કેળવણીની બાબતમાં ચૈત્યવંદન વિધિનું જ્ઞાન પણ પ્રાપ્ત કર્યું હોય નહિં તે કેટલું બધું ખેદકારક ગણી શકાય ? તેનો ખ્યાલ આવવો મુશ્કેલ નથી. ક્રમસર પ્રભુની સ્તુતિમાં પ્રવેશ કર્યા શિવાય યોગ્ય રીતે ભાવની વૃદ્ધિ થતી નથી. સ્વકલ્પિત પદ્ધતિથી માત્ર પ્રભુના ગુણની વિચારણા કરવા કરતાં પૂર્વાચાર્યોએ નિર્ણિત કરેલા વિધિથી કરવામાં આવેલ પુષ્ટ આલંબનરૂપ પ્રભુના ગુણોનું ગાન અનંતગણું ફળદાયક થાય છે.

આ ન્યાયે આજકાલ નાટકના રાગરાગણીમાં ગવાતા ધર્મશાસ્ત્રના અલ્પ જ્ઞાનવાળા મનુષ્યોએ બનાવેલાં સ્તવનો બોલવાનો પ્રચાર વધી પડયો છે તે ઇચ્છવા યોગ્ય નથી. આ સ્તવનોમાં ધાર્મિક જ્ઞાન, કાવ્યચમત્કૃતિ, પદલાલિત્ય, અર્થગૌરવ, ઉત્તમ બોધ, અધ્યાત્મિક ભાવ વિગેરે કંઇ નજરે પડતાં નથી, એટલુંજ નહિં પણ આ સ્તવનો ગાતી વખતે તે તે રાગના શૃંગાર વિષયક નાટકોના ગાયનોમાં એકદમ ચિત્ત દોરાઇ જાય છે, અને તેથી હૃદયશુદ્ધિના અભાવે ભાવની વૃદ્ધિ થતી નથી. શ્રીમાન્ આનંદઘનજી, યશોવિજયજી, દેવચંદ્રજી, મોહનવિજયજી આદિ વિદ્વાન્ સાધુજનો કૃત સ્તવનો એટલા બધા ખુબીવાળાં અને આલ્હાદકારી જણાય છે કે તે બોલતી વખતે કોઇ જુદાજ પ્રકારનો આત્મિક અનુભવ થઇ અનન્ય આનંદ ઉદ્ભવે છે. તાદાત્મ્ય વૃત્તિથી થતું ગુણગાનજ ચિત્તની પ્રસન્નતાને જન્મ આપે છે. ચિત્તની પ્રસન્નતા વગરની પૂજા યોગ્ય ફળ આપવાવાળી થતી નથી. આ સંબંધમાં શ્રીમદ્ આનંદઘનજીના શબ્દો ખાસ લક્ષ્યમાં લેવા જેવા છે—હૃદયમંદિરમાં સુવર્ણ અક્ષરે કોરી રાખવા જેવા છે.

'ચિત્ત પ્રસન્નેરે પૂજન ફળ કહ્યુંરે, પૂજા અખંડિત એહ:
કપટ રહિત થઇ આતમ અર્પણારે, આનંદઘન પદ એહ.
ઋષભ જિનેશ્વર પ્રિતમ માહરારે.'

જિનવંદન--જિનપૂજન ઘણાજ શાન્ત ચિત્તથી કરવાનું છે. પરમ શાંતરસપોષક શ્રી જિનેશ્વર ભગવાનની પ્રતિમા જિનમંદિરમાં સર્વત્ર શાન્તિનું રાજ્ય પ્રવર્તાવે છે. તેમાં આપણે ધમાધમ કરી—ગડબડ કરી કોઇ પણ પ્રકારનો વિક્ષેપ નાંખવો જોઇએ નહિં. પર્વના દિવસે તેમજ મોટા તીર્થસ્થળે ચિત્તની શાન્તિ જ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ળવાઈ રહે તેવી રીતનું વર્તન જિનમંદિરમાં રાખવું જોઈએ. અમુક સમય સંપ્રદાયના દર્શનની પદ્ધતિ વૈષ્ણવ મંદિરમાં હોવાથી પુરૂષ અને સ્ત્રીઓના એકત્ર સંમેલનથી—પરસ્પર સંઘટ્ટથી કવચિત જે અવ્યવસ્થા થતી સાંભળવામાં આવે છે તેમ જિનમંદિરમાં નહિં થવા દેવા માટે સંપૂર્ણ સાવચેતી રાખવાની જરૂર છે. મર્યાદા ન જળવાય તેવી રીતે, અવિવેકથી કરવામાં આવતી ધાર્મિક ક્રિયા કવચિત પુણ્યને બદલે પાપબંધ કરાવે છે, એમ ચોક્કસ સમજી ઉતાવળ નહિં કરતાં શાન્તિથી પ્રભુપૂજા કરવાની પ્રવૃત્તિ રાખવી આવશ્યક છે. બને ત્યાંસુધી શારિરીક અગર સાંસારિક અગવડતા વેઠીને પૂજા કરવા માટેનો વખતજ એવો પસંદ કરવો કે પૂજામાં પરમશાન્તિ જળવાય. દેવમંદિરમાં તો વિવેકશૂન્યતા અવશ્ય તજવા યોગ્યજ છે.

ભાવપૂજામાં—પ્રભુ સ્તુતિમાં—પ્રભુના ગુણ ગાવામાં—સ્તવન બોલવામાં આપણી પ્રવૃત્તિ એવા પ્રકારની હોવી જોઈએ કે તેથી ભાવપૂજામાં પ્રવૃત્ત અન્ય શ્રાવક બંધુને ક્રોધિત અગર ખેદિત થવાનું કારણ મળે નહિં. મ્હોટો રાગડો તાણીને—હાકેટા પાડવાથી કંઈ વિશેષ લાભ નથી. શાન્તિવડે કાર્ય કરવાથીજ ચિત્તની એકાગ્રતા જાળવી શકાય છે. દજ્જરો ક્રિશ્ચિયનો દેવળમાં એકઠા થઈને શાન્તિથી જે બંદગી કરે છે, તેની સાથે પાંચ-સાત જણા ઘોંઘાટ કરતાં સ્તવનો બોલે છે તેને સરખાવીએ છીએ ત્યારેજ શાન્તિથી થતું કાર્ય કેવા ઉત્તમ પ્રકારનો આનંદ આપી શકે તેનો ખ્યાલ આવે છે.

જિનપૂજામાં ક્રમશઃ વૃદ્ધિ પામતા ભાવને એવા પ્રકારનો વેગ આપવો જોઈએ નહિં કે જેથી ફરીને વડીલો તરફ—ગુરૂજન તરફ યોગ્ય વિનય જાળવી શકાય નહિં. મર્યાદશીલ શ્રાવિકાઓએ આ વિષયમાં ખાસ ધ્યાન આપવાની જરૂર છે. દેવમંદિરમાં ખાસ કરીને તેમનું વર્તન એવી રીતનું શૃંગાર રસપોષક હાવભાવશૂન્ય રહેવું જોઈએ કે શિથિલ વૃત્તિના જૈન ભાઈઓનું ધ્યાન પણ તેમના તરફ આકર્ષાય નહિં. ચંચળ વૃત્તિવાળા પુરૂષોની કામવૃત્તિ જાગૃત થવાનો પ્રસંગ દૂર રાખવાની ગણત્રીએજ શાસ્ત્રકાર મહારાજાએ શ્રી દશવૈકાલીક સૂત્રમાં કહ્યું છે કે "જે જગ્યાએ સાધુ ઉતરે ત્યાં આગળ ચિત્રામણમાં ચિત્રેલી સ્ત્રીની મૂર્તિ પણ હોવી જોઈએ નહિં." કારણ કે અનાદિકાળના મોહાધ્યાસથી ચિત્રામણમાં ચિત્રેલી સ્ત્રીની મૂર્તિ પણ મોહ ઉત્પન્ન કરે છે. આ જોતાં દેરાસરોમાં સ્ત્રીઓની ચિત્રેલી મૂર્તિ શોભાવૃદ્ધિરૂપ લાભને બદલે હાનિકર્ત્તા છે. દેરાસરોમાં ચિત્તની વૃત્તિ અંકુશમાં રાખી શકાય તેવી રીતની પ્રવૃત્તિ રાખવી જોઈએ. સામાન્ય રીતે મન એટલું બધું ચંચળ છે કે તેને ચંચળ થવાનું કારણ મળતાં આપણ પામર જનોથી તેનાપર પૂરતો અંકુશ રાખી શકાતો નથી, તેથી તેવા પ્રસંગોથીજ બનતાં સુધી દૂર રહેવા પ્રયાસ કરવો લાભદાયક છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જિનપૂજનમાં ગ્રહસ્થોને જેટલી બાહ્ય શુદ્ધિની જરૂર છે તેટલી બલ્કે તેથી વિશેષ આંતર શુદ્ધિની જરૂર છે. બાહ્ય શુદ્ધિ તો માત્ર થોડી ક્ષણ પર્યંત જાળવી શકાય તેમ છે. કારણ કે શ્રીમાન્હરિભદ્રસૂરિ મહારાજા કહે છે કે—

जलेन देहदेशस्य, क्षणं यद्शुद्धिकारणं ।

પરંતુ ભાવશુદ્ધિ ઉત્પાદક ભાવ સ્નાનની વ્યાખ્યા આપતાં તેઓ જણાવે છે કે—

ध्यानांभसा तु जीवस्य, सदा यद् शुद्धिकारणं ॥

ધ્યાનરૂપી જળવડે કરવામાં આવતું ભાવસ્નાન આત્માની સર્વદા શુદ્ધિ જાળવી રાખે છે. જન્મમરણજન્ય અનંત દુઃખથી મુક્ત એવું મોક્ષપદ મેળવવાની ઇચ્છાવાળા સાધુજનોને અસંખ્ય જંતુઓનો નિષ્કારણ નાશ કરનાર બહિર્ સ્નાનનો તેટલા માટેજ નિષેધ કરવામાં આવેલ છે. અને રાગદ્વેષાદિક મહા વિકારથી ભરેલા મનનોજ અંતર મેલ ધોઇ સાફ કરવા સામ્ય વૃત્તિથી સદા તત્પર રહેવા ફરમાવેલ છે.

એક સ્થળે કહ્યું છે કે–' **અંતર મેલ મિટયો નહિ મનકો, ઉપર તન કયા ધોયારે;**' વળી બીજે સ્થળે પણ કહે છે કે–' **ધોબીડા તું ધોજે મનનું ધોતિયું રે.**' સર્વ કોઇ મનની શુદ્ધિ માટેજ આગ્રહ કરે છે.

ભાવશુદ્ધ ક્રિયાની ઉત્તમતા પ્રતિપાદન કરતા થકા શ્રીમાન્ યશોવિજયજી મહારાજે કહ્યું છે કે ' **શુદ્ધ ભાવને શૂનિ કીરિયા, બેહુમાં અંતર કેતોજી; જળહળતો સુરજને ખજુઓ, તાસ તેજમાં જેતોજી.**'

શુદ્ધ ભાવપૂર્વક કરેલી ક્રિયા જાજ્વલ્યમાન સહસ્ત્ર કિરણવંત સૂર્યના જેવી છે. જ્યારે શૂન્ય ભાવવાળી ક્રિયા રાત્રિને વિષે ખજુઓ ઉડે છે તેના જેવી છે. ઉપયોગ પૂર્વક યોગ્યકાળે થયેલી ક્રિયાજ સર્વોત્તમ ફળ દેવાવાળી થાય છે.

અધ્યાત્મિક જ્ઞાન, તત્ત્વબોધ, વિવેકઆદિ યોગ્ય ઉપાયોથી પ્રાપ્ત કરેલી હૃદયશુદ્ધિ દીર્ઘકાળ પર્યંત જાળવી શકાય છે અને તે અક્ષય સ્થિતિની પ્રાપ્તિ માટે મુખ્ય સાધનરૂપ થાય છે.

વળી આ સંબંધમાં અન્ય વિદ્વાન લેખક કથે છે કે—

( ગઝલ )

**જીને આપકું જોયા નહિં, મન મેલકું ધોયા નહિં;**
**દીલ ડાઘકું ખોયા નહિં, અંઘોલ કિયા સો કયા ભયા.**
**કુત્તા હોવે ધનપાલકા, ધંધા કિયા જંજાલકા;**
**હૃદયા ભયા ચંડાલકા, કાશી ગયા સો કયા ભયા.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વીતરાગ–નિરાગી દેવની પૂજાથી કાંઇ લાભ થવા સંભવ ખરો કે કેમ? એવી શંકા કરનારને, અને ગુણહિન જનોની અધમ ખુશામતથી પોતાનો સ્વાર્થ સાધનાર ક્ષુલ્લક જનોને, શ્રીમદ્ યશોવિજયજીકૃત શ્રી ધર્મનાથ સ્વામિનું થાશું પ્રેમ બન્યો છે રાજ, નીર્વહેશો તો લેખે; એ સ્તવન વાંચવા ખાસ ભલામણ કરવામાં આવે છે. નિર્ગુણી પુરૂષોની, રાજા મહારાજાઓની તેમજ શેઠ શાહુકારોની અછતા ગુણોને છતા તરીકે જણાવી મુગ્ધ જનો ખુશામત કરે છે, તેથી પણ પોતાનો સ્વાર્થ સાધી શકે છે; તો પછી સર્વ ગુણ સંપન્ન, અનેક ગુણ ગણાલંકૃત, મહાન્ શક્તિના ધણી વીતરાગ દેવની સ્તુતિથી કેટલો મહાન્ લાભ થઇ શકે તેનો ખ્યાલ બાંધવો મુશ્કેલ નથી. આટલા વિવેચનથી સ્પષ્ટ થઇ શકે છે કે, વિધિને વિષે તત્પર અને હર્ષથી ઉલ્લસિત મનવાળા શ્રાવકોએ પ્રતિદીન શ્રી જિનેશ્વર ભગવાનનું વંદન પૂજન કરવું અત્યંત આવશ્યક છે. કપાળમાં મોટો ગોળ ચાંદલો કર્યાથી કંઇ ખરૂં શ્રાવકત્વ પ્રગટ થઇ શકતું નથી, તેમજ સમ્યક્દર્શનધારી શ્રાવક બંધુઓનું કર્તવ્ય માત્ર બાહ્ય દેખાવ કર્યાથી પુરૂં થતું નથી. પરંતુ શાસ્ત્રકારોના ફરમાન મુજબ શુદ્ધ વર્તન રાખી દેવ ગુરૂની ભક્તિ કરવા વડેજ શ્રાવકત્વ સાર્થક થાય છે. જન મન રંજનાર્થેજ વિવેકી શ્રાવકભાઇઓ પ્રવૃત્તિ કરે એ ઇચ્છવા યોગ્ય નથી. પરંતુ સ્વકીય આત્માના કલ્યાણ નિમિત્તેજ આદર સહિત ક્રિયા કરે એ ઇષ્ટ છે. અપૂર્ણ.

# चंद राजाना रास उपरथी नीकळतो सार.

## પ્રસ્તાવના.

આ રાસ સંવત ૧૭૮૩માં પંડિત શ્રી મોહનવિજયજીએ રચેલો છે. થોડા વર્ષો અગાઉ આ રાસનો પ્રચાર આપણા વર્ગમાં બહુ વિશેષ હતો. તે વખતમાં તે ગુજરાતી ઝીણા ટાઇપમાં છપાયેલો હતો. ત્યાર પછી ભીમશી માણેકે તેને શુદ્ધ કરી શાસ્ત્રી ટાઇપમાં છપાવ્યો હતો. હમણાં તે રાસ અર્થ સહિત ગુજરાતી ટાઇપમાં છપાયો છે. આ રાસની હકીકત ઘણે ભાગે લોકોમાં જાણીતી છે. આ રાસના મુખ્ય પાત્ર ચંદરાજા, ગુણાવળી રાણી, પ્રેમલાલચ્છી ને ચંદરાજાની અપર માતા વીરમતિ એ ચાર છે. તે પૈકી વીરમતિ તેના ચરિત્રને લઇને બહુ જાહેર થયેલી છે. અત્યારે તેને અનુસરતા ચરિત્રવાળી સ્ત્રી પણ વીરમતિના ઉપનામથીજ ઓળખાય છે.

આ રાસનું વસ્તુ—કથા શરીર કેટલેક અંશે પ્રસિદ્ધ છતાં તેનું રહસ્ય ખેંચતી વખતે તેનું તાજું સ્મરણ કરાવવાની જરૂર રહે છે. તેથી શ્રીપાળ રાજાના રાસ ઉપરથી નીકળતા સારવાળા વિષયની જેમ દરેક પ્રકરણના પ્રારંભમાં તેનો કથા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિભાગ ટુંકામાં લખવામાં આવશે અને ત્યાર પછી તેનું રહસ્ય પ્રદર્શિત કરવામાં આવશે. થોડી પ્રસિદ્ધિવાળા ચરિત્રો કરતાં વધારે પ્રસિદ્ધિવાળું ચરિત્ર રહસ્ય સમજાવવા માટે વધારે ઉપયોગી થઇ પડે છે, તેમ ધારી પ્રથમ આ રાસ પસંદ કરવામાં આવેલ છે.

આ રાસનો મુખ્ય વિષય **શીળગુણ**ની પ્રાધાન્યતા સૂચવનારો છે, પરંતુ અવાંતર બીજા ઘણા વિષયો રહેલા છે. શત્રુંજય મહાતીર્થનું દ્રવ્ય સેવન પણ કેટલું બધું ઉપકારક થાય છે તે આ રાસમાંથી નીકળી શકે છે. તેટલા ઉપરથી પંડિત શ્રી **વીરવિજયજી** નવાણુ પ્રકારી પૂજામાં લાવ્યા છે કે—“ **દ્રવ્ય સેવનથી સાજા તાજા, જેમ કુકડો ચંદરાજા રે; એ તીરથ તારૂ.**” સ્ત્રી જાતિને આ રાસમાંથી ઘણું સમજવાનું મળી શકે તેમ છે. ગુણાવળીનું આખું ચરિત્ર સ્ત્રી જાતિમાટે ઉપયોગી છે. તેની થોડી પણ પતિની આજ્ઞા વિરૂદ્ધ કરેલી ભૂલ તેને કેટલું દુઃખ આપનારી થાય છે તે ખાસ ધ્યાન ખેંચવા લાયક છે. ચંદરાજા કૂકડો મટીને મનુષ્ય થયા પછી ગુણાવળીએ લખેલ કાગળ અને તેનો ચંદ રાજાએ આપેલ જવાબ એ બંને કાગળો સ્ત્રી જાતિએ કંઠે કરવા લાયક છે. તેવા ઉપયોગી હોવાને લીધેજ તે કાગળો જુદા પણ છપાએલ છે. પ્રેમલાલચ્છીનું ધૈર્ય પણ વખાણવા લાયક છે. પશુપણું પ્રાપ્ત થયા છતાં પણ ચંદરાજાની ઉદારતા ઢાંકી રહેતી નથી એ યાદ રાખવા જેવું છે. વીરમતિની ચંદરાજા પ્રત્યેની ક્રૂરતા ત્યાજ્ય હોવા સાથે સ્મરણમાં રાખવા લાયક છે. સ્ત્રી જાતિ શું ન કરે ? તે તેના પરથી સમજાય તેમ છે. આવી અનેક બાબતો આ રાસમાં રહસ્ય તરીકે સમાયેલી છે. તેને જુદી પાડીને વાંચનારા બંધુઓ પાસે રજુ કરવા માટેજ આ લેખ લખવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

આ રાસના કર્ત્તા મોહનવિજયજી **લટકાળા** કહેવાય છે. આ રાસની ઢાળોના રાગ અને તેની ઝડઝમક વખાણવા લાયક છે. તેને બરાબર વાંચનાર, શ્રોતાઓને સ્થિર કરી દે તેમ છે. રાસના કર્ત્તા પ્રારંભના દુહામાંજ મંગળાચરણ કર્યા પછી કહે છે કે—“ **મધુર કથા રચના મધુર, વકતા મધુર તિમ હોય: મધુર એ તો દ્યે મધુરતા, જો હોય શ્રોતા કોય.**” કથા મધુર, રચના મધુર અને વકતા મધુર છતાં પણ એ મધુરતા જો શ્રોતા મધુર હોય તોજ મધુરપણું આપે છે, અર્થાત મધુરની ત્રિપુટી મળ્યા છતાં મધુર ચતુષ્ટય પૂર્ણ થવા માટે શ્રોતા મધુરની પણ આવશ્યકતા છે. અમારે લેખને અંગે વાંચનાર બંધુ મધુર હોવાની જરૂર છે. જો તે લેખની મધુરતાનું આસ્વાદન કરી જાણે તોજ લેખ લખવાનો પ્રયાસ સફળ થાયછે.

કર્ત્તાએ રાસના પ્રારંભમાં મંગળાદિ ચતુષ્ટય કહેતાં પ્રથમ મંગળ પ્રકટ કરતાં શ્રી આદીશ્વર પ્રભુ, પુંડરિક ગણધર, સરસ્વતી દેવી અને ગુરૂ મહારાજને નમસ્કાર

For Private And Personal Use Only

કર્યો છે. ત્યાર પછી અભિધેય તરીકે ચંદરાજાનું ચરિત્ર જણાવી, પ્રયોજન પરમોત્કૃષ્ટ શીળગુણ શ્રોતાઓમાં પ્રકટ કરવાનું સૂચવ્યું છે. સંબંધ તો અનેક પ્રકારનો ઉપરથી સમજી લેવાનો છે. કર્ત્તા પ્રારંભમાંજ કહે છે કે—" આ કથા એવી રસિક છે કે તેના રસની આગળ અમૃતના રસની અધિકતા કહેવી કે પ્રકટ કરવી તે ફોકટ પ્રયાસ કરવા જેવું છે. " આવી રસિક કથા કહેતી વખતે યોગ્ય શ્રોતાઓની અપેક્ષા રહે એ સ્વાભાવિક છે. કારણકે વકતાના ઉત્સાહની વૃદ્ધિ પણ શ્રોતાઓ ઉપર આધાર રાખે છે. મૂર્ખ શ્રોતાઓ હોય છે તો કથાને સંકુચિત કરવાની વૃત્તિ થાય છે. અને સમજુ શ્રોતાઓ હોય છે તો કથાને વિસ્તૃત કરવાની વૃત્તિ થાય છે. લેખને અંગે વાંચકો શ્રોતાને સ્થાને હોવાથી તેમણે એ વાત ધ્યાનમાં રાખવાની છે.

આટલી ટુંકી પ્રસ્તાવના કરીને હવે શાંતગુણી ચંદરાજાનું ચરિત્ર જુદા જુદા પ્રકરણો પાડી ટુંકામાં પ્રકટ કરવામાં આવે છે. દરેક પ્રકરણને અંતેજ તેનું રહસ્ય પણ પ્રકટ કરવામાં આવશે કે જેથી વાંચકોને બહુ વખત સુધી કથા સ્મરણમાં રાખવાની જરૂર રહેશે નહિ, પરંતુ રહસ્ય સમજાયા પછી કથા સ્મરણમાંથી ખસશેજ નહિ, એ ચોક્કસ સમજવું. રહસ્ય લખવાની મતલબ તો વાંચનારા બંધુઓ સમજતા હોવાજ જોઇએ, છતાં જણાવવાની જરૂર પડે છે કે બતાવેલા રહસ્ય પૈકી ત્યાજ્ય ભાગ તજી દઇ, જ્ઞેય ભાગ મગજમાં દાખલ કરી, અનુકરણિય ભાગનું યથાશકિત અનુકરણ કરવું કે જેથી લેખન પ્રયાસ સફળ થાય. ઇત્યલં.

કથા પ્રારંભ.

## પ્રકરણ પહેલું.

ચૌદ રાજલોક પ્રમાણ ત્રણ લોકના મધ્યમાં તિર્છાલોક રહેલો છે. તે લાંબો પહોળો એક એક રાજપ્રમાણ છે અને ઉર્દ્ધ અધો મળીને ૧૮૦૦ યોજન પ્રમાણ છે. તેના મધ્યમાં જંબુ નામનો દ્વીપ એક લાખ યોજનના પ્રમાણવાળો થાળીને આકારે છે. તેની ફરતા અસંખ્યાતા દ્વીપ સમુદ્રો બધા વલયાને આકારે છે. તે જંબુદ્રીપ ઉત્તરકુરૂ ક્ષેત્રમાં આવેલા જંબુ વૃક્ષવડે સુશોભિત છે. તે વૃક્ષના નામપરથીજ દ્વીપનું નામ પણ જંબુ કહેવાયેલ છે. ( અહીં જંબુ વૃક્ષનું વર્ણન છે. ) જંબુ દ્વીપની અંદર સાત મોટા ક્ષેત્રો છે, મધ્યમાં મેરૂ પર્વત છે અને છ વર્ષધર પર્વતો છે. દક્ષિણ દિશાને છેડે અષ્ટમીના ચંદ્રની આકૃતિવાળું ભરત નામે ક્ષેત્ર છે. તે સિદ્ધાચળ મહાતીર્થના સદ્દભાવવાળું હોવાથી સર્વ ક્ષેત્રોમાં અગ્રપદને ભોગવે છે. ભરત ક્ષેત્રના વૈતાઢ્ય પર્વત અને ગંગા સિંધુ બે મોટી નદીઓથી છ વિભાગ પડેલા છે. ગંગા સિંધુ એ બંને નદીઓને ચૌદ ચૌદ હજાર નદીઓ આવીને મળેલી છે. ભરત

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ક્ષેત્રની અંદર ૩૨૦૦૦ દેશો છે, તેમાં માત્ર ૨૫ાા દેશ આર્ય છે, બીજા અનાર્ય છે. ભરત ક્ષેત્રના છ ખંડ પૈકી દક્ષિણ બાજુના મધ્ય ખંડમાં પૂર્વ બાજુનો પ્રદેશ ઘણો રળિયામણો છે. સૂર્ય ચંદ્ર પણ ત્યાંથી ઉદય પામે છે. ચંદ્રમા તે પ્રદેશમાં સંચરે છે ત્યારેજ સોળ કળાવાળો થાય છે. ગંગા નામની પવિત્ર ગણાતી મહાનદી પણ તે દેશમાંજ સંચરેલી છે. તે દેશના મધ્ય ભાગમાં **આભાપુરી** નામની એક નગરી છે. પણ તે એવી સુશોભિત છે કે લંકાને અલકા પણ તેનાથી લજ્જા પામે છે.

આભાપુરી ચોરાશી ચૌટાવાળી છે. તેની ફરતો ઉંચો કિલ્લો છે. ઉત્તમ જનો તેમાં આવીને વસેલા છે. દાનેશ્વરીઓ પણ ઘણા છે. કૃપણ તો દેખાતાજ નથી. વ્યાપારીઓ ધનવાન છે, સ્ત્રીઓ રૂપવતી છે. અને અનેક જિનમંદિરાદિકથી તે નગરી વ્યાપ્ત છે. તે નગરીમાં **વીરસેન** નામે રાજા રાજ્ય કરે છે. તેને **વીરમતિ** નામે પટ્ટરાણી છે. એકદા તે નગરીમાં ઘોડાના સોદાગરો આવ્યા. તે અનેક જાતિના ઉત્તમ ઉત્તમ ઘોડાઓ વેચવા માટે લાવ્યા હતા. રાજાએ તેના તમામ ઘોડાઓ ખરીદ કરી લીધા. તે ઘોડાઓની અંદર એક બહુ સુશોભિત અશ્વ હતો. પણ તે વક્ર ગતિવાળો હતો. રાજા તેનાપર સ્વાર થઈને શિકાર માટે કેટલીક સેના સહિત વનમાં ગયો. ત્યાં ઘણા જીવોને આકુળ વ્યાકુળ કરી મૂકયા. એવામાં એક હરણ રાજાની નજરે ચડયું. રાજા તેની પાછળ થયો. હરણ પણ ફાળ ભરતું દોડયું. રાજાએ ઘણો પ્રયાસ કર્યો પણ તે હાથમાં આવ્યું નહિં. રાજા થાકયો એટલે અશ્વને ઉભો રાખવા લગામ ખેંચવા માંડી, તેમ તેમ તો તે વધારે દોડવા લાગ્યો. તે ઘોડાને અવળી રીતે શિક્ષા આપેલી હોવાથી ખેંચી રાખવાનો પ્રકાર તેને દોડાવનાર થઇ પડયો. લશ્કર બહુ છેટે રહી ગયું. અશ્વે તો ઘણી જમીન ઉલ્લંઘન કરી. એવામાં રાજાએ એક મનોહર પુષ્કરણી દૂરથી દીઠી અને તેની પાસે એક મોટું વડનું ઝાડ દીઠું. રાજાએ ધાર્યું કે જો એ ઝાડ નીચે અશ્વ આવે તો હું ઝાડની ડાળીને વળગી પડું અને અશ્વને છોડી દઉં. ભાગ્યયોગે તેમજ બન્યું. રાજા ડાળીને વળગ્યો એટલે લગામ મોળી પડવાથી અશ્વ પણ ઉભો રહ્યો. રાજા આશ્ચર્ય પામ્યો. તે વખતે અશ્વ વક્રશિક્ષિત હોવાની રાજાને ખબર પડી.

પછી રાજાએ ઘોડાને ઝાડ સાથે બાંધ્યો અને પોતે પુષ્કરણીમાં ઉતર્યો. તેનાં પગથીઆં સ્ફટિકના બાંધેલાં હતાં. જળ શીતળ અને નિર્મળ હતું. રાજાએ જળપાનાદિ કરીને શ્રમ દૂર કર્યો. પછી તે ચારે બાજુ ફરી ફરીને જોવા લાગ્યો. એવામાં તેણે એક મોટી જાળી દીઠી. અંદર નજર કરી તો પગથીઆંની શ્રેણી દીઠી. એટલે રાજા જાળી ઉઘાડીને અંદર પેઠો. હાથમાં ખડ્ગ રાખી નિર્ભયપણે આગળ ચાલ્યો. કેટલાંક પગથીઆં ઉતર્યો એટલે અંદર પાતાળમાં મોટું વિસ્તારવાળું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વન રાજાના જોવામાં આવ્યું. રાજાની સાથે ધૈર્ય, ધર્મ, પુણ્ય ને પુરૂષાર્થ એ ચાર મિત્રો હોવાથી રાજા નિઃશંકપણે આગળ વધ્યો. તેવામાં કોઇ કન્યાનો સ્વર તેને કાને પડયો. તે સાંભળીને રાજા વિસ્મય પામી વિચારવા લાગ્યો કે “ આવા અસરાળ પાતાળમાં આ વન શું ? અહીં કન્યા કયાંથી ? અને તેના સ્વરમાં કરૂણાનો પ્રતિભાસ થાય છે તેનું શું કારણ ?” આ પ્રમાણે વિચારીને તે તરતજ શબ્દને અનુસારે ચાલ્યો. ખડ્ગ પણ મ્યાનમાંથી બહાર કાઢયું. થોડેક ચાલતાં જ્યાંથી સ્વર આવતો હતો ત્યાં આવીને રાજા ઉભો રહ્યો.

રાજા જુએ છે તો ત્યાં એક યોગી બેઠો છે, આંખો મીંચેલી છે, હાથમાં જપમાળા છે, આગળ કુસુમ ધૂપાદિ પૂજાની સામગ્રી પડી છે, સમીપમાં અગ્નિનો કુંડ છે, તેમાં અગ્નિ જાજ્વલ્યમાન બળે છે, કુંડની નજીકમાં એક ઉઘાડી તરવાર પડી છે, બીજી બાજુ મજબુત બંધને બાંધેલી એક કન્યા બેઠી છે, તે રૂદન કર્યા કરે છે અને મુખથી એમ કહે છે કે “ હે આભાપુરીના ભૂપતિ ! આ કન્યાની વહાર શિઘ્ર કરો, નહિ તો આ યોગી અગ્નિકુંડમાં મારૂં બળિદાન આપશે. ” આ પ્રમાણેના પોતાના નામ સહિત બાળિકાના શબ્દો સાંભળી રાજાએ તેને સાન કરી અને યોગી ન જાણે તેમ પેલું ખડ્ગ લઘુલાઘવી કળાએ ઉપાડી લીધું. પછી યોગીને બોલાવ્યો. “ અરે નિર્દય ! નિર્લજ્જ ! પાપી ! દુષ્ટાત્મા ! ઉઠ, ઉભો થઇ જા. આ નિર્દોષ બાળિકાને છોડી દે ને મારી સામો થા. મારા આવ્યા પછી આ કન્યાનું બળિદાન તો શેનુંજ દેવાય પણ હું તને હવે જીવતો છોડવાનો નથી. ” રાજાના આવા શબ્દો સાંભળીને ભયભ્રાંત થયેલો યોગી એકદમ ઉભો થયો, અને માત્ર કોપીનભર ત્યાંથી મુઠી વાળીને ભાગી ગયો. શરીરની કુશળતા ચાહીને તેણે ધ્યાનનો આડંબર તજી દીધો. રાજાએ તેની પુંઠ ન પકડતાં યોગી જાણીને જવા દીધો. તેની પૂજન સામગ્રી બધી લઇ લીધી. પછી કન્યાના બંધન છોડી તેને આદર પૂર્વક પૂછયું કે “હે નિરૂપમ રૂપવાળી રાજપુત્રી ! તું કયા રાજાની પુત્રી છું ? આ યોગીના કબજામાં તું શી રીતે આવી પડી ? અને આભાપુરીનો રાજા તારો પ્રીતિપાત્ર શી રીતે થયેલો છે ? આ હકીકત મારો ભય રાખ્યા શિવાય નિઃશંકપણે કહે. ”

વીરસેન રાજાના પ્રશ્નોનો ઉત્તર દીધા અગાઉજ વિચક્ષણ બાલિકા તરતજ તે આભાપુરીના રાજા છે એમ સમજી ગઇ, એટલે કાંઇક લજ્જા ધારણ કરી નીચું મુખ રાખીને મર્યાદા પૂર્વક બોલી કે—“ હે સ્વામી ! આભાપુરીથી પચવીશ યોજન દૂર **પદ્મપુરી** નામે નગરી છે. ત્યાં **પદ્મશેખર** નામે રાજા છે. તેને **રતિરૂપા** નામે પટ્ટરાણી છે. તેની **ચંદ્રાવતી** નામે હું પુત્રી છું. જૈન ધર્મ મને પ્રિય છે, અને હું તેનું આરાધન કરૂં છું. હું બાળવય અતિક્રમીને યૌવનવય પામી એટલે મારા પિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તાને મારા વર સંબંધી ચિંતા ઉત્પન્ન થઇ. અન્યદા એક નિમિત્તિયા આવ્યો, તેને મારા પિતાએ મારા વિષે પૂછ્યું, એટલે તે બાલ્યો કે "આભાનગરીના રાજા તમારી પુત્રીનો પતિ થશે." આ વાત સાંભળી મારા માતાપિતાહર્ષિત થયા. હું પણ પતિનું નામ ઠામ જાણવાથી ખુશી થઇ. મારા પિતાએ સારી રીતે સત્કાર કરીને નિમિત્તિયાને વિસર્જન કર્યો.

એકદા હું નદી કિનારે જળક્રિડા કરવા સખીઓ સાથે ગઇ હતી. તેવામાં આ કુટિલ જોગી ત્યાં આવ્યો. તેણે ઇંદ્રજાળ વડે મને મોહ પમાડી, સખી વર્ગની દૃષ્ટિ બાંધી લઇ, મને અપહરી અને આ વાવ પાસે લાવી જાળીદ્વારા અંદર ઉતારી. ત્યાર પછી તે જાપ કરવા બેઠો. હું તેની મતલબ સમજી ગઇ એટલે ભય પામીને રૂદન કરવા લાગી. ખરે વખતે આપ આવી પહોંચ્યા અને મને ઉગારી. પણ હે ગુણ-સાગર! તમે પોતાની સ્રીને ઉગારી તેમાં કાંઇ ઉપકાર કર્યો નથી. વળી હું કાંઇ યાચક નથી, જો યાચક હોત તો તમારો યશવાદ બોલત. કદિ તમે મને પૂછશો કે મેં આ-પને ઓળખ્યા કેમ? તેનો જવાબ એટલોજ છે કે મેં આચરણથીજ આપને ઓ-ળખી લીધા છે, કેમકે આવે કષ્ટને વખતે પતિ વિના બીજું કોણ આવી પહોંચે અને પ્રાણસંકટમાંથી બીજું કોણ છોડાવે?"

આ પ્રમાણેની તે કન્યાની હકીકત સાંભળીને વીરસેન રાજા બહુ ખુશી થયા. તેણે તેની પ્રશંસા કરી અને તેને આગળ કરી વનભૂમિ ઉલ્લંઘી સોપાનપંક્તિ ચડી જાળીદ્વારે પુષ્કરણીમાં આવ્યા. અને ત્યાંથી બહાર નીકળ્યા. તેવામાં પાછળ પડેલું લશ્કર પણ પગલે પગલે ત્યાં આવી પહોંચ્યું. સર્વ સેનાએ રાજાને પ્રણામ કર્યા પછી અગ્રણી સુભટોએ રાજા પ્રત્યે કહ્યું કે "આપે આમ એકલા શિકાર માટે ચાલ્યા આવવું નહિ, કારણ કે જગતમાં રત્નો તો યત્નપૂર્વક જાળવી રાખવા યોગ્યજ હોય છે. વળી સજ્જન કરતાં દુર્જન વધારે હોય છે, આપ તો મોટા ભાગ્યશાળી છો, તેથી આપના તો કષ્ટ માત્ર દૂર જાય અને સંપત્તિ અણધારી પ્રાપ્ત થાય, પરંતુ અમો સેવકના મનને ધૈર્ય રહી શકે નહિ. હે સ્વામી! આપને કુશળ ક્ષેમ જોવાથી અમે સહુ નવું જીવન પામ્યા છીએ. પરંતુ આપ એકલા પધાર્યા હતા, અને અત્યારે સાથે આ કોઇ સ્રીરત્ન જણાય છે-તો તે કોણ છે? તે કૃપા કરીને કહો." રાજાએ તેના ઉત્તરમાં પોતાની વીતક વાત બધી કહી સંભળાવી. તે સાંભળીને બધા સામંતો બહુ ખુશી થયા. પછી તે રાજકન્યા સહિત વીરસેન રાજા પોતાની નગરીમાં આવ્યા.

વીરસેન રાજાએ તરતજ મુદ્દામ માણસો મોકલીને પદ્મશેખર રાજાને ખબર આપ્યા કે "તમારી પુત્રી ચંદ્રાવતી અહીં આવેલ છે, તે આપને મળવાને અત્યંત આતુર છે, માટે શિઘ્ર તેને મળવા માટે અહીં પધારો." આ ખબર પદ્માપુરી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પહોંચતાંજ પદ્મશેખર રાજા તત્કાળ પોતાની પુત્રીને મળવા આભાપુરી આવ્યા. પિતા પુત્રી મળ્યા, તેની પાસેથી બધી હકીકત સાંભળી. પછી પદ્મશેખર રાજાએ વીરસેન રાજાને કહ્યું કે "તમે અમારાપર મોટો ઉપકાર કર્યો છે, તમારા ઉપકારનો બદલો અમારાથી બીજી રીતે વાળી શકાય તેમ નથી, માટે આ મારી પુત્રીનું પાણિગ્રહણ કરી અમને નિશ્ચિંત કરો. આ કન્યા પ્રથમ નિમિત્તિયાના વચનથીજ અમે તમને આપી ચુકેલ છીએ." વીરસેન રાજાએ તેનો ઘણોજ આગ્રહ હોવાથી તે વાત સ્વીકારી. પછી સારો લગ્ન દિવસ જોવરાવીને તેનું પાણિગ્રહણ કર્યું. આખું શહેર–માત્ર એક વીરમતિ શિવાય–રાજી થયું. ઘેર ઘેર મહોત્સવ પ્રવર્ત્યો. પદ્મશેખર રાજા પણ પુત્રીને પરણાવી વીરસેન રાજાની રજા લઇ પોતાને નગરે પાછો ગયો.

અહીં વીરસેન રાજા ચંદ્રાવતીની સાથે આનંદ પૂર્વક સુખભોગ ભોગવવા લાગ્યા. દિવસે દિવસે સ્નેહ વૃદ્ધિ પામવા લાગ્યો. વીરમતિ પોતાના ચિત્તમાં શોકયપણાનો સંબંધ ચિંતવીને નિરંતર ચંદ્રાવતીની ઇર્ષ્યા કરવા લાગી. ચંદ્રાવતી તો તદ્દન સરલ હોવાથી તેને બહેન તુલ્યજ માનવા લાગી. પોતે નિષ્કપટી હોવાથી નિરંતર પતિનું મન જાળવીને આનંદમાં રહેવા લાગી. પતિનો પૂર્ણ પ્રેમ હોવાથી તેને અપૂર્વ આનંદ થવા લાગ્યો. અન્યદા કોઇ પુણ્યવંત જીવ ચંદ્રાવતીના ઉદરમાં આવીને ઉત્પન્ન થયો. તે રાત્રિએ તેને ચંદ્રનું સ્વપ્ન આવ્યું. રાજા તે હકીકતથી ઘણો પ્રસન્ન થયો. પ્રીતિ વૃદ્ધિ પામવા લાગી. ગર્ભનું સારી રીતે પ્રતિપાલન કરતાં ગર્ભસ્થિતિ પૂર્ણ થયે પુત્રનો પ્રસવ થયો. આખા શહેરમાં હર્ષ વિસ્તાર પામ્યો. રાજાએ અનેક અર્થી જનોને સંતોષ પમાડ્યો. સજ્જનોને પણ પ્રીતિદાન આપ્યું. અનુક્રમે બારમે દિવસે સજ્જનોની સમક્ષ ચંદ્રના સ્વપ્ન અનુસારે પુત્રનું ચંદ્રકુમાર નામ સ્થાપન કર્યું. દિવસે દિવસે ચંદ્રની જેમ ચંદ્રકુમાર વૃદ્ધિ પામવા લાગ્યો.

અહીં પ્રથમ પ્રકરણ સંપૂર્ણ થાય છે. અહીં સુધીની હકીકતમાંથી સાર શું ગ્રહણ કરવા લાયક છે, તે વિચારીએ ને પછી બીજા પ્રકરણની શરૂઆત કરીએ.

## પ્રથમ પ્રકરણનું રહસ્ય.

પ્રારંભની હકીકત રાજાઓ અશ્વ ખરીદ કરવામાં ઉદાર દીલના હોય છે, અને તેનો ઉપયોગ મૃગયાદિ ક્રિડામાં કરે છે તે બીના પુરી પાડે છે. પરંતુ તે અશ્વો માંહે એક અશ્વ આકૃતિએ સર્વ કરતાં સુંદર છતાં વક્રશિક્ષિત હતો તે આપણને એક જાતનું નવું શિક્ષણ પુરૂં પાડે છે. આ જગતમાં તે અશ્વની જેમ કેટલાક મનુષ્યો પણ વક્રશિક્ષિત અથવા વક્રગતિવાળા હોય છે, કે જેઓ દરેક કાર્યમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

[redacted] જુએ છે, પોતાનો કક્કો ખરો કરવામાંજ પરાક્રમ માને છે, શિખામણુ આપવાથી ઉલટા વધારે વક્ર થાય છે, અને જેમ જેમ તેને ધીમા પાડવા માટે ખેંચી રાખો, ધીમા પડવા-શાંત રહેવા કહો તેમ તેમ વધારે જોર પકડે છે. તેવા માણુસો તો વક્રગતિવાળા અશ્વની જેમ જ્યારે થાકે છે અને તમે તેની લગામ છોડી દો છો અર્થાત્ તેની ઉપેક્ષા કરો છો ત્યારેજ કાંઇક ઠંડા પડે છે; તે શિવાય ઠંડા પડતા નથી.

રાજાને શ્રમિતાવસ્થામાં જેવું પુષ્કરણીનું જળ શીતળ અને મિષ્ટ લાગે છે, તેવુંજ દુઃખી સ્થિતિવાળાને દિલાસા માટે કહેલ વચનરૂપી જળ શાંત્વન આપનાર થાય છે. રાજાઓને ચોતરફ બારીક નજરે તપાસ કરવાની-જોવાની ટેવ હોય છે, તેજ પ્રમાણે વીરસેન રાજા પણ જુએ છે અને તેથી ત્યાં એક જાળી દેખે છે. તેમાં પ્રવેશ કર્યા બાદ કોઇ સ્ત્રીનો કરૂણ સ્વર સાંભળીને બીજાં કાર્ય માત્ર અથવા ચારે બાજુ જોવાની સુંદર વનશોભાને પડતી મૂકીને રાજા તે તરફ વગર વિલંબે જાય છે. અહીં ખરો ક્ષત્રી ધર્મ પ્રગટ થાય છે. અણુજાણી જગ્યામાં સામાનું પરાક્રમ જાણ્યા શિવાય એક અબળાને, કોઇ પણુ દુઃખીને દુઃખમાંથી છોડાવવાનો તે પોતાનો ધર્મ સમજે છે, અને તેથી ધ્યાનમાં બેઠેલા જોગી પાસેથી ખડ્ગ ઉપાડી લઇ તેને વચન માત્રથીજ ભય બતાવે છે. ઉપરથી શૂરવીરપણાનો ડોળ ઘાલનાર જોગી આવા ખરા ક્ષત્રીવટનાં વચનો પાસે ટકી શકતો નથી અને જીવ લઈને ભાગી જાય છે. ખરા પાસે ખોટું આટલુંજ નભે છે; વધારે નભી કે ટકી શકતું નથી. રાજા મોટા દિલવાળો હોવાથી તેને જતો કરે છે. ઉદાર મનવાળા પુરૂષો ઘણી વખત સામો માણુસ સપડાયો હોય છે છતાં મનની ઉદારતાને લઇને તેને આ પ્રમાણેજ જતો કરે છે.

રાજા કન્યાને તેની હકીકત પૂછે છે. કન્યા કહે છે અને તેમાં આભાપુરીના રાજાને ઓળખી કાઢવામાં વાપરેલી વિચક્ષણુતા બતાવી આપે છે. રાજા તેને લઇને તરતજ બહાર આવે છે, તેનું કારણ એ છે કે વિચક્ષણુ પુરૂષો અણુજાણી જગ્યામાં વિના કારણુ વધારે વખત રોકાતા નથી, કારણુ કે તેમાં કવચિત્ ઉપદ્રવ થવાનો સંભવ રહે છે. પાછળ પડેલી સેના રાજાને મળી આવે છે અને તે રાજાને એકલા ચાલ્યા જવા માટે પ્રીતિ ભરેલો ઠબકો આપે છે. રાજા સાથે કન્યા રત્નને જોઇને તે અચંબો પામે છે, તેની હકીકત પૂછે છે, રાજા કહી બતાવે છે, અને પછી સૌ આભાપુરી આવે છે.

હવે રાજા વ્યવહાર દક્ષતા બતાવે છે. ચંદ્રાવતીના પિતાને તેની પુત્રીને મળવા તેડાવે છે, તે આવે છે, પિતા પુત્રી મળે છે અને પદ્મશેખર રાજા પોતાની પુત્રીને પરણુવા માટે વીરસેન રાજાને આગ્રહ કરે છે. રાજાને 'ભાવતું હતું ને વૈદે કહ્યું'

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એમ થાય છે, જેથી તે આગ્રહને માન્ય કરે છે અને શુભ લગ્ને તેની સાથે પાણિગ્રહણ કરે છે. આ પ્રસંગે એક વીરમતિ શિવાય સૌ ખુશી થાય છે. વાત પણ બરાબર છે, કેમકે બીજાને કાંઇ ખોટ ગઇ નથી કે કોઇ નાખુશ થાય. પણ વીરમતિને તો ખોટ ગઇ છે. પતિસુખમાં-રાજ્યના સુખોપભોગમાં અડધો ભાગ પડાવનાર આવે છે એટલે તેને ખોટ જાય છે તેથી તે નાખુશ થાય તેમાં નવાઇની વાત નથી. આ તો વીરમતિ છે, આ કાંઇ ચંદ્રોદર રાજાની સ્ત્રી કલાવતી નથી. કદિ રૂક્મિણિ સાથે તેને મેળવો તો કાંઇક મળી શકે તેમ છે. પરંતુ રૂક્મિણિ આના કરતાં સારી હતી, તે વીરમતિનું ચરિત્ર આગળ વાંચશો ત્યારે ધ્યાનમાં આવશે.

શોકય ઉપર ઈર્ષ્યા લાવવી એ તો સહજનીજ વાત છે. નહિ ઈર્ષ્યા કરનાર કળાવતી જેવી સાધ્વી સ્ત્રીઓ તો કવચિતજ દૃષ્ટિએ પડે છે. તેનું ચરિત્ર ગત્ વર્ષના પાછળના અંકોમાં વાંચી ગયા છીએ તે અહીં યાદ લાવવા યોગ્ય છે. ઈર્ષ્યાનું ફળ પ્રાયે ઈર્ષ્યા કરનારનું અનિષ્ટ થવામાંજ આવે છે. અહીં પણ તેમજ થાય છે. વીરમતિ જેમ-જેમ ઈર્ષ્યા કરે છે તેમ તેમ રાજાનો સ્નેહ ચંદ્રાવતીના પર વધતો જાય છે અને તેને પરિણામે સ્ત્રી પુરૂષના સ્નેહરૂપ વૃક્ષને ફળ બેસે છે. અર્થાત્ ચંદ્રાવતી ગર્ભ ધારણ કરે છે અને પુત્રનેજ પ્રસવે છે. હવે તો વીરમતિના ચારે હાથ હેઠે પડે છે, કારણકે આજસુધી તો પતિના સુખમાં અને રાજસુખના ઉપભોગમાં ભાગ પડાવનારજ આવી હતી પણ હવે તો ભવિષ્યમાં રાજ્યનો માલેક થનાર આવે છે એટલે તેના ઈર્ષ્યારૂપ અગ્નિકુંડમાં ઘૃતની આહુતિ અપાય છે. ઈર્ષ્યાનળ વૃદ્ધિ પામે છે. હવે તે અગ્નિ કોનું દહન કરે છે તે આગળ આવે છે. હમણાં તો ચંદ્રના સ્વપ્નવડે સૂચિત રાજપુત્રનું તદનુસાર ચંદ્રકુમાર નામ પાડવામાં આવે છે અને દ્વિતીયાના ચંદ્રની જેમ તે વૃદ્ધિ પામતો જાય છે એટલે સુધી વાત આવે છે.

પાટવીકુમારના જન્મથી રાજારાણીને આનંદ થાય છે એટલુંજ નહિ પણ તે આનંદમાં ભાગ લેવા માટે પ્રજા વર્ગને પણ રાજા આનંદિત કરે છે. અનેક પ્રકારના કરો વિગેરે ઘટાડીને, બંદીવાનોને છોડી દઈને, સજ્જનોનો યથાયોગ્ય સત્કાર કરીને અને યાચકોને દાનવડે સંતોષ પમાડીને-સૌને એક સરખા હર્ષિત કરે છે. ખરા સજ્જનોની એજ રીતિ છે.

પહેલા પ્રકરણમાંથી નીકળતો સાર અહીં સમાપ્ત થાય છે. હવે બીજું પ્રકરણ શરૂ કરવામાં આવે છે. અપૂર્ણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# साधुपद अनुसरण–षष्ठ सौजन्य.

( લેખક–મોતીચંદ ગીરધરલાલ કાપડીઆ. સોલીસીટર )

પાંચ વરસ પહેલાં આ માસિકના પુસ્તક ૨૨ માના મુખપૃષ્ટપર એક શ્લોક મૂકવામાં આવ્યો હતો. તેમાં સજ્જનતાનાં બાર લક્ષણો બતાવ્યાં હતાં. એ બાર લક્ષણો તથાતેને બતાવનારો શ્લોક ફરીને વાંચનારાઓને યાદ આપવો યોગ્ય છે. તે શ્લોક નીચે પ્રમાણે હતો.

तृष्णां छिन्धि भज क्षमां जहि मदं पापे रतिं मा कृथाः,
सत्यं ब्रूह्यनुयाहि साधुपदवीं सेवस्व विद्वज्जनान् ।
मान्यान् मानय विद्विषोऽप्यनुनय प्रच्छादय स्वान् गुणान्,
कीर्तिं पालय दुःखिते कुरु दयामेतत्सतां लक्षणम् ॥

ઉકત બાર લક્ષણો શ્લોકાનુસાર નીચે પ્રમાણે છે—

તૃષ્ણાછેદ. ક્ષમાધારણ. મદત્યાગ. પાપભીરૂતા.
સત્યવચનોચ્ચાર. સાધુપદ અનુસરણ. વિદ્વાનોની સેવના.
માન્ય પુરૂષોને યોગ્ય સન્માન. શત્રુનો પણ અનુનય. સ્વગુણપ્રચ્છાદન.
કીર્તિપાલન. દુઃખીપર દયા.

સૌજન્યનાં આ બાર લક્ષણો છે. એ લક્ષણો પર લાંબો સમય વ્યતિત થયેલો હોવાને લીધે ધ્યાન ખેંચવાનું આવશ્યક ધાર્યું છે. એ બાર લક્ષણો પૈકી પ્રથમના પાંચ લક્ષણોપર આ માસિકમાં પ્રસંગોપાત વિવેચન કર્યું છે. આજે સાધુપદ અનુસરણ નામના છઠ્ઠા લક્ષણપર વિચાર કરીએ.

જ્યાં સુધી આ જીવને વસ્તુસ્વરૂપનો યથાસ્થિત બોધ થતો નથી ત્યાં સુધી તે અસત્ પરિણતિમાં રહી કાળ નિર્ગમન કરે છે. બોધ થતાં થતાં ધીમે ધીમે તે શુદ્ધ માર્ગપર આવતો જાય છે. એ વખતે એનામાં માર્ગાનુસારીના ગુણો વ્યક્ત થાય છે. એને માટે શાસ્ત્રકાર પાંત્રીશ લક્ષણો બતાવે છે. એ સર્વ લક્ષણોપર આ માસિકમાં તંત્રીની કલમથી અગાઉ સારી રીતે વિવેચન થઇ ગયું છે. એ સર્વ લક્ષણો બહુ મનન કરવા યોગ્ય છે. બહુધા વ્યવહાર અને વર્તન શુદ્ધ થઇ જાય તેવા તે ગુણો છે. એ ગુણોથી જીવ ઉન્માર્ગગામી મટી જઇને માર્ગપર આવી જાય છે અને સાધ્યની સમીપ આવતો જાય છે. એ માર્ગનું બરાબર પાલન કરવાથી કોઇવાર તેને સાધ્યનું બહુ દૂરથી દર્શન થાય છે, આત્મતત્વનું દર્શન થાય છે અને ક્લિષ્ટ કર્મોનો વિભાગ પડે છે, તે વખતે તે અશુદ્ધ કર્મોના એક વિભાગને પ્રદેશોદયથી ભોગ-

For Private And Personal Use Only

વી પૂર્વે કદિ નહિ ભોગવેલી અને ગાજમાવેલી એવી શકિત વાપરી ( અપૂર્વ કરણ કરી ) બહુ સૂક્ષ્મ કાળમાં શુદ્ધ દેવ ગુરૂ ધર્મનું સ્વરૂપ પામી જઇ અવિરતિ સમ્યગ્ દૃષ્ટિની દશામાં આવે છે. એ યથાપ્રવૃત્તિ કરણ, અપૂર્વ કરણ અને અનિવૃત્તિ કરણનું સ્વરૂપ શાસ્ત્રકારે બહુ સૂક્ષ્મ રીતે બતાવ્યું છે. અત્રે તે અપ્રસ્તુત છે તેથી તેપર વિવેચન કરવામાં કાળક્ષેપ ન કરતાં વિશેષ રૂચિવંતને[1] અન્ય ગ્રંથોથી તે વાંચી લેવા ભલામણ કરવામાં આવે છે. ત્યાર પછી ત્યાગ વૃત્તિનું સ્વરૂપ સમજી વિરતિપણાની સ્થિતિમાં જીવ આવે છે પણ તેમાં બહુ તરતમતા રહે છે.

વિરતિપણાની સ્થિતિમાં જીવ આવે ત્યાર પછી તેને મોક્ષમાર્ગ બહુ સરલ થતો જાય છે, સાધ્ય સમીપ થતું જાય છે અને આત્મતત્વનું દર્શન થતું જાય છે. મોક્ષના અહીંથી બે માર્ગ પડે છે. સાધુમાર્ગ અને શ્રાવકમાર્ગ. સાધુધર્મનો રસ્તો બહુ સરલ અને સીધો છે, શ્રાવકધર્મનો માર્ગ જરા લાંબો, વિકટ અને બહુધા લાંબો વખત લેનારો છે. તે માર્ગમાં ખાડાખડિયા વધારે હોય છે અને તેથી સાધુમાર્ગ જેવો સીધો સરલ રાજમાર્ગ—બાંધેલી સડક જેવો નથી, છતાં તે પણ વિમાર્ગની અપેક્ષાએ વિશેષ માર્ગ છે એ ધ્યાન બહાર જવું ન જોઈએ.

શ્રાદ્ધમાર્ગનું મુખ્ય લક્ષણ બાર વ્રત છે, સાધુમાર્ગનું મુખ્ય લક્ષણ પંચ મહાવ્રત અને દશ યતિધર્મ છે. શ્રાવકના બાર વ્રત બહુ વિચારવા યોગ્ય છે. પોતાના ભોગ ઉપભોગમાં આવતી વપરાતી સર્વ વસ્તુઓ, ગમન આગમન, વચનોચ્ચાર વિગેરે સર્વ પ્રકારના વ્યવહાર ઉપર તેથી એવો મજબૂત કાબુ આવી જાય છે કે ધાર્યા સિવાયનું એક પણ કામ બનતું નથી. પોતાના વર્તન ઉપર એક પ્રકારનો અંકુશ આવી જાય છે અને તેમાં અણુવ્રત ઉપરાંત ગુણવ્રત અને શિક્ષાવ્રતોનો પણ સમાવેશ કરેલો હોવાથી સ્થૂલ અને માનસિક વર્તનના સંબંધમાં તેથી બહુ દૃઢ બંધાઇ જાય છે, બહુ નિયમિત થવાય છે અને નકામી બાબતો બહુ ઓછી થઇ જાય છે. આ શ્રાદ્ધમાર્ગ બહુ સમજવા અને આદરવા યોગ્ય છે પણ અત્ર તે અપ્રસ્તુત છે.

સાધુધર્મની મુખ્યતા પંચ મહાવ્રતમાં છે. મન વચન કાયાથી કોઇ જીવને હણવો નહિ, અન્ય પાસે હણાવવો નહિ અને કોઇ હણતો હોય તેની અનુમોદના કરવી નહિ, કોઇની લાગણી દુઃખવવી નહિ, સર્વ પ્રકારે અહિંસા પાળવી. વસ્તુ લેવી મૂકવી, નાંખવી, બેસવું, ઉઠવું, એ સર્વ કાર્ય કરતી વખતે પ્રમાર્જના, જીવયતના કરવી એ પ્રાણાતિપાત વિરમણરૂપ પ્રથમ મહાવ્રત છે. સર્વથા અસત્ય બોલવું નહિ

---

૧ સમ્યક્ત્વસ્તવ. પ્રકરણ રત્નાકર ભાગ ૨ જો. ઉપમિતિ ભવ પ્રપંચ પ્રથમ પ્રસ્તાવ ભાષાંતર પૃષ્ઠ ૭૪ ની નોટ.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ બીજું મહાવ્રત છે. તેમાં તેમજ બીજા વ્રતોમાં મન વચન કાયાથી કરવું કરાવવું અને અનુમોદવું નહિ એ નવ પ્રકાર સમજી લેવા. તીર્થંકર મહારાજની આજ્ઞા સિવાયની વસ્તુ લેવી નહિ, ગુરૂના ફરમાન વગર વસ્તુ લેવી નહિ, સચિત્ત વસ્તુ લેવી નહિ અને વસ્તુના સ્વામીની આજ્ઞા વગર કોઇ વસ્તુ લેવી નહિ, એ અદત્તાદાન વિરમણરૂપ ત્રીજું મહાવ્રત છે. કોઇ પણ દેવતા, મનુષ્ય કે તિર્યંચની સ્ત્રી સાથે ભોગ ભોગવવા નહિ, ભોગવવાની ઇચ્છા કરવી નહિ, કરેલા ભોગ સંભારવા નહિ અને ઇરાદાપૂર્વક સ્ત્રીની સામે દૃષ્ટિ મેળવીને જોવું પણ નહિ, એ મૈથુનવિરમણરૂપ ચતુર્થ મહાવ્રત છે. અને પૈસા, અનાજ, ઢોર, વિગેરે કોઇ પણ વસ્તુ ઉપર મૂર્છા રાખવી નહિ અને માલીકી ધરાવવી નહિ એ પરિગ્રહ વિરમણરૂપ પાંચમું મહાવ્રત છે. એ પાંચે મહાવ્રતનો બહુ વિસ્તાર થઇ શકે તેમ છે પણ અત્ર તેમ કરવાની આવશ્યકતા નથી. એ પંચ મહાવ્રત ધારણ કરવા એ સાધુધર્મનું પ્રથમ લક્ષણ છે.

સાધુ દ્રવ્યથી અને ભાવથી બે પ્રકારે હોઇ શકે છે. મુનિનો વેશ માત્ર ધારણ કરવાથી દ્રવ્ય સાધુ કહેવાય છે. તદુપરાંત સાધુયોગ્ય ધર્મ પાળવા સાથે અંતઃકરણથી ત્યાગ વૃત્તિ જેનામાં હોય તે ભાવ સાધુ કહેવાય છે. દ્રવ્યલિંગની જરૂર શાસ્ત્રકારે વારંવાર બતાવી છે. તે વગર સાધુપણાની માન્યતા અસંભવિતજ છે એમ એકાંત વચન તો નજ કહેવાય, પણ સંસારના આરંભ સમારંભમાં પ્રવૃત્ત થયેલા, પરિગ્રહ રાખનારા અને વાહનાદિમાં બેસનારા, દ્રવ્યલિંગ ધારણ કર્યા વગર ભાવ સાધુ હોવાનો દાવો કરતા હોય તો તેવાઓમાં સાધુપણાનો અસંભવ માનવામાં આવે તેમાં કાંઇ ખોટું લાગતું નથી. સાધુ ધર્મમાં ઉપર જણાવેલા પંચ મહાવ્રત ઉપરાંત દશ યતિ ધર્મ પાળવાના હોય છે તે ખરેખર દૈવી સંપત્તિ છે. એ સદ્ગુણો એટલા વિશાળ અને વિસ્તૃત છે કે તેઓને જેમ જેમ વિકસ્વર કરવામાં આવે તેમ તેમ તેમાંથી શ્રેણીબદ્ધ સદ્ગુણો પ્રાપ્ત થતા જાય છે. એ દશ યતિધર્મોના નામ માત્ર જાણવાથી સમજાશે કે તે કેવી ઉચ્ચ પંક્તિના સદ્ગુણો છે. ગમે તેવા ક્રોધના પ્રસંગ પર પણ મનની શાંતિને જરા પણ ક્ષોભ પમાડ્યા વગર તેની સ્થિતિસ્થાપકતા જાળવી રાખવી એ **ક્ષમા** ગુણ; ગમે તેટલું માન સન્માન મળે તો પણ તેને તાબે ન થવું, તે મેળવવા ઇચ્છા ન રાખવી અને પોતાની લઘુતા વિચારવી તે **માર્દવ** ગુણ; ગમે તેવા પ્રસંગે સરલ પ્રકૃતિવાળા થવું, કપટ યુકત વચન કે વર્તનને દૂર કરવાં તે **આર્જવ** ગુણ; કોઇ પણ પૌદ્‌ગલીક વસ્તુ મેળવવાનો, પાસે રાખવાનો કે પોતાની કહેવરાવવાનો લોભ ન રાખવો તે **મુકિત** ગુણ; એકાસણું, ઉપવાસ, ઉણોદરી, વૃત્તિ સંક્ષેપ વિગેરે બાહ્ય અને પ્રાયશ્ચિત, સ્વાધ્યાય, ધ્યાન વિગેરે અંતરંગ તપ બને તેવી રીતે અને બને તેટલો કર્યા કરવો તે **તપ** ગુણ; પોતાની ઇંદ્રિયોપર અંકુશ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાખવો, તેઓ ગમે તેમ પ્રવર્તતી હોય તેને અટકાવવી અને પ્રબળ વીર્ય સ્ફુરણા કરવી તે **સંયમ** ગુણ; સત્ય, મિત, હિત, પ્રિય અને તથ્ય બોલવું એ **સત્ય** ગુણ; અંતરંગ વૃત્તિની, વિચારની અને આચારની પ્રવૃત્તિ પવિત્ર રાખવી તે **શૌચ** ગુણ; બાહ્ય તથા અંતરંગ પરિગ્રહનો ત્યાગ કરવો, ઘર, વસ્તુ, હાથી, ઘોડા વિગેરે પરથી મમત્વ ભાવ તજવો તેમજ કષાયાદિક અંતરંગ શત્રુનો જય કરવો તે **અકિંચનત્વ** ગુણ; અને વિકારને વશ ન થતાં કોઇ પણ સ્ત્રી સાથે ત્રિવિધે ત્રિવિધે મૈથુન ન સેવવું તેમજ કોઈ પણ રીતે વિષય સેવવાથી દૂર રહેવું તે **બ્રહ્મચર્યગુણ**. આ દૈવી સંપત્તિ–મુનિગુણમાળા અતિ ઉપયોગી, અસરકારક અને હૃદયને આકર્ષક છે, તેના સદ્ભાવમાં સાધુધર્મની પરાકાષ્ટા છે અને તેના આંતર તેમજ બાહ્ય સ્વરૂપના દ્રવ્ય તેમજ ભાવ લક્ષણની અંશે અંશે પ્રગતિ રૂપ પ્રાપ્તિમાં તેની ફતેહ છે.

આ મનુષ્ય જીવનનો હેતુ શું છે તે વિચારવું યુક્ત છે. સવારથી રાત સુધી દ્રવ્ય પ્રાપ્તિ, ભોજનની વ્યવસ્થા, તેને સારૂ નવીન રસ યુક્ત સ્વાદિષ્ટ વસ્તુઓનું એકત્ર કરણ, શરીર સૌંદર્ય સારૂ વસ્ત્ર આભુષણનો સંચય, વખત પસાર કરવા સારૂ વિકથામાં સમય નિર્ગમન અને એવી એવી અનેક બાબતો એ જીવનનો હેતુ નથી. અનાદિ કાળથી આ જીવ પરભાવમાં રમણ કરતો આવ્યો છે, પોતાનું શું છે, પોતાનું શ્રેય શું કરવામાં છે, પોતાનો આત્મવિકાસ કરવો યુક્ત છે કે નહીં, હોય તો તે કેવી રીતે થાય? એ સંબંધી એને જરા પણ વિચાર આવતો નથી. આવે તો ઉપર ઉપરથી જરા આનંદ લહરી બતાવી ગરમીના વખતના મંદ શીતળ પવનની પેઠે ચાલ્યો જાય છે, અને તેથી યંત્રવત્ જીવન બની રહે છે. એવા શુદ્ધ વિચારને અભાવે અનેક પ્રકારની સાંસારિક વૃત્તિના વમળમાં આ જીવ અટવાયા કરે છે અને જીવનનો હેતુ શું છે, સાધ્ય શું છે તેનો સ્પષ્ટ ખ્યાલ કર્યા વગર દુર્લભ મનુષ્યભવ પૂર્ણ કરી નાખે છે. જરા સમતા રાખી વિચાર કરે તો તુરત સમજી શકે કે મનુષ્યજીવનની પરિપૂર્ણતા એમાં કોઇ પણ રીતે થતી નથી, તેમજ એવી રીતે વર્તન કરવું તે નવિન પણ નથી. કારણ અનેક વખત આ જીવે તે પ્રમાણે કર્યું છે, અને તેને પરિણામે ચક્રભ્રમણ થયાં કરે છે. ત્યારે હવે આ ચક્રભ્રમણનો છેડો આવે તેવો માર્ગ શોધવાની દૃઢ ઇચ્છા કરવી જોઇએ, અને પ્રબળ ઇચ્છાની સાથે તે પ્રાપ્ત કરવાનો મજબૂત સંકલ્પ થાય તો પછી તે મેળવવાનાં સાધનો એકઠાં કરવા વિચાર થાય, એ ક્રમ સમજી શકાય તેવો છે. ત્યારે ચક્રભ્રમણનો છેડો લાવી કોઇ પણ પ્રકારે આ દુઃખ પદ્ધતિનો અંત લાવવો જોઈએ એટલો વિચાર થયો.

આ ચક્રભ્રમણનો છેડો લાવવાની જરૂર શામાટે ધારવામાં આવી છે, તે હજુ પણ વધારે સ્પષ્ટ કરવાની જરૂર જણાય છે. આ જીવને સુખ પ્રિય છે અને તેને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મેળવવા માટે પ્રયાસ કર્યા કરે છે, પણ સુખનો તેને સ્પષ્ટ ખ્યાલ નથી; તેથી પાર્થિવ સુખ મેળવવામાં આનંદ માની લે છે. પાર્થિવ સુખ તે વાસ્તવિક સુખ નથી, પણ એક પ્રકારની માન્યતાજ છે. એવા પ્રકારની ખોટી માન્યતાને પરિણામે આ જીવ ખોટી કલ્પનાની જાળમાં અટકાયા કરે છે, અને સુખને બદલે ઉપાધિ વહોરી લે છે. જેને તે સુખ માને છે તે વસ્તુતઃ સુખ નથી પણ ઇંદ્રિય તૃપ્તિ છે, ક્ષણિક ઇંદ્રિય સંતોષ છે અને ઇંદ્રિયો પોતાની નથી. આ પ્રમાણે થવાનું કારણ એ છે કે ખરેખરી રીતે તે પોતાની જાતનેજ ઓળખતો નથી. માત્ર બાહ્ય સ્વરૂપને તે પોતાનું સમજે છે અને તેથી સુખને બદલે ઉપાધિને તે સુખ માની સ્થૂળ પદાર્થોમાં રચ્યોપચ્યો રહે છે. એને પરિણામે તે નવીન ઉપાધિ ગ્રહણ કરે છે, અને ચક્રભ્રમણમાં પડી જાય છે. ઇંદ્રિયસંતોષનાં માની લીધેલાં સુખના બદલામાં તે પોતાના આત્મિક ગુણોને ભૂલી જાય છે, અને પછી એક ખાડામાંથી બીજામાં અને બીજામાંથી ત્રીજામાં એમ આગળ આગળ પડતો જાય છે અને ચક્રભ્રમણ કર્યા કરે છે. તેમ કરતાં કોઇ વાર તે શુભ કર્મબંધ જેને પુણ્ય કહેવામાં આવે છે તે કરી કાંઇક ઇંદ્રિય સંતોષ મેળવે છે અને વળી પાછો અશુભ કર્મબંધ કરી ઇંદ્રિયોને પણ સુખ આપી શકતો નથી. આવી રીતે વર્તુલમાં પડી ઉપર નીચે આવ્યા કરે છે. એમ કરતાં કોઇ વખત એને પોતાના સ્વભાવનું જ્ઞાન થાય છે, ત્યારેજ તે સમજે છે કે, હું જે માર્ગપર હતો તે સુખ મેળવવાનો રસ્તો ન હોતો, પણ રખડપટ્ટીમાં પડવાનો વિષમ (કૂટ) માર્ગ હતો. આવા વિચારને પરિણામે તે શુદ્ધ માર્ગની ગવેષણા કરે છે અને તેમ કરતાં તેને શુદ્ધ માર્ગની પ્રાપ્તિ થાય છે.

જ્યારે તે શુદ્ધ માર્ગ જુએ છે ત્યારે તેને સમજાય છે કે, અત્યાર સુધી જે વસ્તુઓમાં પોતે આનંદ માનતો હતો તે તો પર વસ્તુ છે, તેની પોતાની નથી, તેને તેની સાથે સંબંધ નથી, હોય તો કાદાચિત્ક છે અને પરિણામે વિયોગ નિઃસંશય છે, તેમજ તે થોડા વખતના સંબંધથી પોતે જે આનંદ માનતો હતો તે વાસ્તવિક આનંદ પણ નથી પણ દુઃખ વધારનાર છે, દુઃખમાં ડુબાવનાર છે, ચક્રભ્રમણ કરાવનાર છે. આ વિચારને પરિણામે તેને પોતાની વસ્તુ કઇ છે અને પરમ આનંદ હમેશને માટે ક્યાંથી પ્રાપ્ત થાય તેમ છે એ શોધવાની ઇચ્છા થાય છે અને તે શોધતાં તેને માલુમ પડે છે કે, ઘર, પૈસા, સ્ત્રી, પુત્ર, વિગેરે વસ્તુઓ બાહ્ય ઉપાધિ છે અને કામ, ક્રોધ, લોભ, મદ, મોહ, મત્સર વિગેરે આંતરિક ઉપાધિ છે. એ સર્વ આનંદ આપવાને અશક્ત છે અને તેમાં પોતે અત્યાર સુધી જે આનંદ માનતો હતો તે મોટી ભૂલ હતી. જેમાં આનંદ નથી, જેમાં તે આપવાની શક્તિ નથી, તેમાંથી તે શોધવો એ મૂર્ખતાજ છે. આવા વિચારને પરિણામે પછી પર વસ્તુ ઉપર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાગ ઓછો થતો જાય છે, અને પોતે કોણ છે, પોતાની વસ્તુ કઈ છે અને પોતાને વાસ્તવિક રીતે ક્યાં અને કેમ મળે તેમ છે એ જાણવાની તેને અપૂર્વ જિજ્ઞાસા થાય છે.

આવી તત્ત્વજિજ્ઞાસા થતાં તેને માલૂમ પડે છે કે પોતે અનંત જ્ઞાન, દર્શન, ચારિત્ર આદિ અનેક ગુણવાળો છે. તેને જણાય છે કે અજ્ઞાન, રાગ, દ્વેષ, કષાય, મારાં નથી, હું એનાથી ન્યારો છું, હું શુદ્ધ, બુદ્ધ, અવિનાશી છું. અજ, અનાદિ. અનંત, અક્ષય, અક્ષર, અચલ, અકલ, અમલ, અગમ્ય, અનામી, અરૂપી, અકર્મા, અબંધક, અનુદય, અનુદરીક, અયોગી, અભોગી, અરોગી, અભેદી, અવેદી, અછેદી, અખેદી, અકષાયી, અસખાઈ, અલેશી, અશરીરી, અઆહારી, અવ્યાબાધ, અનવગાહી, અગુરૂલઘુપરિણામી, અતિંદ્રિય, અપ્રાણી, અયોની, અસંસારી, અમર, અપર, અપરંપર, અવ્યાપી, અનાશ્રિત, અકંપ, અવિરૂદ્ધ, અનાશ્રવ, અલખ, અશોકી, અસંગી, અભયી, લોકાલોકજ્ઞાયક, શુદ્ધ ચિદાનંદ મારો આત્મા છે.[1] મારામાં અનંતા ગુણો ભરેલા છે, અત્યારે તો તેમાંનાં ઘણાંખરાં આવરાઈ ગયાં છે. પણ તેને પ્રાપ્ત કરવા અથવા વસ્તુતઃ તેને પ્રગટ કરવા એજ મારૂં સુખપ્રાપ્તિનું પરમ સાધન છે. સુવર્ણ ઉપર ગમે તેટલી માટી લાગી હોય પણ ત્રણ કાળમાં તેનું સુવર્ણત્વ તો છેજ; માત્ર શોધ કરી, વ્યવસ્થા કરી માટી દૂર કરવી જોઈએ, એટલે સુવર્ણત્વ તુરત પ્રગટ થશે. માટી કાઢતાં નહીં આવડે તો ફૂંક મારતાની સાથે સુવર્ણની રજ પણ ઉડી જશે. એ દૃષ્ટાંત આખા વિષયમાં ધ્યાનમાં રાખી સુવર્ણત્વ પ્રગટ કરવાનો પ્રબળ પ્રયાસ કરવાની જરૂર છે. આવી રીતે વિચાર થતાં પોતાનો શુદ્ધ સ્વભાવ પ્રગટ કરવાનો આ જીવને દૃઢ સંકલ્પ થાય છે. કારણકે, પોતાનું અપૂર્વશ્રુત સ્વરૂપ તેના ધ્યાનમાં આવે છે અને ચક્રભ્રમણપર ખરેખરો ખેદ આવે છે, ત્યારેજ તેને આ નિશ્ચય આગ્રહ પૂર્વક થાય છે.

અત્ર ચક્રભ્રમણનું દુઃખ સમજાય છે, અને આત્મિક શુદ્ધ સ્વરૂપ પ્રાપ્ત કરવાની ચિંતા જાગૃત થાય છે. તે વખતે તેને વસ્તુ સ્વરૂપનો પણ બોધ થાય છે. અત્યારસુધી આ જીવ ધન, સ્ત્રી, પુત્ર અને વૈભવમાં આનંદ માનતો હોય છે, એને ઇષ્ટ વિયોગથી કે અનિષ્ટ સંયોગથી મહા ખેદ થતો હોય છે. તેને બદલે તેનું આદર્શ ફરી જાય છે, ઇષ્ટ શું છે અને અનિષ્ટ શું છે તેનો તેને ખરો ખ્યાલ આવતો જાય છે, અને અત્યાર સુધી તે જરા તપ કરવામાં શરીર નબળું પડી જશે, સ્ત્રી વિયોગથી પોતે જીવી શકશે નહિ, પુત્ર પ્રાપ્તિ વગર તેનો મોક્ષ થશે નહિ, ધન વગર તે

---

૧ આ વિશેષણો અપાય વિચય ધર્મ ધ્યાનનું સ્વરૂપ બતાવતાં શ્રીમાન્ દેવચંદ્રજીએ આગમસાર ગ્રંથમાં આપ્યાં છે ત્યાંથી લીધાં છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભુખ્યો રખડશે, એવા એવા તેના મનમાં જે વિચારો થતા હતા તે એકદમ દૂર થાય છે, અને ભોગ ભોગવવામાં મહત્વતા નથી પણ તેના ત્યાગમાં મહત્વતા છે એમ તેના મનમાં નિર્ણય થાય છે. જેમ સ્થૂળ બાબતનાં તેનાં આદર્શો ફરી જાય છે, તેમજ માનસિક બાબતનાં આદર્શો પણ જુદીજ જાતના થઇ જાય છે. વિચારપદ્ધતિનો અને માનસિક પરિવર્તનનો મૂળ પાયો આદર્શ ઉપરજ છે, એ ધ્યાનમાં રાખવાનું છે. એક મનુષ્યને જે પ્રકારનું આદર્શ હોય છે તેના જેવો થવા તે ઇચ્છા રાખે છે અને તદનુસાર તેના મનોરાજ્યમાં પરિવર્તન થયા કરે છે. લડાયક યોદ્ધો પૃથુરાજ કે નેપોલીઅનનું આદર્શ રાખે છે ત્યારે રાજદ્વારી પુરૂષ ગ્લેડસ્ટનનું આદર્શ રાખે છે, આવી રીતે વેપારી, વકીલ, સાધુ, સન્યાસી જુદાં જુદાં આદર્શો રાખે છે, વળી એક જાતિમાં પણ વિજાતિ બહુ હોય છે, કોઇ યોદ્ધો સીઝર જેવો થવા હોંશ રાખે છે, કોઇ પૃથુરાજ જેવો થવા અને કોઇ શિવાજી જેવો થવા વિચાર કરે છે, એ સર્વમાં ઘણી તરતમતા અને ફેરફાર હોય છે, તેમજ કોઇ સાધુ હરિભદ્રસૂરિનું, કોઇ હેમચંદ્રાચાર્યનું, કોઇ યશોવિજયજીનું, કોઇ આનંદઘનજીનું અને કોઇ શ્રીમન્મહાવીર પરમાત્માનું આદર્શ રાખે છે, વ્યવહારમાં પણ તેમજ થાય છે. અત્ર વાત એકજ કરવાની છે કે, જે પ્રકારનું આદર્શ હોય તે પ્રમાણે વર્તન સ્થૂળ અને માનસિક થાય છે. તેથી જ્યારે આત્મિક શુદ્ધ સ્વરૂપ પ્રાપ્ત કરવા વિચાર થાય છે ત્યારે તેનું આદર્શ પણ તદ્દન ફરી જાય છે અને તેથી તેના વર્તનમાં પણ મહાન ફેરફાર થાય છે.

સર્વવિરતિ આદરી સંસારના સર્વ વૈભોગનો ત્યાગ કરવા ઇચ્છા થાય, ચક્રભ્રમણનો છેડો લાવવા ઇચ્છા થાય અને આત્મિક ઉન્નતિ કરવાની દૃઢ ઇચ્છા થાય ત્યારે સર્વથી ઉત્તમ આદર્શ જીવ ધારણ કરે છે. પછી છળ કપટ, ક્રોધ અભિમાન, દ્રવ્ય સંયમ, પૌદ્‍ગલિક તૃપ્તિ, શોક, ભય વિગેરે વાસનાઓ દૂર થતી જાયછે અને શુધ્ધ જીવન વહન કરવાનો વિચાર થાય છે. એવા પુરૂષને ભાવ સાધુ કહેવામાં આવે છે. બહારથી ઉપાધિનો ત્યાગ કરી પંચમહાવ્રત લેવાં અને ઓઘા મુહપત્તિ માત્ર ધારણ કરવા એને દ્રવ્ય સાધુ કહેવામાં આવે છે અને માનસિક પરિવર્તન સાથે દૃઢ નિશ્ચય પૂર્વક ઉત્તમ આદર્શ સહિત મુનિવેશ ધારણ કરવામાં આવે તેને ભાવ સાધુ કહેવામાં આવે છે. આપણે આદર્શ રૂપ મુનિપણું કેવું હોય તેનો વિચાર કરીએ તો મનમાં બહુ આનંદ આવશે. એના સંબંધમાં મુનિસુંદરસૂરિ મહારાજ લખે છે કે[1]—

---

૧ અધ્યાત્મ કલ્પદ્રુમ અધિકાર ૧૩ શ્લોક ૧.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ते तीर्णा भववारिधिं मुनिवरास्तेभ्यो नमस्कुर्महे,
येषां नो विषयेषु गृध्यति मनो नो वा कषायैः प्लुतम्।
रागद्वेषविमुक् प्रशान्तकलुषं साम्याप्तशर्माद्वयम्,
नित्यं खेलति चात्मसंयमगुणाक्रीडे भजद्भावनाः॥

" જે મહાત્માનું મન ઇંદ્રિયોના વિષયોમાં આસક્ત થતું નથી, કષાયોથી વ્યાપ્ત થતું નથી, જેમનું મન રાગદ્વેષથી મુક્ત રહે છે, જેણે પાપકાર્યોને શાંત પમાડ્યાં છે, જેણે સમતા વડે અદ્‌ભુત સુખ પ્રાપ્ત કર્યું છે અને જે ભાવના ભાવતું ભાવતું સંયમ ગુણો રૂપી ઉદ્યાનમાં હમેશાં ખેલે છે—આવા પ્રકારનું જેમનું મન થયેલું છે તે મહા મુનીશ્વરો આ સંસારસમુદ્ર તરી ગયા છે અને તેઓને અમે નમસ્કાર કરીએ છીએ. " આ અતિ ઉત્તમ મુનિ ભાવના ( Ideal Munihood ) છે, મતલબ એમ નથી કે પ્રાથમિક અવસ્થામાં સર્વ એ ભાવના પ્રમાણે વર્તનાર હોવા જોઇએ, પણ એવી ભાવના એ સાધુ જીવનનું લક્ષ્યસ્થાન હોવું જોઇએ. એ બહુ વિચાર કરવા યોગ્ય શ્લોક હોવાથી તેનું આપણે બરાબર પૃથક્કરણ કરીએ તો તેમાંથી બહુ વિચાર કરવા લાયક હકીકત નીકળી આવશે.

એ શ્લોકમાં પ્રથમ કહ્યું કે તેઓનું મન ઇંદ્રિયના વિષયોમાં આસક્ત થતું નથી. કર્મબંધનો આધાર રસ પર વિશેષ છે. જેમ ગૃદ્ધિ વધારે તેમ રસ વધારે ચીકણો હોય છે. મુનિ મહારાજાઓ સમજે છે કે પાંચ ઇંદ્રિયના ભોગોમાં નવીન કાંઇ નથી, ભોગવવા લાયક કાંઇ નથી, સુખ આપી શકે તેવું કાંઇ નથી; તેઓ વાસ્તવિક સુખનું સ્વરૂપ સમજતા હોવાથી આત્માનુભવની પરમ જ્યોતિ જગાવી તે પ્રાપ્ત કરવામાં અવિશ્રાંતપણે મંડ્યા રહે છે, સ્પર્શ રસાદિનાં સુખ તેઓ હિસાબમાં પણ ગણતા નથી. તે સુખો તેઓને તુચ્છ લાગે છે, તેમાં તેઓને આનંદ આવતો નથી અને તેમાં તેઓ જરાપણ લપટાતા નથી. સુંદર સ્ત્રી, દૂધપાકનું ભોજન, અત્તરની સુગંધ, વાયોલીન, સિતાર, હારમોનીયમ કે દીલરૂબાનો સ્વર તેઓને જરા પણ પોતા તરફ ખેંચતો નથી. જેટલા વિષયો રખડાવનારા છે તેટલાજ કષાયો સંસારમાં ફસાવનારા છે. કર્મબંધ અધ્યવસાય પ્રમાણે થાય છે અને કષાય અધ્યવસાયને અસર કરનાર હોવાથી તે મોટું નુકશાન કરનાર થાય છે. મુનિપુંગવો વિષય અને કષાય બંનેથી દૂર રહે છે, તેને ત્યાજ્ય ગણે છે; અને તેનાથી મુખ્યત્વે કરીને ચક્રભ્રમણ થાય છે તે તેઓ સમજે છે. વિભાવદશામાં આસક્ત જીવ કોઇ વાર ક્રોધ કરે છે, કોઇ વાર અભિમાન કરે છે, કોઇ વાર કપટાચરણ કરે છે, કોઇ વાર સદ્‌ગુણી હોવાનો દેખાવ કરે છે, કોઇ વાર પૈસાની જ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પમાળા ફેરવે છે, કોઇ વાર પૈસાનેજ સર્વસ્વ ગણે છે, કોઇ વાર પૌદ્ગલિક સુખમાં રંગાઇ જઈ હસે છે, કોઈ વાર તેમાં આનંદ પામે છે, કોઇ વાર તેના વિયોગથી દુઃખ પામે છે, કોઈ વાર સગા સ્નેહીનાં મરણથી શોક કરે છે, કોઇ વાર વ્યાધિની પીડાથી હાયવોય કરી મૂકે છે, કોઈ વાર મરણથી ભય પામે છે, કોઇ વાર ખરાબ વસ્તુ જોઇને મ્હોં મરડે છે, કોઇ વાર સ્રી સેવનમાં સુખ માને છે. આવી અનેક રીતે કષાય અને તેના સહચારી નોકષાયોમાં સુખ માની તેમાં પડયો રહે છે પણ મુનિ મહારાજાઓ સમજે છે કે તે સર્વ આત્મિક દશા પ્રાપ્ત કરાવનારા ભાવો નથી, અધઃપાત કરાવનારા છે. આવા સદ્જ્ઞાનના યોગે તેઓનું મન કષાયથી વ્યાપ્ત રહેતું નથી.

તેવીજ રીતે સાધુ મહાશય જાણે છે કે વિષય અને કષાયને જન્મ આપનાર, મારા તારાપણાનો વહિવટ કરાવનાર અને જીવને સંસારમાં ધકેલી પાડનાર રાગ અને દ્વેષ છે. એ બન્ને મહારથી યોદ્ધાઓ આ જીવને કદિ પણ શુદ્ધ દશા તરફ પ્રયાણ કરવા દેતા નથી. આ દુનિયાનો સર્વ પ્રપંચ ફેલાવનાર તે બન્ને છે એમાં જરા પણ શક નથી, કારણકે વિષય અને કષાય તેઓથીજ ઉત્પન્ન થાય છે. ઉપમિતિ ભવ પ્રપંચના કર્તા મહાત્મા શ્રી સિદ્ધર્ષિ ગણિ રાગકેશરીને રાજાનું પદ આપે છે, વિષયાભિલાષને તેનો મંત્રી બનાવે છે અને પાંચ ઇંદ્રિયોને તેના છોકરા બનાવે છે; ત્યાર પછી ચોથા પ્રસ્તાવમાં તેઓનો આખો વ્યવહાર તાદ્રશ્ય ચિતરી ભવ પ્રપંચ તેઓ કેવી રીતે જમાવે છે તેનો બરાબર ચિતાર આપે છે. શ્રીમદ્યશોવિજયજી ઉપાધ્યાય પણ રાગના સ્વાધ્યાયમાં કહે છે કે ' રાગકેશરી છે વડરાજારે, વિષયાભિલાષ તે મંત્રી તાજારે; તેહનાં છોરૂ ઈંદ્રિય પંચોરે, તેહનો કીધો આ સકળ પ્રપંચોરે. ' એ રાગકેશરીથી બચવાનો ઉપાય પણ તેઓ બતાવે છે. રાગકેશરીના નગરની હદ બહાર વિવેક પર્વતના અપ્રમત્તતા શિખર ઉપર સદાગમની સોબતમાં જઇ ચારિત્રધર્મ નામના રાજાની સાથે વસવાટ કરે તેને રાગ વળગી શકતો નથી. મતલબ સદ્જ્ઞાનના યોગે અપ્રમત્ત અવસ્થામાં રહી વર્તન કરવામાં આવે તો તેના પર રાગનો દોર ચાલી શકતો નથી જેવી સ્થિતિ રાગની છે તેવીજ દ્વેષની છે. સંસાર વ્યવહારના પ્રસંગોનો ત્યાગ કરેલો હોવાને લીધે, સાધ્યનું સામિપ્ય હોવાને લીધે અને આદર્શ પરમ વિશુદ્ધ હોવાને લીધે મુનિજીવનમાં આવી ઉન્નત દશા પ્રાપ્ત થાય છે અને તેથીજ મુનિજીવન શુભ ભાવનામય ગણાય છે.

અપૂર્ણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# छतीं वस्तुनी अप्राप्तिनां कारणो.

પુદ્ગળોની અચિંત્ય શકિત છે. તે જડ છતાં પણ અનેક પ્રકારે પરિણમી શકે છે.તેમાં પણ જીવ સાથે મળેલ હોય છે ત્યારે તો તે એવડું કામ કરી શકે છે;કારણકે તેમાં ચૈતન્યની શકિત પણ સાથે કામ કરે છે. હાલમાં પ્રસરેલા જડવાદને અંગે કેટલાએક કહેવાતા વિદ્વાનો અને કેળવાયેલા યુવાનો વસ્તુ માત્રને નજરે દેખાયાપછી જ માન્ય કરવાનું કહે છે પરંતુ વસ્તુ ( પુદ્ગલ )ની અનુપલબ્ધિ અનેક પ્રકારે થાય છે અને તેવી રીતે અનુપલબ્ધિ છતાં તેને તે કબુલ રાખે છે. અનુપલબ્ધિ બે પ્રકારની છે. એક સત્ (છતી) વસ્તુની અનુપલબ્ધિ (અપ્રાપ્તિ) અને બીજી અસત્ (અછતી ) વસ્તુની અનુપલબ્ધિ ( અપ્રાપ્તિ ).સસલાનાં શીંગડાં, આકાશનું પુષ્પ ઝાંઝવાનાં જળ એ બધી અસત્ વસ્તુની અનુપલબ્ધિ છે. એટલેકે તે વસ્તુઓ તો આ દુનીઆમાં છેજ નહિ. બીજી સત વસ્તુની અપ્રાપ્તિ આઠ પ્રકારે છે, તે જાણવાની આવશ્યકતા હોવાથી આ લેખ લખવામાં આવ્યો છે. કેમકે તે જાણ્યા પછી પ્રત્યક્ષ પ્રમાણુજ માન્ય કરવાનો આગ્રહ છુટી જાય તેમ છે.

૧ અતિ દૂર રહેલી વસ્તુની પ્રાપ્તિ ન થાય તે અનુપલબ્ધિનો પહેલો પ્રકાર છે. તેના દેશ,કાળ ને સ્વભાવ એવા ત્રણ ભેદ છે. જેમ કોઇ માણુસ બીજે ગામ ગયો તેથી તે અહીં દેખાતો નથી માટે શું તે માણુસ નથી? છે. પણ દેશ (ક્ષેત્ર) થકી અતિ દૂર ( ચર્મચક્ષુને અગોચર ) રહેલો હોવાથી તેની પ્રાપ્તિ થઇ શકતી નથી. તેજ પ્રમાણે સમુદ્રને પેલેપાર રહેલા પદાર્થો તથા ઘણે દૂર રહેલા મેરૂ પર્વતાદિ અનેક પર્વતો, ક્ષેત્રો, નદીઓ વિગેરે સત્ છતાં દૂર હોવાથી દેખાતા નથી. તથા કાળથી દૂર હોય તે પણ દેખાતા નથી. જેમ મૃત્યુ પામેલા પોતાના પૂર્વજો અને હવે પછી થવાના પદ્મનાભ જિનેશ્વર વિગેરે કાળથી દૂર હોવાને લીધે દેખાતા નથી. પરંતુ તે થયા છે ને થવાના છે તેમાં શંકા કરવા જેવું નથી. ત્રીજો પ્રકાર સ્વભાવથી દૂર હોય તે ન દેખાવાનો છે. આકાશ, જીવ, તથા ભૂત પિશાચાદિ સ્વભાવથી અદૃશ્ય હોવાને લીધે તે છતા છે તોપણ ચર્મચક્ષુગોચર થઇ શકતા નથી. આ ત્રણ ભેદ પહેલા વિપ્રકર્ષ (દૂર) નામના પ્રકારના છે.

૨ બીજો પ્રકાર અતિ સમીપ જે વસ્તુ હોય તે પણ દેખાતી નથી તે છે. જેમ નેત્રમાં આંજેલું આંજણ દેખાતું નથી પણ તે શું નથી? છેજ.

૩ ત્રીજો પ્રકાર ઇંદ્રિયોનો ઘાત થવાથી જે વસ્તુ દેખાય કે જણાય નહિ તે સંબંધી છે. જેમ અંધ કે બધિર માણુસ ચક્ષુ ઇંદ્રિ કે શ્રોતૃ ઇંદ્રિનો ઘાત થવાથી અનેક વસ્તુઓના રૂપ કે શબ્દ વિગેરેને જોઇ કે સાંભળી શકતો નથી, તો તેથી શું તે રૂપ કે શબ્દવાળા પદાર્થો નથી? છેજ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૪ ચોથો પ્રકાર મનના અસાવધપણાથી વસ્તુ દેખાય નહિ તે છે. જેમ અસ્થિર ચિત્તવાળો મનુષ્ય પોતાની પાસે થઇને ચાલ્યા જતા હાથીને પણ દેખી શકતો નથી તો શું તે હાથી ત્યાંથી ચાલી ગયો નથી? ચાલી ગયો છે, પણ ચિત્તવૃત્તિ બીજે રોકાયેલ હોવાથી તેની ચક્ષુ ઇંદ્રિયે જોવાનું કામ કર્યું નથી.

૫ જે વસ્તુ અતિ સૂક્ષ્મપણાને પામેલી હોય તે રૂપી છતાં સ્થૂળ વસ્તુને જ જોઇ શકવાની શકિતવાળા ચક્ષુ તેને જોઇ શકતા નથી. એ છતી વસ્તુની અપ્રાપ્તિનો પાંચમો પ્રકાર છે. જાળીઆંની અંદરથી આવતાં સૂર્યનાં કિરણોમાં દેખાતાં રજકણો તે સ્થાન શિવાય બીજે દેખાતાં નથી, તો શું તે બીજે નથી? છે. તેમજ છુટો પરમાણુ અને તેના દ્વ્યણુક વિગેરે સ્કંધો તથા સુક્ષ્મ નિગોદના જીવો વિગેરે દેખાતા નથી તેથી શું તે નથી? છે. પણ તેને જોવાની શકિત આપણા ચર્મ ચક્ષુમાં નથી.

૬ કોઈ વસ્તુના આવરણથી ( આડું આવવાથી ) તેની પાછળ રહેલી વસ્તુ દેખાય નહિ તે અપ્રાપ્તિનો છઠો પ્રકાર છે. જેમકે ભીંતને અંતરે પડેલી-રહેલી વસ્તુ દેખાતી નથી તેથી શું તે નથી? છે. ચંદ્રમંડળનો પાછલો ભાગ દેખાતો નથી તેથી શું તે નથી? છે, પણ તે આગળના ભાગથી વ્યવહિત થયેલ છે. તેમજ આપણી પીઠ વિગેરે સ્પર્શાદિકથી જાણી શકીએ છીએ કે તે છે, પણ તે ચર્મચક્ષુથી જોઇ શકાતી નથી. શાસ્ત્રોના સુક્ષ્મ અર્થને આપણે સમજી શકતા નથી. તે અપ્રાપ્તિ પણ આ પ્રકારમાંજ સમાય છે. કેમકે જ્ઞાનાવરણી કર્મે કરેલાં આવરણથી થયેલી મતિની મંદતાથી તે સમજાતા નથી. એ પણ છતી વસ્તુની અપ્રાપ્તિ છે.

૭ એક વસ્તુવડે પરાભવ પામવાથી બીજી વસ્તુ ન દેખાય તે અપ્રાપ્તિનો સાતમો પ્રકાર છે. જેમ સૂર્યાદિકના તેજથી પરાભવ પામેલા ગ્રહ, નક્ષત્ર, તારા વિગેરે દિવસે આકાશમાં છતા છે, છતાં દેખાતાં નથી. તેથી શું તે નથી? છે. તેમજ અંધકારથી વ્યાપ્ત થયેલા સ્થાનમાં પડેલા ઘડા વિગેરે પદાર્થો અંધકારના પરાભવને લઇને દેખી શકાતા નથી તેથી શું અંધકારમાં કોઇ વસ્તુ નથી? ઘણી છે, પણ તેવા ગાઢ અંધકારમાં જોઇ શકવાની ચક્ષુની શકિત નથી.

૮ સમાન વસ્તુ સાથે મળી જવાથી જે વસ્તુ ન દેખાય તે અપ્રાપ્તિનો આઠમો પ્રકાર છે. જેમ કોઈના મગના ઢગલામાં આપણા મુઠી મગ આપણે નાખ્યા અથવા કોઇના તલના ઢગલામાં આપણા મુઠી તલ નાખ્યા તો તે આપણે જાણી શકીએ છીએ છતાં તેને જુદા પાડી શકતા નથી, એટલે જુદા દેખતા નથી. તેમજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જળમાં નાખવાથી તદ્રૂપ થઇ ગયેલ મીઠું સાકર વગેરે પણ જુદાં પાડીને દેખાડી શકાતાં નથી તેથી શું તે વસ્તુ જળમાં નથી ? છે,પણ તે એકરૂપ થઇ ગયેલ છે તેથી જુદી દેખી કે દેખાડી શકાય તેમ નથી.

આ પ્રમાણે આઠ પ્રકારે છતી વસ્તુની પણ અપ્રાપ્તિ થાય છે. જીવ અને પુદ્ગલોમાં અનેક સ્વભાવો વિદ્યમાન છે. પણ તે સર્વ સ્વભાવો એક સાથે પ્રકટ થતા નથી, પ્રકટ કરી શકાતા નથી.અનુક્રમે યોગ્યકાળે તે તે સ્વભાવ પ્રકટ થાય છે. ઉપર બતાવેલ વિપ્રકર્ષાદિક કારણોને લીધે તેની પ્રાપ્તિ થઇ શકતી નથી. પરંતુ તેથી તે છેજ નહિ એમ માનવા યોગ્ય નથી.

અહીં કોઇ શંકા કરે કે–" ઉપર બતાવેલા પ્રકારોમાં દેવદત્તાદિ દેશાંતર ગયેલા હોવાથી દેખાતા નથી એમ કહ્યું તેથી જો કે તેઓ આપણને દેખાતા નથી પણ તે જયાં ગયા છે ત્યાંના લોકોને તો દેખાય છે, તેથી તેમની સત્તા ( હોવાપણું ) માનવામાં અમને વાંધો નથી, પણ જીવાદિક પદાર્થો તો કોઇપણ માણસ કદાપિ કોઇ પણ સ્થાને દેખી શકતું નથી તેથી તે પદાર્થો હોવાનું માનવામાં અમને શંકા થાય છે." આનો જવાબ એ છે કે "તું પરદેશ ગયેલા દેવદત્તાદિકને ત્યાંના જોનારાઓના કહેવાથી તે છે એમ કબુલ કરે છે તો આ જીવાદિક પદાર્થો પણ એવા નથી કે તેને કોઇપણ કદાપિ કોઇપણ સ્થાને દેખી શકે નહિ, તેને જ્ઞાનીઓ નિરંતર સર્વત્ર જોઇ શકે છે. તેમને તો તે પ્રત્યક્ષ છે, આપણને પ્રત્યક્ષ નથી. વળી પરમાણુને તું જોઇ શકતો નથી પણ જ્ઞાનીઓ જોઇ શકે છે. ઉપરાંત તેના કાર્યથી તેની સિદ્ધિ તારે પણ કબુલ કરવી પડે તેમ છે. પરમાણુઓના બનેલા સ્કંધોથીજ આ જગતની રચના જે તું દેખે છે તે તમામ થયેલી છે, તેથી અદૃશ્ય પરમાણુ પણ તારે માનવા યોગ્ય છે. વળી સ્પર્શાદિકવડે થતા પરિજ્ઞાનથી વાયુ ( પવન ) હોવાનું તું સ્વીકારે છે તેમજ જીવાદિક પદાર્થો પણ સ્વીકારવા યોગ્ય છે. જ્ઞાનીઓએ કહેલા તેના સ્વરૂપમાં કિંચિત પણ શંકા કરવા જેવું નથી. નજરે દેખે તેનેજ માનનારા–પ્રત્યક્ષ પ્રમાણવાળાઓ પણ ઉપર લખેલી આઠ પ્રકારની અપ્રાપ્તિને છતાપણે સ્વીકારે છે તેથી પ્રત્યક્ષ પ્રમાણ એકલુંજ માન્ય કરવા યોગ્ય છે એમ ન માનતાં જૈનશાસ્ત્રે સ્વીકારેલા પ્રત્યક્ષ ને પરોક્ષ બંને પ્રમાણ માનવા કે જેથી સર્વત્ર વિરોધ ટળી જશે અને અવિરોધી જૈનદર્શનની પ્રાપ્તિ થશે. તથાસ્તુ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શીલધર્મ.

## સનત્કુમાર ને શૃંગારસુંદરી.

( અનુસંધાન પૃષ્ઠ ૨૪ થી )

વૈતાઢ્ય[1] પર્વતના શિખર ઉપર હૃદયને આનંદકારી કાંતિથી શોભાયમાન રથનુપુરચક્ર નામનું એક નગર છે. તે નગરમાં મનની તિક્ષ્ણતાથી આખા ભુવન ઉપર દ્વેષ રાખતો અને અતિ ભયંકર પ્રાણીઓની સીમા જેવો ભીમ નામનો વિદ્યાધર રાજા રાજ્ય કરે છે. સમગ્ર વિદ્યાધરોનું પોષણ કરવાની બુદ્ધિવાળા અને ક્રૂર દૃષ્ટિવાળા તે દુષ્ટે અન્યદા દુષ્કર તપસ્યાવડે રાક્ષસી વિદ્યાને સિદ્ધ કરી, તેથી એકસો નવ દેશના સ્વામી વિદ્યાધર રાજાઓ તેનાથી શંકા પામીને ક્યાંઇ પણ નિવૃત્તિ પામ્યા નહિ. તેનાજ ભયની ચિંતાથી રાત્રિએ મારી નિદ્રા જતી રહી છે. એકદા રૂપસંપત્તિની સીમા રૂપ કોઇક સ્ત્રી મારી પાસે આવી. જાણે કામદેવની જંગમ રાજધાની હોય તેવી તે સ્ત્રી પોતાની હાવભાવવાળી દૃષ્ટિને દેખાડતી મને આ પ્રમાણે કહેવા લાગી "હે મોહક કાંતિવાળા ! મને તું મહેન્દ્ર નામના ઇંદ્રની પટ્ટરાણી જાણ અને હે ભાગ્યશાળી ! તારા ગુણોને વિષે મારા ચિત્ત અનુરાગ બાંધ્યો છે, માટે હે કૃપાળુ ! કામદેવથી પીડાતા મારા અંગને તું શાંત કર. તે સાથે તું ચિંતા માત્રનો ત્યાગ કર. તારા શત્રુઓને હું એક હુંકારાથીજ ભસ્મ કરી નાખીશ."

આ પ્રમાણે તે કામાંધ સ્ત્રીએ ક્ષોભક[2] અને લોભક[3] મનોહર વચન સમૂહ વડે મને ચિરકાળ સુધી અત્યંત પ્રાર્થના કરી, પરંતુ તમારી આજ્ઞાનું ધ્યાન કરતા એવા મેં આ પરસ્ત્રી છે એમ ધારી તેનો નિષેધજ કર્યો. એટલે રાત્રિને પ્રાંત ભાગે વિલક્ષતાને ધારણ કરતી તે સ્ત્રી તિરોધાન [ અદૃશ્ય ] થઇ. ત્યાર પછી ચક્રવાક પક્ષીનો મિત્ર ( સૂર્ય ) દૃષ્ટિ માર્ગ ( આકાશ ) ના આંગણાનાં ભૂષણ રૂપ થયો ( ઉદય પામ્યો ), ત્યારે કર્ણને આસ્કંદન કરનાર કોઇક અદ્ભુત શબ્દ સર્વ દિશાઓમાં વ્યાપ્ત થઇ ગયો. તેજ વખતે ખેચરાધીશના નગર તરફથી કેટલાએક વિદ્યાધરોએ અદ્ભુત શબ્દ સાંભળવાથી સંભ્રાંત ચિત્તવાળા એવા મારી પાસે આવીને કહ્યું કે—"આજે ભીમ રાજાએ બને બાજુની પુરશ્રેણીના ( એકસો દશ નગરના ) આશ્ચર્યની યાચના કરવાથી રાક્ષસી વિદ્યાએ મનોહર સ્ત્રીઓનાં રૂપ લીધાં હતાં. તેણે સર્વે વિદ્યાધર રાજાઓને ચાટુ વચનો વડે પોતાના પતિ કરીને પછી છળ પામેલી તે

---

1 વૈતાઢ્ય પર્વત ઉપર દક્ષિણ શ્રેણીમાં ૫૦ ને ઉતર શ્રેણીમાં ૬૦ મળી ૧૧૦ નગરીઓ છે ને તેટલા દેશો છે. તેમાં એક બાદ કરતાં બાકીના ૧૦૯ દેશના રાજા સમજવા.
2 ક્ષોભ પમાડનાર. 3 લોભ પમાડનાર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બળવાન વિદ્યાએ તે સર્વનો નાશ કર્યો છે. તેમાં દૈવયોગે તમને તથા રત્નચુડને બેનેજ અમે દૃષ્ટિવડે જીવતા જોયા છે " આ પ્રમાણે તેમના વચનથી મારા મિત્ર રત્નચુડને જીવતો જાણીને હું પ્રીતિએ કરીને જાણે અમૃતસાગરમાં મગ્ન થયો, દ્વિગુણ એવો પ્રસન્ન થયો. તેવામાં " અમારા જીવનના ઔષધરૂપ કુમારની શિક્ષા ચિરકાળ જય પામો કે જે શિક્ષા રાક્ષસી વિદ્યાથી રક્ષણ કરવામાં અમને સિદ્ધમંત્રરૂપ થઇ છે." આમ બોલતો મારો મિત્ર રત્નચુડ ક્યાંઇથી મારી પાસે આવીને અમૃતરૂપ હીમબિંદુના હારની જેમ મારા હૃદયપર આળોટવા લાગ્યો, અર્થાત્ તેણે મારા હૃદયને આલિંગન કર્યું. ત્યાર પછી અમે બન્ને મિત્રો તમને આ પ્રેમભારનો ભાગ આપવા તૈયાર થઇને અહીં આવ્યા. તો તમને યુદ્ધ કરવામાં ઉદ્યમી દીઠા. તેથી અમે સર્વ શત્રુઓને સુવાડી દીધા. અને શૂરકેશરીને બાંધીને તમારી પાસે લાવ્યા. જીવિતદાન આપવામાં અદ્વિતીય કલ્પવૃક્ષ સમાન હે કુમાર ! હવે અમે શું કરીએ ? તેની અમને આજ્ઞા આપો. " તે સાંભળીને હર્ષ પામેલા કુમારે મુખ કમળમાંથી નીકળતા મધુર વચનોવડે કહેવાનો આરંભ કર્યો કે " તમે બન્ને પેલી રાક્ષસીના ગ્રાસરૂપી ગ્રહમાંથી નીકળી ગયા—બચી ગયા, તે બહુ સારૂં થયું. અને આજે તમોએ મને આ સંકટમાંથી તાર્યો, તે પણ બહુ સારૂં થયું, પણ હવે પ્રહારથી પીડાતા આ બન્ને સેનાના સૈનિકોને જલદીથી વ્રણસંરોહિણી લતાના રસવડે સજ્જ કરો, આ શત્રુના સૈન્યને નિદ્રા રહિત કરો, તથા આ શૂરકેશરીને બંધનથી મુકત કરો. કેમકે શત્રુને પણ વિપત્તિ ન હો એમ હું ઇચ્છું છું. " આ પ્રમાણે કુમારની આજ્ઞા થવાથી તે બન્નેએ તેનો અમલ કર્યો, એટલે મરણથી બચેલા બન્ને સૈન્યના સૈનિકો ઉભા થયા—સજ્જ થયા. તે સર્વને જોઇને શૂરકેશરી રાજા અત્યંત લજ્જાથી નમ્ર થયો, તેને બહુમાનથી સત્કાર કરીને કુમારે રજા આપી, એટલે તે પોતાના નગર તરફ ગયો. પછી " સાથે રહેવાથી શોભતા એવા તમારી બન્નેની પ્રીતી ભીમરાજ્તથી ભયવાળી ન થાઓ " એમ કહીને કુમારે બન્ને વિદ્યાધરોનો સત્કાર કરીને તેમને તત્કાળ વિદાય કર્યા. ત્યાર પછી બળવાનને વિષે અગ્રેસર અને કૃતકૃત્ય થયેલો કુમાર પોતાના નગર તરફ ચાલ્યો. માર્ગમાં સ્થાને સ્થાને રાજાઓ તેના ચરણકમળને વંદના કરવા લાગ્યા. અનુક્રમે પ્રયાણને અન્તે તે કુમાર પોતાના નગરમાં આવી વિશ્રાંતિને માટે પટાવાસમાં રહ્યો.

એકદા શાંત ચિત્તવાળા તે કુમારની પાસે આવીને પ્રતિહારે વિજ્ઞપ્તિ કરી કે " હે કુમાર ! સ્વામીએ પોતેજ કોઇ પુરૂષ સહિત જીમૂત નામના દૂતને અહીં મોકલ્યો છે. તે આપના દ્વાર પાસે રહેલો છે. " તે સાંભળી કુમારે તેને આવવાની આજ્ઞા આપી એટલે પ્રતિહાર તે દૂતને તથા પુરૂષને સન્માન પૂર્વક અંદર લાવ્યો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દૂતે તે પુરૂષને આગળ કરીને નમસ્કાર પૂર્વક કહ્યું કે—" હે કુમાર ! સ્વામી કહે છે કે આ પુરૂષ જે કહે તે તમારે કરવું." તે સાંભળીને કુમારે ઉલ્લાસ પામતી ભૃગુટી રૂપી લતાવડે જોયેલો તે પુરૂષ ઉચિતતાથી સુંદર એવું અમૃત સમાન વચન બોલ્યો કે " સંસારના સારની લક્ષ્મી સમાન પોતાની લક્ષ્મી ( શોભા) વડે દેવનગરીને જીતનાર અને લક્ષ્મીને નિવાસ કરવાના સ્થાનરૂપ વાસંતી નામની પ્રસિદ્ધ પુરી છે. તેમાં ઇન્દ્રની જેવો બળવાન નાભાક નામે રાજા છે. તેના હસ્તકમળને વિષે નિવાસ કરવાથીજ લક્ષ્મીનું પંડિતોએ પદ્મવાસા ( કમળમાં નિવાસ કરનારી ) એવું નામ પાડયું છે. તે રાજાને ચંદ્રના જેવા મુખવાળી, કામદેવના આયુધરૂપ અને લક્ષ્મીનાં (સ્વરૂપનું) અદ્વિતીય સ્થાનરૂપ મદનાવળી નામની પટ્ટરાણી છે. તેમને હસ્તિના જેવી ગતિવાળી અને જગત્ પ્રસિદ્ધ શૃંગારસુંદરી નામે પુત્રી છે. તેના મુખના શ્વાસની સુગંધથી અનેક ભમરાઓ તેની આસપાસ ઉડયા કરે છે ત્રણ લોકની સ્ત્રીઓથી પણ અધિક રમણીયતાવાળી તે કન્યાને બીજાની સ્પૃહા રાખ્યા વિનાજ સર્વ ગુણોએ આવીને ગ્રહણ કરી છે. આ કુમારી ચંદ્રની જેવા નિર્મળ શીળવડેજ શોભે છે માટે મારૂં હવે શું પ્રયોજન છે ? એમ ધારીનેજ તેણીના મુખની બહાર કદાપિ પ્રીતિને વિષે પણ સ્મિત ( હાસ્ય ) નીકળતું નથી. અને તે બાળા શીળની ઉત્કૃષ્ટ ભૂમિકાને પામેલી હોવાથી જાણે થાકી ગઇ હોય તેમ કદાપિ ત્વરાથી પગલાં મૂકતી નથી, અર્થાત્ ઉતાવળી ચાલતી નથી. હંસના સરખી ગતિવાળી તે કુમારી નિર્મળ બુદ્ધિવડે ચંદનાદિક સેવ્ય પદાર્થોને સેવે છે, પરંતુ જરા પણ મનની આસક્તિથી સેવતી નથી. આ બાળાએ કોઇ વખત મને ક્રીડામાં પણ સફળ કરી નથી એમ જાણીને જાણે કોપથીજ તેનો ત્યાગ કર્યો હોય તેમ તે હાલ બાલ્યાવસ્થાવડે મુકત થઇ છે. કમળના સરખા નેત્રવાળી સ્ત્રીઓને વિષે વિષયવિકાર ઉત્પન્ન કરવા રૂપ અદ્વિતીય કળામાં ગુરૂતુલ્ય થયેલા યૌવનને (યુવાવસ્થાને) તેણીએ હાલમાં નિર્વિકાર વિલાસોમાં શિષ્યરૂપ કર્યું છે.

એકદા તેણીના અનુપમ એવા વરને માટે ઉદ્યમ કરતા અમારા મહારાજા સર્વ રાજાઓના સ્વરૂપને ચિત્રોમાં જોતા હતા, તે વખતે પોતાના માતા, પિતા, સહોદર અને સખીઓના વિરહને નહિ સહન કરનારી તે કુમારીએ પોતાના સખીમંડળમાં ' હું વિવાહને ઇચ્છતી નથી ' એમ કહ્યું. તે વાત સખીઓના મુખથી સાંભળીને આનંદ રહિત થયેલી મદનાવળી રાણીએ પોતાની પુત્રીને ખોળામાં બેસાડીને સાશંક હૃદયવડે કહ્યું કે " હે પુત્રી ! તું વિવાહના ઉત્સવની વિમુખતાને કેમ ધારણ કરે છે ? જેમ ચંદ્ર વિનાની રાત્રી શોક કરવા લાયક છે, તેમ પતિ વિનાની સ્ત્રી શોચનીય છે. ચારિત્ર વિનાની જ્ઞાનલક્ષ્મીની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેમ સ્ત્રી પણ રમણીય છતાં રમણ ( પતિ ) વિના શોભતી નથી. ભર્ત્તાર વિનાની સ્ત્રી પિતાને ઘેર તૃણથી પણ વધારે લઘુતાવાળી થાય છે, અને ભાઈઓની સ્ત્રીઓ ( ભોજાઈઓ )માં નિંદ્ય વચન સાંભળે છે. કળા રહિત પુરૂષ, જ્વાળા રહિત અગ્નિ, જળ રહિત નદી અને પતિ રહિત સ્ત્રી એ ચાર કોઈ પણ સ્થાને વખાણવા લાયક નથી. જેમ ચંદ્ર [1]અબ્જ છતાં પણ જેમનો સૂર્યરૂપી પતિ ઉદય પામ્યો નથી એવી અબ્જિનીનો પરાભવ કરનાર થાય છે, તેમ પતિ વિનાની સ્ત્રીઓનો પરાભવ કરનાર તેના ભાઈઓ પણ થાય છે. માટે હે પુત્રી ! વિવાહને માટે તું સંમતિ આપ, અને અમને દુઃખી કર માં, કેમકે તેં ગર્ભમાં રહીને પણ મને કિંચિત્ કલેશ આપ્યો નથી." આ પ્રમાણેની માતાની વાણી સાંભળીને શૃંગારસુંદરી શૃંગાર રસને દીન કરનારૂં અને અમૃતથી પણ જીતી ન શકાય તેવું મધુર વચન બોલી કે "હે માતા ! તમે જેમાં નીતિ તન્મયપણાએ આવીને વસેલી છે એવું યુક્ત વચન કહ્યું છે, પરંતુ જો પતિ એક ગુણથી પણ હીન ( રહિત ) હોય તો તે સ્ત્રીને દુઃખદાયી થાય છે. જો કદાચ પતિનું કુળ સારૂં હોય, તો તેવું રૂપ ન હોય, કદાચ તે બન્ને વાનાં હોય તો તેવા પ્રકારની નિર્મળ કળાઓ ન હોય, અને જો કદાચ કુળ, રૂપ અને કળાઓ પણ હોય તો હે માતા! તથાપ્રકારનું શીલ ન હોય. મનુષ્યને વિષે શીળવ્રત સુલભ નથી—બહુજ દુર્લભ છે. જો નારીને રૂપવાન, કળાવાન, કુળવાન અને એક સ્ત્રીના રાગનેજ ભજનારો એવો પતિ ન મળે, તો તે કુમારીપણામાંજ વૃદ્ધ થાય ને સારૂં છે. વરને વિષે રૂપ, કળા અને કુળનું નિરૂપણ ( પરીક્ષા ) થઇ શકે છે પણ તેનું મન કોને વિષે રમણ કરશે ? તે કોણ જાણી શકે છે ? કદાચ પુરૂષ એક સ્ત્રી ઉપર વિરાગ પામે તો તે બીજી કન્યાને પરણી શકે છે, પણ પતિથી વિરક્ત થયેલી નારીને તો તેવે પ્રસંગે મરણનુંજ શરણ છે. હે માતા ! આવા ગુણદોષના વિચારથીજ મારૂં ચિત્ત કોઈ સાથે પાણિગ્રહણ ન કરવા માટે નિશ્ચળ છે, માટે મને તમારે ફરીથી કોઈ વાર વિવાહને માટે કાંઈ પણ કહેવું નહિ." આ પ્રમાણેનાં વચનોથી બીકણ હૃદયવાળી તે કન્યાએ પોતાની માતાને પ્રત્યુત્તર રહિત કરી, અને તરતજ ઉઠીને માતાના વિલક્ષપણાનો નાશ કરવા માટે તેણીએ માતાને નમન કર્યું. ત્યાર પછી તે હકીકત જાણીને રાજા પણ તે કન્યાના વિવાહોત્સવના કાર્યમાં આદર રહિત થયા, અને તે કન્યા કળાસમૂહના વિલાસના સુખમાંજ મગ્ન થઇ રહેવા લાગી.

એકદા શાંત બુદ્ધિવાળી તે શૃંગારસુંદરીએ રાત્રીને અંતે સ્વપ્નમાં હર્ષથી પોતાના આત્માને કાંઈ પણ ઇચ્છાથી કલ્પવૃક્ષની ડાળી બાજુએ ઉભેલો જોયો. તે સ્વ-

---

૧ ચંદ્ર 'અબ્જ' એટલે જળમાંથી ( સમુદ્રમાંથી ) ઉત્પન્ન થયેલો છે તેથી તે અબ્જિની એટલે જળમાંથી ઉત્પન્ન થયેલી કમલિનીનો બાધ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નનું ફળ પૂછતાં નિપુણ નિમિત્તિયાઓએ સ્વપ્નની વ્યાખ્યામાં તેણીને કહ્યું કે " તને જેવો પતિ ઇષ્ટ છે, તેવોજ ઇચ્છિત ફળને આપનારો પતિ તને મળશે. " તે સાંભળીને પ્રસન્ન થયેલી તે કન્યા પ્રાતઃકાળેજ ઉદ્યાનમાં રહેલા કામદેવને ( તેની પ્રતિમાને ) નમસ્કાર કરવા માટે તૈયાર થઇને મિયાનામાં બેસીને ચાલી. માર્ગમાં કોઇ પુરૂષ માણિક્યના પંજરમાં રાખેલો અને વચનની ચતુરાઇમાં ધીર એવો એક પોપટ વેચવા ઉભો હતો, તેને તેણીએ જોયો. પછી તે વેચનાર પુરૂષને ઇચ્છિત દ્રવ્ય આપીને તેણીએ તે પોપટ ખરીદ કર્યો, અને પાંજરામાંથી બહાર કાઢીને પોતાના હાથમાં તેને રાખી કામદેવના આયતનમાં તે ગઇ.

કામદેવની મૂર્તિ રૂપાની બનાવેલી હતી, તેનાં દાઢી, મૂછ, કેશ અને નેત્રની કનીનિકા ( કીકી ) મરકતમણિ ( નીલમણિ ) નાં બનાવેલાં હતાં, સૂક્ષ્મ પરવાળાથી તેના હાથ, પગ અને ઓષ્ઠ બનાવેલાં હતાં, તેના નખની શ્રેણી પદ્મરાગમણિના સમૂહથી વ્યાપ્ત હતી, જાણે જીવતા હોય તેવા અંગોવડે તે કાંઇ ક્રિયાને કરતો હોય, તેમ દેખાતો હતો, જાણે તે હસતો હોય તેમ તેના ઓષ્ઠ કાંઇક ઉઘડેલા હોવાથી મુક્તાફળના બનાવેલાં દાંતની કાંતિ તેમાંથી બહાર પડતી હતી. પ્રસાદથી હાસ્ય કરતી દૃષ્ટિવડે જાણે તે પાસે રહેલા ભકતોની સન્મુખ જોતો હોય, તેવો દેખાતો હતો. આવા સુંદર શરીરને ધારણ કરતા કામદેવને જોઇને તરતજ પોપટ ઉડીને તેની પાસે ગયો. પછી રાજપુત્રીએ આશ્ચર્યથી જોવાતો તે પોપટ ઉત્સુકપણાથી કામદેવની મૂર્તિ પ્રત્યે કહેવા લાગ્યો કે " હે કુમારરાજ ( કામદેવ ) ! મને અત્યંત પ્રિય ફળો આપો, અને હું મધુર બે ગાથાઓ કહું છું તે સાંભળો—

अभियुक्तिशुक्तिमुक्तागुणगणयुक्ताः श्रयन् कलाः सकलाः ।
उपलनरविपुलभारैः किमलंकारैः कृती कुरुते ॥ १ ॥
फलमविकलमुर्जपजपमुस्तपतपसोर्यदर्जयन्ति जनाः ।
तत्कृतये निजयुवतिषु सुकृतकृतः सन्तु संतुष्टाः ॥ २ ॥

અર્થ—સદ્બુદ્ધિ રૂપ શુક્તિ (છીપ) ને વિષે મુક્તાફળ સદૃશ ગુણસમૂહોથી યુકત એવી સકલ કળાઓનો આશ્રય કરનાર નિપુણ પુરૂષ પાષાણના સમૂહની જેવા અતિ ભારવાળા અલંકારો (ઘરેણાં) વડે શું કરે ? અર્થાત્ તેવા પુરૂષને અલંકાર શા ઉપયોગના છે ? કાંઇ પણ શોભા આપનારા નથી. નિર્મળ અને મહાકષ્ટથી સાધ્ય એવાં જપ અને દુસ્તપ એવી તપસ્યા કરવાથી જે ફળ મળે છે, તે ફળ મેળવવાને માટે પુણ્યવંત મનુષ્યો પોતાનીજ સ્ત્રીને વિષે સંતુષ્ટ થાઓ. અર્થાત્ તે પ્રકારે તેવુ ફળ મેળવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ ગાથાઓ સાંભળીને સિંહરાજાનો કુમાર વિચાર કરવા લાગ્યો કે ' આ બન્ને ગાથાઓ મને પ્રિય છે. પણ તે પોપટ કોણ હશે ? ' એ પ્રમાણે તે વિચારમાં મગ્ન થયો, તેવામાં પેલા પુરૂષે કથા આગળ ચલાવી.

હે કુમાર ! આ પ્રમાણે પોપટની વાણી સાંભળીને કોઇ સખીએ રાજકન્યાને કહ્યું કે—" અહો બેન ! તમારા દુઃખનો નાશ કરનાર કોઇ આવો યુવાન પણ પૃથ્વીપર છે ખરો." પોપટ ભ્રાંતિથી કામદેવને હે કુમારરાજ ! એવું સંબોધન આપી બે ગાથાઓ બોલ્યો, અને ત્યાર પછી તેના રૂપ, કુળ, વય, શીળ અને ગુણોનું વર્ણન કર્યું. તે સાંભળીને રાજપુત્રીએ તે પોપટને હાથમાં લઇને પૂછ્યું કે "હે પોપટ ! તું કયા કુમારનું વર્ણન કરે છે ? તે ખરી વાત કહે, કે જેથી હું તને મનોહર ફળો ખાવા આપું. પોપટ તેનો ઉત્તર ન આપતાં વારંવાર માત્ર અમૃત જેવા મધુર સુભાષિતજ બોલવા લાગ્યો. પછી ' તિર્યંચોની પણ કેવી ચતુરાઇ હોય છે ? ' એમ વિચારતી તે રાજકન્યા કાંઈક કામદેવથી વ્યાપ્ત થઈ, અને ચિત્ત વિના ( વ્યાક્ષિપ્ત ચિત્તે )જ પોતાને ઘેર ગઇ. પછી તે કન્યા શય્યામાં, સખીનાં વચનોમાં, ઉદ્યાનમાં, હર્મ્યમાં, જળમાં કે સ્થળમાં કોઇ પણ સ્થાને નિર્વૃત્તિ પામી નહિ. અહો તેણીના હૃદયમાં પ્રજ્વલિત થયેલા સૂર્યના પ્રચંડ તેજની જેવા વિરહે નિદ્રાને દૂર કરવા માટે કામદેવરૂપ સૂર્યનો ઉદય કર્યો.[1] ' હે પોપટ ! તે કુમાર ક્યાં છે ?' એ પ્રમાણે વારંવાર બોલતી તે કન્યાએ કામદેવથી ઉત્પન્ન થયેલી વ્યગ્રતાવડે, ઉન્મત્ત થયેલા મનને ધારણ કર્યું. અને અનુક્રમે કામદેવરૂપી ભૂપતિના દુઃસહ પ્રતાપની જેવા અને જેમાં અગ્નિની કાંતિ ગુપ્ત રહેલી છે એવા વિરહે (વિરહ વેદનાએ) તેણીને આકુળ વ્યાકુળ કરી દીધી. તેણીની વ્યથાનું શમન કરવા માટે સખીઓએ તેણીનાં અંગો ઉપર જે જે શીત વસ્તુઓનું સિંચન કર્યું, તે તે તેણીને ઉષ્ણુતારૂપ થઇને આપત્તિનેજ આપવા લાગ્યું. ક્રમે કરીને તે રાજકન્યા રૂદન કરતી અને મૂર્છાથી પડી જતી આવી રીતે અનેક પ્રકારના પ્રલાપ કરવા લાગી—" હું ધારૂં છું કે તાપ આખા જગતમાં નહિ માવાથી મારાજ શરીરમાં વ્યાપી ગયો છે. જો એમ ન હોય તો ચંદ્રવિકાસી કમળના પત્રની માળા કેમ ઉષ્ણુ થઇ જાય ? હે રજનીપતિ ચંદ્ર ! તું પોતે તો રાત્રિથી રહિત હોય છે, ત્યારે દીન થઇ જાય છે, છતાં કેમ તું બીજા વિયોગીઓને બાળે છે ? અથવા તો પુરૂષો સ્વભાવથીજ કઠોર હોય છે. હે સખીઓ ! મને તાપ કરનારો ચંદ્ર કુમુદિનીના પ્રેમે કરીને સાક્ષાત્ જળમાં આવેલો જણાય છે, માટે તેને પકડીને તમે હાથ વતી પ્રહાર કરો. હે પદ્મિની ( કમલિની ) ! તારા પતિ ચંદ્રના વિયોગની પીડા તું જાણે છે, છતાં મને કેમ બાળે છે ? અરે ! આ

1 કામદેવરૂપી સૂર્યનો ઉદય થવાથી નિદ્રા દૂર થઇ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

... મહા કષ્ટની વાત છે કે સ્ત્રીઓ પણ સ્ત્રીઓ ઉપર નિર્દય થાય છે. હે સખીઓ ' આ મારૂં હૃદય ફાટી જાય છે. પરંતુ તેને ફાટવાજ દો, કે જેથી તે (હૃદય)માં રહેલો કામદેવજેવો કુમાર કદાચ જોઈ શકાશે." આ પ્રમાણે ઘણો વિલાપ કરતી તે કન્યાને જોઇને દાસીઓ પણ રૂદન કરવા લાગી. વળી "હે પોપટ! તે કુમાર મને મુકીને કયાં જાય છે? તે તું જો" એ પ્રમાણે તે કન્યા નિદ્રામાં પડી સ્વપ્નમાં પણ પ્રલાપ કરવા લાગી. તીવ્ર તાપને ધારણ કરતી તે કન્યાની ચોતરફ રહેલી તેણીની સખીએ અશ્રુપાતે કરીને [1]ધારાયંત્રની પુતળીઓ જેવી જણાવા લાગી. આ સર્વ વૃત્તાંત જાણીને રાજાએ આજ્ઞા આપેલા ચર પુરૂષોએ તે કુમારનું નામ પોપટ પાસેથી જાણવા માટે પોપટ વેચનાર પુરૂષની આખા નગરમાં શોધ કરી. પરંતુ જેમ દૂરભવ્ય પ્રાણીઓને શુદ્ધ ધર્મોપદેષ્ટા ગુરૂ ન મળે, તેમ તેમને તે કયાંઇ મળ્યો નહિ. પોપટ વેચનાર પુરૂષ કોઇ પણ સ્થાને નહિ મળવાથી રાજાએ તત્કાળ તે કુમારની શોધ મેળવવા માટે સ્વયંવર કરવાનો આરંભ કર્યો અને તરતમાંજ કુમાર અવસ્થાને તજીને જેઓ રાજ્યને પામેલા છે, તેવા રાજાઓને અને ઉદાર ગુણવાન રાજકુમારોને આમંત્રણ કરવા માટે જુદા જુદા માણસો મોકલ્યા. હે સ્વામી! હું **નયસાર** મંત્રીનો **સાગર** નામે પુત્ર છું અને મને આપને બોલાવવા માટે આપના પિતા પાસે મોકલ્યો છે. હે નિપુણ કુમાર! તમારા જય રૂપી ઉત્કર્ષના હર્ષથી રાજાએ તમને ત્યાં પધારવાની આજ્ઞા આપી છે, તેથી વાસંતી નગરી તરફના પ્રયાણ માટે આપ ત્વરા કરો."

આ સર્વ વૃત્તાંત સાંભળીને રાજકુમાર બોલ્યો કે-"હે મંત્રિપુત્ર! હું ત્યાં આવીશ નહિ, કેમકે સુંદર નેત્રવાળી તે કન્યા જો બીજા કોઇને વરે તો મારો પરાભવજ થાય." ત્યારે તે બોલ્યો કે-"હે વીર કુમાર! તે કન્યાને વરવા યોગ્ય તમેજ છો, કેમકે આજે તમને જોવાથી મને તે ઉદ્યાનમાં રહેલા કામદેવનીજ ભ્રાંતિ થાય છે. વળી જો કદાચ આવા ગુણવાન તમને છોડીને તે કન્યા બીજાને વરે, તો તેમાં તમારો શો પરાભવ કહેવાય? અને એવી ગુણની અજ્ઞાત (મૂર્ખ)તે કન્યાથી તમારે લાભ પણ શો?" ઇત્યાદિ વચનરચનાવડે પોતાનું મંત્રીપુત્રપણું બતાવતો સાગર કુમાર કીર્તિના સાગરરૂપ તે રાજકુમારને સમજાવીને પોતાના નગરમાં લઇ ગયો. તે વખતે વાસંતીપુરીનો રાજા તેની સામો આવ્યો. અને તેનો સત્કાર કરીને તેને એક સુંદર પ્રાસાદમાં ઉતારો આપ્યો. પોતાની પ્રભાવડે આકાશનું આચ્છાદન કરી દેતા તે કુમારને જેઓએ જોયો, તેઓએ બીજા રાજાઓનું આગમન વૃથાજ માન્યું.

ઉત્તમ ચરપુરૂષોએ શૃંગારસુંદરી પાસે આવીને તે કુમાર આવ્યાના ખબર

---

૧ ફુવારો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપ્યા અને તેના અદ્ભુત ગુણોનું વર્ણન કર્યું. પછી રાત્રિને સમયે રાજપુત્રીએ પોતાની ચંપિકા નામની સખીને સર્વ વીરોનું વૃત્તાંત જાણવા માટે મોકલી. તો ચંપિકા રાત્રિના બે પહોર ગયા ત્યારે પાછી આવી. તે વખતે માત્ર રાજકુમારીજ જાગતી હતી, અને તેણીની સર્વે સખીઓ નિદ્રાવશ થયેલી હતી. ચંપિકાએ રાજકુમારીને કહ્યું કે—“ હે બેન ! રાજાએ મોકલેલી સત્કાર સામગ્રી લઇને જતી સેંકડો નારીઓની સાથે રહીને મેં સર્વે વીરરાજાઓને જોયા. જ્યારે કામદેવના શસ્ત્રરૂપ તે સ્ત્રીઓ તેમની પાસે ગઇ ત્યારે તે વીરો પોતાની કુશળતા જણાવવા માટે વિવિધ પ્રકારના વિકારો ધારણ કરવા લાગ્યા. તેમાં કળાના સમૂહથી સુંદર, ઉત્તમ કાંતિવાળો અને નેત્રને આનંદદાયી એવો કોઇ રાજચંદ્ર ( રાજારૂપી ચંદ્ર ) અપશબ્દોવડે પોતાની વાણીને કલંકિત કરતો હતો, કોઇ વીર મદિરાના બિંદુવડે દૂધના ઘડાની જેમ અભિમાન વડે પોતાના કળાસમૂહને, રૂપને તથા ગુણસમૂહને દૂષિત કરતો હતો, કોઇ રાજા [1]ગુણોએ બનાવેલી અને કળારૂપી નદીમાં ધોયેલી (ઉજ્વળ કરેલી) પોતાની કીર્તિને ધુમાડાવડે વસ્ત્રની જેમ મિત્રપરના ક્રોધવડે મલીન કરતો હતો, કોઇક તો કાંઇ પણ બોલ્યા વિનાજ સ્તબ્ધ થઇને નિશ્ચળ બેસીજ રહેતો હતો કે જેથી તેને મેં તો પથ્થરના પુરૂષની જેમ અજ્ઞાનીજ ધાર્યો. આ પ્રમાણે તે સ્ત્રીઓની સાથે દરેક રાજાઓને જોતી અને તેમની કીર્તિનું યથાસ્થિત સ્વરૂપ પરસ્પર કહેતી એવી હું, જેનું યશ, શીળ, કુળ, રૂપ અને કળામય સંભળાય છે એવા સનત્કુમારના પ્રાસાદ તરફ ઉત્કંઠા સહિત ગઇ. અમે સર્વે તે કુમારના મુખનું અવલોકન કરવામાં ઉત્સુક થઇને તેને રહેવા આપેલા પ્રાસાદ વિષે ગયા તે વખતે ઇન્દ્રથી પણ અધિક તેજને ધારણ કરતો, ઘણા કળાકુશળ પુરૂષોવડે જેનો સમીપ ભાગ સુશોભિત છે તેવો અને જે પુણ્યાત્માઓમાં ચક્રવર્તી જેવો જણાતો હતો તેવો તે કુમાર સભામાં બેઠેલો હતો. તે કુમાર વિદ્વાનો સાથેની વાતોમાં પોતાનું મસ્તક હલાવતો હતો, તેથી મુકુટમાં રહેલા મણિઓમાંથી નીકળતા દેદીપ્યમાન કિરણોવડે જાણે કવિઓની કાવ્યસંપત્તિની તે આરતી ઉતારતો હોય, તેવો જણાતો હતો. અને તે પોતાના હસ્તની અંગુલીઓ ચલાવતો (હલાવતો) હતો તેથી તેના નખમાંથી નીકળતા કિરણોરૂપી વિસ્તૃત વસ્ત્રવાળી ગાયકોના ગાયનની તે ધ્વજા ફરકાવતો હોય તેવો દેખાતો હતો. આ પ્રમાણે ગુણિજનોના ચમત્કારિક ગુણોને ગ્રહણ કરતો અને તેમને આશ્ચર્ય એવું પ્રીતિદાન આપતો તે કુમાર તેના અનૃણીપણાને પામતો હતો. વળી ર... ષ્ટિને નિષ્ફળ કરનારી અને પ્રીતિવડે પ્રસન્ન એવી દ્રષ્ટિથી સેવકોના ... સંબંધી તાપનું તે હરણ (નાશ) કરતો હતો. તે કુમાર કૌતુકથી જેના ... ખતો હતો, તે તે કળાકુશળ પુરૂષ પોતપોતાનું વિજ્ઞાન ... રાજ-

1 વસ્ત્રના પક્ષમાં ગણ એટલે સતરનું બનાવેલ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પુત્રી ! તે વખતે ચિત્રવિદ્યામાં નિપુણ એવા કોઈ પુરૂષે ત્યાં આવીને કુમારના હસ્તમાં એક ચિત્રપટ આપ્યું. તે જોઈને વિસ્મય પામેલા કુમારે તે ચિત્રકારને પૂછયું કે તેણીની રૂપલક્ષ્મી આ ચિત્રને અનુરૂપ (ચિત્રના જેવીજ) છે કે નહીં ? ત્યારે તે ચિત્રકાર બોલ્યો કે—" હે કુમાર ! આ ચિત્રવડે કરીને તેણીની રૂપલક્ષ્મીનું સાદૃશ્યપણું શી રીતે કરી શકાય ? કયો પુરૂષ ચંદ્રની ચંદ્રિકાને ચિત્રમાં ચિત્રી શકે ? દૃષ્ટિની લીલાવિગેરેથી રહિત એવું આ ચિત્રકર્મ તેણીની સમાન ક્યાંથી થાય ? વળી તેણીનું અર્ધુંજ શરીર દેખાતું હોવાથી આ ચિત્રને તેણીના પ્રતિબિંબની ઉપમા પણ ઘટી શકતી નથી. હે કુમાર ! લિપિશાસ્ત્રના અભ્યાસને લીધે સમગ્ર વિશ્વનાં સ્વરૂપો મારા હાથમાં આવ્યાં છે, તેથી કહી શકું છું કે ત્રણ જગતમાં પણ આવી કોઈ સ્ત્રી નથી. " આ પ્રમાણેની તેની વાણી સાંભળીને તે કુમાર ચિરકાળ સુધી ચિત્રમાં રહેલી તે કોઇ અદ્દભુત સુંદર સ્ત્રીને જોઇ રહ્યો અને પછી જાણે તે કામદેવનાં બાણોથી પીડાતો હોય તેમ મસ્તક ધુણાવવા લાગ્યો. એક ક્ષણવારમાંજ તે ધીરબુદ્ધિ વાળા કુમારે પોતાના વ્યાકુળ થયેલા આત્માને પાછો સ્વસ્થ કર્યો, અને તે ચિત્રને મુકી દઇને તે ચિત્રકારનો યોગ્ય સત્કાર કર્યો. પછી પ્રતિહારે અમને ઓળખાવી ત્યારે તે નિપુણ કુમારે હર્ષના સ્મિતથી પ્રફુલ્લિત થયેલ ઉજ્વલ દૃષ્ટિ અમારા પર નાંખી. અમે પુષ્પમાળા, કર્પૂર અને ચંદન વિગેરે ઉપહાર તેની પાસે મૂકયાં, તે તેણે પોતાના ઉજ્વલ ગુણસમૂહની જેમ બહુમાન પૂર્વક ગ્રહણ કર્યા. પછી તેણે અપાવેલાં આસનો પર યથાયોગ્ય અમે સર્વે બેઠાં, એટલે તે મહાશયે અમારી સાથે ચિરકાળ સુધી વાતો કરી. વાતના પ્રસંગમાં મે તેને કહ્યું કે " શૃંગારસુંદરી પાસે એક ક્રીડાપોપટ છે, તે ઘણોજ વિદ્વાન છે, તે તમારી સભાનેજ યોગ્ય છે. " ત્યારે કુમારે કહ્યું " મારી પાસે પણ હૃદયને કૌતુક આપનારો એક પોપટ છે, પણ તે પાછળ રહેલો છે. " એવામાં તે કુમારનો કોઇક ચરપુરૂષ બોલ્યો કે—" તે પોપટને માણિકયના પાંજરા સહિત ચોર લોકોએ હરણ કર્યો છે. " તે સાંભળીને કુમાર કાંઇક ચિંતાતુર થયો હોય તેમ ક્ષણવાર રહ્યો, ત્યાર પછી ચંદ્રમંડળ આકાશ રૂપ મંડપના કુંભરૂપ થયું ત્યારે કર્તવ્યને વિષે પ્રવીણ એવા તે કુમારે સત્કાર પૂર્વક અમને વિદાય કર્યા. હે બ્હેન ! આવો તે સનત્કુમાર ત્રણ જગતને ચમત્કાર ઉત્પન્ન કરનાર, મનોહર ચારિત્રનાં સ્થાનરૂપ અને લક્ષ્મીના ક્રીડાપર્વત રૂપ જયવંત વર્તે છે. "

આ પ્રમાણેનાં ચંપિકાનાં વચનો સાંભળીને—" અરે ! તે સનત્કુમાર કયાં છે ! કેમ તે હજુ સુધી મને બોલાવતા નથી ? કેમ તે મને સૂક્ત ભણાવતા નથી ? અને કેમ તે મને ફળો આપતા નથી ? " એ પ્રમાણે પેલો પોપટ બોલ્યો, તે સાંભળીને કાંઇક વિલક્ષતાવાળી શૃંગારસુંદરી બોલી કે— " સખી ! મારૂં મન જેને વિષે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અનુરાગવાન થયું છે, તે કુમાર તો તેજ છે. એમ આ અધીર પોપટની વાણીથી હું નિશ્ચય કરૂં છું. પરંતુ ચિત્રમાં આળેખેલી કોઇક સ્ત્રીને જોઇને તે કુમાર જે ક્ષોભ પામ્યોછે,તે વાતથી સપત્નીથી ભય પામેલું મારૂં હૃદય કંપ્યા કરે છે. આવો ઉત્તમ કુમાર પણ જો અન્ય સ્ત્રી પર આસક્ત હોય, તો હે હૃદય! હવે તું બીજા કયા વરને માન્ય કરે તેમ છે? માટે હવે તો સ્વયંવરના ઉત્સવની પહેલાં મૃત્યુ પામવું તેજ યોગ્ય છે." એમ કહીને તે નિઃશ્વાસ નાંખતી સતી શય્યામાં આળોટવા લાગી, અને ચિરકાળ ભ્રમણ કરવાથી શ્રમિત થયેલી ચંપિકા તેણીની સમીપેજ સુઇ ગઇ—નિદ્રાવશ થઇ.

નૃપબાળાનું મન ચિત્રની સ્ત્રીનું વૃત્તાંત જાણવાથી ઉત્પન્ન થયેલા દુઃખસમૂહના સંઘટ્ટથી આકુળ વ્યાકુળ થઇ ગયું, અને જીવિત કરતાં મરણને તે ફલવાળું માનવા લાગી. તેથી ધૈર્યનું અવલંબન કરી સર્વ પરિવારને નિદ્રાવશ જાણી શરીરનો વ્યય (નાશ) કરવાના મનોરથવાળી તે કન્યા ધીરે ધીરે ઉઠી, અને તેજ ઠેકાણે કંઠમાં ફાંસો નાખવા માટે ક્રીડા કરવાના હીંચકાના કડામાં પાશની જેમ પોતાનું ઉત્તરીય વસ્ત્ર બાંધ્યું. "પછી તેજ કુમારને વિષે ચિત્તની આસક્તિ રાખનારી એવી જે હું તેનો જો આ ભવને વિષે તે કુમાર પતિ ન થયો તો પરભવને વિષે પણ તેજ મારેજ વિષે આસક્ત ચિત્તવાળો પતિ થજો." એમ બોલીને તેણીએ તત્કાળ તે પાશમાં પોતાનો કંઠ નાંખ્યો. તે વખતે તરતજ 'હે બાળા! મા. મા.' એવો શબ્દ થયો, પાશ છેદાયો, અને તે નીચે પડી. તે વખતે ચંપિકા નિદ્રામાંથી જાગૃત થઇ, અને તરતજ સંભ્રાંત થઇને તેણે પાશમાંથી કંઠને ખેંચી કાઢયો તો રાજકુમારીનેજ જોઇ. પછી 'આ શું?' એમ સંભ્રમથી તેણીએ પૂછયું, ત્યારે તે કુમારીએ પોતાનું ચરિત્ર તેણીને કહી સંભળાવ્યું. તેવામાં 'આ પૃથ્વીપર શું પડ્યું છે?' એમ બોલતી ચંપિકા ઊભી થઇ અને એક ચિત્રપટ હાથમાં લઇને જોતી જોતી હર્ષ પામીને બોલી કે—"હે દેવી! હે દેવી! તેજ આ ચિત્રપટ છે. અરે! બહુ સારૂં થયું. હે દેવી! હું તને વધામણી આપું છું કે આ ચિત્રમાં તુંજ રહેલી છે અને સનત્કુમાર તારેજ વિષે આસક્ત છે, તો કહે કે હવે તું શા માટે પીડા પામે છે?" આ પ્રમાણે પ્રગટ રીતે તેણીની અમૃતમય વાણી સાંભળીને પતિને વરવામાં ઉત્સુક થયેલી તે કન્યા તે ચિત્રપટને પોતાના હાથમાં લઈ તેના પ્રત્યે આ પ્રમાણે બોલી—"હે ચિત્રમાં રહેલી શૃંગારસુંદરી! તું તે કુમારનો સંગ પામી, તેથી વખાણવા લાયક છે, પરંતુ અત્યારે તેનો વિરહ છતાં પણ તું કાંતિને ધારણ કરેછે,માટે તું શોચ કરવા લાયક છે. અહો! ચિત્રમાં રહીને પણ હું તેના કરનો સ્પર્શ પામી, માટે મને પણ ધન્ય છે." એમ કહીને તે કમળ સમાન નેત્રવાળી કન્યા રોમાંચિત થઇ અને હર્ષ પામી. પછી "ચિત્ર-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પટમાં[1]અંતરિત થયેલા એવા પતિનું હું કેમ આલિંગન ન કરૂં ?" એમ બોલતી તે કન્યાએ આલિંગનમાં[2]મિત્ર સમાન તે ચિત્રપટને હૃદય ઉપર રાખ્યું. "હે ! ઉત્તમ કુમાર ! આ ચિત્રમાં રહેલી સુંદરીને તો તેં હસ્તવિષય પણ કરી, અને મારા તો ચક્ષુના વિષયમાં પણ કેમ નથી આવતા ?" આ પ્રમાણે તે બોલી કે તરતજ તેજના સમૂહવડે જેણે ગૃહનો મધ્ય ભાગ ઉજ્વલ કર્યો છે એવો તે સનત્કુમાર તેણીની પાસે પ્રત્યક્ષ થયો. તેને જોઇને પોપટ કુમારીને ઉદ્દેશીને બોલ્યો કે—"હ્યો! કુમાર આ આવ્યા, તેનો હાથ પકડો, તેને આચમન આપો, તેને માટે આસન મૂકો." તરતજ હર્ષના ઊર્મિથી પ્રેરણા પામી હોય તેમ ચંપિકા સખીએ ઉઠીને તેમને આસન આપ્યું એટલે કુમાર તેના પર બેઠો. પછી તે ચંપિકા આ પ્રમાણે બોલી કે "હે કુમાર ! આજે અમારો જન્મ સફળ થયો અને આજની રાત્રિ સુમુહૂર્ત્તવાળી થઈ, કે જેથી અમારે ઘેર કુમાર પોતેજ પધાર્યા. હે દેવી ! તેજ આ તારો પ્રાણપ્રિય છે કે જે તારી ઇચ્છાથી તત્કાળ આજ્ઞાકારકની જેમ પ્રત્યક્ષ થયેલ છે. હવે તેના અવલોકન રૂપ અમૃતના પાનમાં વિઘ્નરૂપ લજ્જાને છોડી દે, અને હે સુંદર અંગવાળી ! તેના મુખચંદ્રને વિષે તારા લોચનને મૃગ રૂપ કર." આ પ્રમાણે ચંપિકાએ કહેવાથી રાજકુમારીએ દ્રષ્ટિને વારંવાર ઉંચી કરીને કુમારનું મુખ જોયું અને તેથી જેનું મન હર્ષિત થયું છે એવા તે કુમારને ચંપિકાએ કહ્યું કે — હે વીર ! અમારી સખી હર્ષાશ્રુ રૂપી જળવડે તથા કનિનીકાના દીપ્ત કિરણોરૂપી દૂર્વાવડે પ્રસૃતિના જેવી દીર્ઘ દ્રષ્ટિથી તમને અર્ઘ્ય આપે છે. તમારે લાયક આતિથ્ય ( સત્કાર )ની બીજી કોઇ પણ વસ્તુ ત્રણ જગતમાં મને જણાતી નથી; તેથી ત્રણ જગતમાં મનોહર એવી આ મારી સખીજ તમારા આતિથ્યરૂપ થાઓ. હે વીરાગ્રણી ! આ અમારા ઘરમાં તમારૂં આગમન થયું તે બહુ સારૂં થયું, પણ તમને આવી ગાઢ રાત્રિએ અહીં પ્રવેશ કરતાં સ્ખલના કેમ ન થઈ ? અર્થાત્ તમને અંદર પેસતાં કોઇએ અટકાવ્યા કેમ નહિ ?" તે સાંભળીને ઉત્પન્ન થયેલા હાસ્યના મીષથી જેની કાંતિનો સમૂહ શોભાયમાન છે એવી અને સંતોષરૂપી ક્ષીરસાગરના મુક્તાફળ જેવી વાણીવડે કુમાર બોલ્યો—પોપટના કહેવાથી તને શૃંગારસુંદરીની સખી જાણીને વિદ્યાવડે અદ્રશ્ય થઈ હું તારી સાથેજ અહીં આવ્યો છું, અહીં આ મૃગાક્ષીનો કંઠપાસ છેદતી વખતે મારા હાથમાંથીજ આ ચિત્રપટ જાણે કે આ ( તારી સખી )ને મેં સાક્ષાત્ દ્રષ્ટિમાર્ગે કર્યાથી લજ્જા પામ્યો હોય તેમ નીચે પડી ગયો છે. ત્રણ જગતના લોચનની ચંદ્રિકા સમાન અને મારા સ્નેહને આધીન થયેલી આ તારી સખીને

---

૧ કુમાર તે ચિત્ર જોઇને આસક્ત થયો હતો માટે તે ચિત્રમાં પોતે અદ્રશ્ય રીતે રહેલો છે.

૨ આનંદદાયક હોવાથી મિત્ર સમાન.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જોઈને હું મારા આત્માને ધન્ય (ભાગ્યવંત) માનું છું." આ પ્રમાણે કુમાર કર્ણને વિષે સૂક્તરૂપી અમૃતની વૃષ્ટિ કરતો હતો, તેવામાં બહાર રાજાના પ્રતિહારે ગર્જના કરીને કહ્યું કે—"હે સેવકજનો ! તમોને રાજા આજ્ઞા આપે છે કે—આજે મહા સુંદર સ્વયંવર મંડપ તૈયાર કરો અને હે દાસીજનો ! કુમારીને સ્નાન કરાવવા વિગેરે કાર્યને કરવા માંડો, તેના કલ્યાણકારી સ્વયંવરનું મુહૂર્ત પ્રાતઃકાળમાંજ છે માટે ત્વરા કરો. કેમકે તમારા દેખતાંજ હમણાં ચંદ્રનો નાશ કરનાર અને રાત્રિનો ક્ષય કરનાર સૂર્ય આકાશમાં ઉદય પામશે." આ પ્રમાણે તે સેવક કહી રહ્યો એટલે રાજકુમારે રાજકન્યાને પ્રેમરૂપ અમૃતના કલ્લોલ જેવી વાણીથી કહ્યું કે—"હે રાજપુત્રી ! મારૂં ચિત્ત હમેશાં તારા ગુણોમાંજ આસકત છે તેથી તું સ્વપ્નમાં પણ મારા વિષે અન્યથા શંકા કરીશ નહિ. હે સુંદર નેત્રવાળી ! હવે હું જાઉં છું, અહીં મારે વધારે રહેવું ઉચિત નથી, હું મારૂં ચિત્ત તારી સેવામાં મુકી જાઉં છું." એમ કહીને તે રાજકુમાર તરતજ અંતર્ધાન થઇ ગયો. તે વખતે પૃથક્ પૃથક્ કાર્ય કરવામાં નિપુણ એવી દાસીઓ ઉત્સુકતાથી રાજપુત્રીની પાસે આવી; અને ત્વરાને લીધે ઉદ્ધત ગતિવાળા સેવકો મંડપ તરફ ગયા; તેઓએ તરતજ સ્વયંવર મંડપને સુશોભિત વસ્તુઓ વડે શણગારી દીધો. અપૂર્ણ.

---

# आशातना–परित्याग.

'આશાતના તજવી જોઈએ' એમતો સર્વે જૈન બંધુઓ કહેછે અને કિંચિત્ સમજે પણ છે, પરંતુ આશાતના એટલે શું ? અને તે કેટલા પ્રકારની છે ? તેમજ શા કારણથી વર્જવાની છે ? તે જાણવાની બહુ જરૂર છે. તેમાં આશાતના શું ? તે જાણવામાં આવવાથી વર્જવાનો હેતુ તો તરતજ લક્ષમાં આવી શકે તેમ છે. આશાતના શબ્દ બે વિભાગે બનેલો છે. आ એટલે સમસ્ત પ્રકારે शातना એટલે વિનાશ. અર્થાત્ પુણ્ય કાર્યનો, વિનય ગુણનો અથવા ઉચિત વ્યવહારનો સર્વથા પ્રકારે જે કૃત્યથી વિનાશ થાય તે આશાતના કહેવાય છે. એવાં કૃત્યોથી થતો વિનાશ ન થવા દેવો—તેનું રક્ષણ કરવું તે આશાતના ત્યાગનો હેતુ છે. હવે આશાતના કેટલા પ્રકારની છે ? અને તે કોના પ્રત્યે વર્જવાની છે? એ બે હકીકત જાણવાની જરૂર રહેછે.

શ્રી શાંતિસૂરિકૃત ચૈત્યવંદન મહાભાષ્યમાં આશાતનાના પાંચ પ્રકાર નીચે પ્રમાણે બતાવવામાં આવ્યા છે.

आसायणा १अवन्ना, २आणायरो ३भोग ४दुप्पणीहाणं ।
५अणुचिय वित्ति सव्वा. वज्जेयव्वा पयत्तेणं ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

" અવજ્ઞા આશાતના, અનાદર આશાતના, ભોગ આશાતના, દુઃપ્રણિધાન આશાતના અને અનુચિતવૃત્તિ આશાતના–આ સર્વે ( પાંચે પ્રકારની ) આશાતના પ્રયત્નવડે વર્જવા યોગ્ય છે. "

આ આશાતનાઓ મુખ્ય વૃત્તિએ તો જિનાયતનમાં વર્જવાની કહી છે. પરંતુ ઉપલક્ષણથી યથાયોગ્ય રીતે ગુરૂ મહારાજ સમીપે પણ વર્જવા યોગ્ય છે. તેમજ તીર્થાદિકમાં પણ જે ભૂમિ પવિત્ર ગણાતી હોય તેમાં યથાસંભવ એ આશાતના વર્જવા યોગ્ય છે. આ બાબત વધારે સ્પષ્ટીકરણ પાંચે પ્રકારની આશાતનાનો વિસ્તાર સમજાયા પછી કરવું ઠીક પડશે. તેથી હાલ તો તે પાંચે પ્રકારની આશાતના કઇ કઇ બાબતને કહેવામાં આવે છે તે તેજ કર્ત્તાના વચનથી સમજીએ.

पायपसारण पल्लच्छिबंधणं, बिंबपिठ्ठिदाणं च ।
उच्चासण सेवणया, जिणपुरउ जणइ अवन्ना ॥

" પગ લાંબા કરીને બેસવું, હાથ કે વસ્ત્રાદિકથી પલાંઠી બાંધીને બેસવું, મૂર્તિને પીઠ દેવી એટલે તેને પુંઠ દઇને બેસવું કે ઉભા રહેવું, અને ઉંચા આસનપર બેસવું એટલાં વાનાં જિનેશ્વરની પાસે કરવાથી અવજ્ઞા આશાતના થાય છે. "

આ આશાતનામાં કહેલી ચારે બાબત સમજાય તેવી છે. ઉપલક્ષણથી તેને લગતી બીજી બાબતો પણ સમજી લેવી. પ્રાયે કરીને જિનબિંબની સમિપે ભૂમિ પરજ બેસવું યોગ્ય છે. કોઇ પણ પ્રકારના આસનનો પરિભોગ યોગ્ય નથી. તોપણ કેટલાક પ્રસંગોમાં જાજમ ઉપર કે પાટલા ઉપર બેસવું અથવા ઉભા રહેવું પડે છે, તેથી ઉંચાં આસનનોજ સર્વથા નિષેધ કરવામાં આવ્યો છે. હાલમાં હાર્મોનિયમ વગાડતાં ઉંચું આસન (ખુરશી વિગેરે) વાપરવું પડે છે તે અપવાદ રૂપ છે.

આ આશાતના દેવ ગુરૂ બંનેની પાસે સમાન રીતે વર્જવા યોગ્ય છે. તીર્થ ભૂમિમાં પણ જિનમંદિરની અંદર તો વર્જ્ય છેજ, પણ તે શિવાયના ભાગમાં પણ ઉચિત અને શકયતાના પ્રમાણમાં વર્જવા યોગ્ય છે. શ્રાવકે સાધુ પાસે વર્જવી તેજ પ્રમાણે શ્રાવિકાઓએ સાધ્વી પાસે વર્જવા યોગ્ય છે. અથવા તો શ્રાવક શ્રાવિકા બંનેએ બંનેની પાસે વર્જવા યોગ્ય છે એમ સમજવું.

હવે બીજી અનાદર આશાતના કોને કહેવી તે કહે છે—

जारिसतारिसवेसो, जहा तहा जम्मि तम्मि कालम्मि ।
पूयाइ कुणइ सुन्नो, अणायरासायणा एसा ॥

" જેવા તેવા વેષે, જેવી તેવી રીતે, જે તે વખતે, શૂન્યચિત્તે જિનેશ્વરની પૂજા વિગેરે કરવી તે અનાદર આશાતના કહેવાય છે. "

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જેવા તેવા વેષે એટલે પોતાને ઉચિત નહિ તેવા ફાટેલાં તુટેલાં કે મેલાં અથવા શક્તિના પ્રમાણમાં અલ્પ કિંમતના વસ્ત્રાદિક પહેરીને પૂજા કરવી તે; જેવી તેવી રીતે એટલે પૂજાની વિધિ અથવા દર્શનની વિધિ–દશ ત્રિક પાંચ અભિગમનાદિ જાણ્યા શિવાય જેમ તેમ દર્શન કે પૂજા વિગેરે અવિધિથી–અજ્ઞાનપણે–અસમંજસ રીતે કરવું તે; અને જે તે વખતે એટલે દર્શનનો અવસર અથવા પૂજાનો અવસર શાસ્ત્રોમાં જે બતાવવામાં આવ્યો છે તે અવસર શિવાય જયારે ત્યારે–સહજમાત્ર વખત મળી ગયો તે વખતે–વેઠનો વારો પતાવવાની જેમ દર્શન કે પૂજાદિ કરવું તે; અને શૂન્ય ચિત્તે એટલે જે ક્રિયા કરવામાં આવે તે મન વચન કાયાના યોગની એકાગ્રતા શિવાય–મન કયાંક ભમતું હોય ને ફોનોગ્રાફની જેમ મુખેથી ક્રિયાના શબ્દો પ્રવાહની જેમ બોલી જવા અને શરીરની પરિચાલના ટેવ પડી જવાથી જેમ થતી હોય તેમ કર્યા કરવી તે. આ ચારે પ્રકારના દોષ જિનપૂજા વિગેરેમાં કરવાથી શ્રી જિનેશ્વર ભગવંતનો અનાદર કરવા રૂપ આશાતના થાય છે. જયાં હૃદયમાં આદર–બહુમાન હોય છે ત્યાં તો માણસ જેવે તેવે વેષે જતો નથી. રાજ દરબાર વિગેરેમાં અથવા કોઈ મ્હોટા અધિકારી પાસે જવું હોય છે તો પોતાની સંપત્તિને—સ્થિતિને—પ્રવૃત્તિને અનુકૂળ વેષ પહેરીને જ જાય છે. જેવી તેવી રીતે જતો નથી, પણ વિવેક જાળવીને યોગ્ય રીતેજ જાય છે. પોતે માહિતગાર ન હોય તો જે માહિતગાર હોય તેને જવા આવવાની, બેસવાની, વાત કરવાની, રજા લેવાની ઇત્યાદિ રીતભાત પૂછી લઈને પછી જાય છે. વળી જે તે અવસરે જતો નથી પણ તેનો ફુરસદનો વખત જાણીને–પૂછાવીને પ્રસન્નતાવાળે વખતે જાય છે, અને શૂન્ય ચિત્તે જતો નથી પણ સાવધાનપણે જાય છે, અને જે કાર્ય માટે જાય છે તેને ગોખી રાખે છે, કયા શબ્દમાં 'કહેવું' તે વિચારી રાખે છે અને પછી યથાયોગ્ય શબ્દોમાં નિવેદન કરે છે. જિનપૂજાદિમાં આ ચારે બાબત બહુધા ભૂલી જવામાં આવે છે, શક્તિ છતાં પોતાને માટે એક સારી લુગડાંની જોડ જૂદી રાખવામાં આવતી નથી, પંચાઉ લુગડાં ફાટેલાં તુટેલાં કે મેલાં જેવાં હોય તેવાં પહેરવામાં આવે છે. વિધિ જાણવાનો ખપ નહિ કરતાં દર્શન પૂજા વિગેરે જેમ તેમ કરી આવે છે, અથવા તો બીજા કરતા હોય તેમ કરે છે, તેની મતલબનો વિચાર કરવામાં આવતો નથી. વળી ઉચિત અવસર જોતા નથી. રાત્રિ હોય–સૂર્ય ઉગ્યો ન હોય–જીવજંતુ જોઈ શકાય તેમ ન હોય તેવે અવસરે સ્નાન કરવા બેસી જાય છે. એટલુંજ નહિ પણ ભગવંતની પ્રક્ષાલના પણ કરવા માંડે છે, તેજ રીતે મધ્યાન્હ વીતી જાય તોપણ કામમાંથી છુટે ત્યારે પૂજા કરવા દોડે છે, એને માટે ઉચિત અવસરનો વિચાર કરતા નથી. શૂન્ય ચિત્તની વાત તો પૂછવીજ પડે તેમ નથી. પ્રભુની પખાળ કરે ને ચિત્ત કયાંક ભમે, અંગલુહણાં બે કર્યા કે ત્રણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તે ભૂલી જાય. ભગવંતની અવસ્થાનું ત્રિક ભાવવાને બદલે પોતાની અવસ્થાનું ત્રિક ભાવવા મંડી જાય. ચૈત્યવંદનાદિ ભાવસ્તવમાં પણ તે ક્રિયાને દ્રવ્યસ્તવ કહેવા જેટલી પણ યોગ્યતા ન દેખાય. આ બધા શૂન્ય ચિત્તને લગતા દોષ છે. આ અનાદર આશાતના દરરોજ નિરંતર થતી જોવામાં આવે છે. ગુરૂ મહારાજના સંબંધમાં પણ આ આશાતના પૂર્ણ રીતે લાગુ પડે છે. ત્યાં પણ જેવે તેવે વેષે, જ્યારે ત્યારે, જેવી તેવી રીતે જવું યોગ્ય નથી.[1] શૂન્ય ચિત્તનો દોષ તો ત્યાં પણ તજવા યોગ્ય છે. પ્રતિક્રમણાદિ ક્રિયામાં પણ આ અનાદર આશાતના પૂરી રીતે લાગુ પડે છે, તેમાં પણ ઉચિત વેષની, યોગ્ય અવસરની અને પરિપૂર્ણ વિધિના જાણપણાની પૂરેપૂરી જરૂર છે. તેમજ શૂન્ય ચિત્ત તજી દેવાની અને સાવધાનપણે ક્રિયા કરવાની પૂરેપૂરી આવશ્યકતા છે. આ આશાતના બહુ પ્રકારે વિચારવા યોગ્ય છે. તેની જેટલી વ્યાખ્યા ને જેટલું વિવરણ કરીએ તેટલું થઈ શકે તેમ છે; પરંતુ આટલી હકીકત પણ જો ધ્યાનમાં રહે તો બસ છે, એમ માની વધારે વિવરણ કરવામાં આવતું નથી.

ત્રીજી ભોગ આશાતના છે તેનું સ્વરૂપ આ પ્રમાણે કહેલ છે—

> भोगो दसप्पयारो, कीरंतो जिणवरिंदभवणंमि ।
> आसायणत्ति वाढं, वज्जेअव्वा जउ वुत्तं ॥

"જિનેંદ્રના ભુવનમાં દશ પ્રકારનો ભોગ કરવો તે ભોગ આશાતના કહેવાય છે, તેને અત્યંત વર્જવી. કારણ કે તે દશે પ્રકાર વર્જ્ય કહેલા છે."

જિનમંદિરમાં તજવા યોગ્ય ભોગના દશ પ્રકાર આ પ્રમાણે—

> तंबोल पाण भोयणुवाहण थीभोग सुवण निठ्ठुयणं ।
> मुत्तुच्चारं जुयं, वज्जे जिणमंदिरस्संतो ॥

"તંબોળ, જળપાન, ભોજન, ઉપાન ( પગરખાં ), સ્ત્રીભોગ, શયન, થુંકવું, મૂત્ર, ઉચ્ચાર ને જુગટું—આ દશ વાના જિનમંદિરમાં વર્જવા."

આ ભોગ આશાતના પૈકી શ્રાવકો કેટલીએક તો નજ કરે તેવી સ્પષ્ટ છે. તંબોળ ખાવું, પાણી પીવું, ભોજન કરવું, સ્ત્રીભોગ કરવો, થુંકવું, લઘુનિત કરવી ને વડી નિત કરવી—આ સાત આશાતના તો બહુધા થવાનો સંભવ નથી. પગરખાં મુકવાના સંબંધમાં કેટલીક જગ્યાએ મુકવાની સગવડ ન હોવા વિગેરે કારણથી ગઢની અંદર લઈ જવામાં આવે છે તે લઈ જવા ન જોઈએ, આગેવાનોએ તે મુકવા માટે યોગ્ય સગવડ કરી આપવી જોઈએ. સુવાની બાબતમાં કેટલીક વખત ઠંડા

---

[1] ગુરૂવંદનનો અવસર ને વિધિ વિગેરે ભાષ્યાદિથી જાણવા યોગ્ય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પવન ખાવાની બુદ્ધિએ વધારે વખત બેસી રહેતાં નિદ્રા આવી જાય છે—પ્રમાદ સેવાય છે. તે નહિ કરવાનું ધ્યાનમાં રાખવા યોગ્ય છે. જિનભક્તિ કે ધર્મચર્ચાના કારણ શિવાય દેરાસરમાં વધારે વખત રોકાવું તેજ અયોગ્ય છે. જુગટું રમવાના સંબંધમાં નાની અવસ્થાના છોકરાઓ કોડીઓ પાના પૈસા વિગેરેથી ઘણીવાર રમે છે તેનું સખ્ત રીતે નિવારણ થવું જોઇએ. પ્રથમની સાત આશાતનાંમાં પણ નાના બાળકોને સાથે લઇને આવનાર સ્ત્રી તેમજ પુરૂષોએ બાળક મૂત્રે નહીં કે વડીનિત કરે નહિ તેને માટે બહુ ધ્યાન રાખવાની જરૂર છે. ઘણી સ્ત્રીઓ એવી આશાતનાના સંબંધમાં બેદરકાર રહે છે. વળી કેટલીક તો બાળકે એવી આશાતના કરી હોય તો તે સાફ કર્યા વગર અથવા કરવાનું કહ્યા વગર ગુપચુપ ચાલી જાય છે, પણ એ મહા આશાતના છે. કેટલીક સ્ત્રીઓ ઋતુ આવવાના દિવસ નજીક હોય છતાં વધારે વખત દેરાસરમાં બેસી રહે છે અને એ સંબંધી આશાતના થતાં શરમની મારી બોલ્યા ચાલ્યા વિના ચાલી જાય છે. આવી આશાતના મહોત્સવાદિ પ્રસંગે તેમજ પર્વતિથિએ બહુ થવાનો સંભવ છે, કારણ કે તેવે વખતે સ્ત્રી જાતિ બાળકો સહિત બહુ વખત બેસી રહે છે. પ્રતિષ્ઠા, વૃદ્ધ સ્નાત્ર, શાંતિ સ્નાત્રાદિક પ્રસંગે પણ સ્ત્રી જાતિ તરફથી ઉપર કહેલી આશાતનાનો ભાગ વધારે રાખવામાં આવે છે અને તેવી આશાતના થવાથી કેટલીકવાર વિપરિત પરિણામ આવે છે. માટે ઉપર કહેલ તમામ પ્રકારની અને ઉપલક્ષણથી તેને લગતી અન્ય પ્રકારની ભોગ આશાતનાઓ પણ અવશ્ય વર્જવી. ઉપાશ્રયાદિકમાં પણ આ આશાતના યથાયોગ્ય સ્થાને વર્જ્ય છે, તે વિવેકથી વિચારી યોગ્ય વર્તન કરવું.

ચોથી દુઃપ્રણિધાન આશાતનાનું સ્વરૂપ આ પ્રમાણે—'

> रागेण व दोसेण व, मोहेण व दुसिया मणोवित्ती ।
>
> दुप्पणिहाणं जन्नइ, जिणविसये तं न कायव्वं ॥

" રાગે કરીને અથવા દ્વેષે કરીને અથવા મોહ (અજ્ઞાન) વડે કરીને ચિત્તની વૃત્તિ જે દુષિત થાય તે **દુઃપ્રણિધાન** કહેવાય છે. તે આશાતના જિનેંદ્રના સંબંધમાં ન કરવી. "

આ આશાતના બહુ ગંભીર અને વિચારવા યોગ્ય છે. જિનમંદિરમાં પ્રવેશ કર્યા પછી સ્ત્રી પુત્ર કે મિત્રાદિ તરફની રાગ દશાથી અથવા અપ્રીતિના ઉત્પાદક કોઈપણ સ્ત્રી પુરૂષાદિક તરફ દ્વેષ જાગવાથી તેમજ અજ્ઞાન દશાને લઇને થતા અનેક પ્રકારના મોહથી ચિત્તની વૃત્તિ ડોળાઇ જાય છે એ ચોકસ વાત છે. જ્યારે એ ભાવો ચિત્તમાં જાગે છે ત્યારે તેની અંદર જિનભકિત, જિનેશ્વરનું બહુમાન, તેમના અનંત ગુણોનું ચિંતવન, પોતાના સ્વભાવિક ગુણો પ્રગટ કરવાની તીવ્ર જીજ્ઞાસા અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે નિમિત્તે ભગવંતની ચિત્તદ્વારા પ્રાર્થના એ સઘળું ટકી શકતું નથી. વિચારની સ્થિતિ રીતિજ બદલાઇ જાય છે, ચિત્ત ચકડોળે ચડે છે અને તે પોતાનું કર્ત્તવ્ય ચુકી અન્ય દિશામાં ગમન કરે છે. સાધ્ય ભુલીજ જવાય છે. આ આશાતના નહિ કરનારા ઉત્તમ પુરૂષો તો શિરસાવંદ્ય છે. તેવા પુરૂષો અનુકરણને યોગ્ય છે. જિનપૂજાદિ ક્રિયામાં ચિત્તવૃત્તિને તદ્રૂપ કરવી, અન્ય વ્યાપાર માત્ર ભૂલાવી દેવા, રાગ દ્વેષ કે મોહને પ્રવેશ કરવા ન દેવો–તેવો પ્રસંગજ આવવા ન દેવો તે પ્રબળ આત્મસંયમ છે. આ આશાતના થવાથીજ પ્રાણી જિનપૂજાદિ અમૃતમય કરણીનું તથાપ્રકારનું ફળ મેળવી શકતો નથી. માટે ઉત્તમ પુરૂષોએ દુઃપ્રણિધાન આશાતના ન થવા માટે અહર્નિશ જાગૃત રહેવું. રાગ દ્વેષ ને મોહ એ તો છળ જોનારા ચોરટા છે. બાહ્ય કારણ પ્રાપ્ત થયા શિવાય પણ માત્ર મનની અંદર વિચાર માત્રથીજ ઉદ્દભવી તેઓ પોતાનો અમલ ચલાવે છે. તો પછી બાહ્ય નિમિત્ત મળે ત્યારે તે તેના બળનું શું કહેવું? માટે બનતાં સુધી દુઃપ્રણિધાન થાય તેવાં કારણોથીજ દૂર રહેવું. છતાં કદી તેવાં કારણો મળી જાય તો તે વખતે ચિત્તને કબજે રાખવું અને રાગ દ્વેષ કે મોહના સામ્રાજ્યને આધિન ન થવું. આ આશાતના ઘણો વખત તો માત્ર માનસિક વિચારણાથીજ થાય છે. હાથવડે પ્રભુની પૂજા કરે અને ચિત્ત તો કયાંક ભમતું હોય, તેમાં રાગદ્વેષાદિની સ્કુરણા થયાજ કરે અને આત્મા તેને આધીન થઇ કર્ત્તવ્ય ચુકી જાય. માટે આ બાબત બહુજ સંભાળ રાખવા યોગ્ય છે. ગુરૂવંદનના સંબંધમાં પણ આ આશાતના વર્જ્ય છે.

પાંચમી અનુચિત્ત વૃત્તિ આશાતના છે, તેનું સ્વરૂપ આ પ્રમાણે—

विकहा धरणयदाणं, कलह विवायाइ गेहकिरियाउ ।
अणुचियवित्ती सव्वा, परिहरियव्वा जिणगिहम्मि ॥

" વિકથા કરવી, ધરણું ઘાલીને બેસવું, કળહ વિવાદાદિ કરવા તેમજ ઘરની ક્રિયાઓ ( ઘરનાં કામકાજ ) કરવી એ સર્વ અનુચિત આશાતના કહેવાય છે તે જિનમંદિરમાં વર્જવી. "

ધર્મચર્ચાથી અનભિજ્ઞ માણસો તો દેરામાં બેસીને તડાકાજ મારે છે તે વિકથારૂપજ છે. તે તો સર્વથા વર્જ્ય છે. માત્ર ધર્મચર્ચા શિવાય બીજી વાતચિત પણ જિનમંદિરમાં કરી શકાય નહિ. કેટલાક માણસો બેસે છે તો ધર્મચર્ચા કરવા પણ તેમાંથી આડા ફંટાઇ વિકથા કરવા મંડી જાય છે તેમણે સાવધાન રહેવાની જરૂર છે. વિકથા કોને કહેવી? ને તે કેટલા પ્રકારની છે? ઇત્યાદિ વિવરણ અહીં કરવામાં આવતું નથી. વિકથાના ચાર અને છ સાત વિગેરે ભેદો છે તે સુજ્ઞ મનુષ્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાસેથી સમજી લઈને વર્જવા. ધરણું ઘાલીને બેસવું એટલે લાંઘવા બેસવું. કોઈની પાસેના લેણાને પ્રસંગે અથવા નાત જાતના કે સંઘનાવાંધા કે તકરાર વિગેરે પ્રસંગોએ આ ક્રિયા કરવામાં આવે છે. પરંતુ જિનમંદિરે તેવા કોઇ પણ કારણસર બેસવું કે બેસવાની સલાહ આપવી તે તદ્દન અયોગ્ય છે; અનુચિતવૃત્તિરૂપ હોવાથી તદ્દન વર્જ્ય છે. કલહ ને વિવાદાદિ તો જુદા જુદા કારણને લઈને જિનમંદિરની અંદર શું સાધ્ય છે ? શું કર્તવ્ય છે ? તેને નહિ સમજનારા અથવા સમજ્યા છતાં સાધ્યને ચુકી જનારા-કર્તવ્યથી ભ્રષ્ટ થનારા કરે છે. તે વખતે ક્રોધ તેમજ અભિમાનનું સામ્રાજ્ય એટલું વિસ્તાર પામી જાય છે કે તટસ્થ રહીને જોનારજ તેનો તોલ કરી શકે છે. કલહ વિવાદાદિને વર્જ્ય સમજનારા પણ એ વાતને ભૂલી જાય છે. ઘરની ક્રિયાઓ તો નાનાં ગામડાં વિગેરેમાં દેરાસરનેજ ઘરરૂપ માની બેસનારા સ્ત્રીઓ અને પુરૂષો દેરાસરની પાસેના વસવાટથી અનેક પ્રકારની કરે છે. દેરાસરમાં અનાજ સુકવે છે, લુગડાં ધુએ છે, લુગડાં સુકવે છે, માથાં ઓળે છે, પુરૂષો નામાં માંડે છે, હિસાબ કરે છે, વાંધાઓ પતાવે છે, પંચાતો કરે છે; ઇત્યાદિ અનેક પ્રકારની આશાતનાઓ કરે છે. જિનમંદિર સંબંધી જે ૮૪ આશાતનાઓ કહેવામાં આવેલી છે, તેમાં અનુચિતવૃત્તિના પેટામાં સમાય એવીજ ઘણી આશાતનાઓ છે. સમજુ સ્ત્રી પુરૂષો તો પ્રાયે આ આશાતના ઓછી કરે છે, તેમજ મોટા શહેરોમાં પણ આવી આશાતના થોડી થાય છે, પરંતુ નાનાં ગામડાંઓમાં તો ઘણે ઠેકાણે થતી જોવામાં આવે છે, તેનું નિવારણ કરવા માટે બનતો પ્રયત્ન કરવાની જરૂર છે. ઉત્તમ પુરૂષોનું કામ પોતે આશાતના ન કરવી અને બીજા પાસે ન કરાવવી તે છે. આગેવાનો ધારે તો આ જાતિની આશાતના ન થાય તેવો બંદોબસ્ત કરી શકે છે. અનુચિતવૃત્તિની અંદર ઉપર કહેલી અવજ્ઞા આશાતના, અનાદર આશાતના, ભોગ આશાતના અને દુઃપણિધાન આશાતના એ ચારેનો સમાવેશ થઇ શકે તેમ છે. કારણકે તે સર્વ અનુચિત વર્તન રૂપજ છે પરંતુ અહીં તો માત્ર બહોળે ભાગે કાયિક વર્તનનોજ સમાવેશ કરવામાં આવ્યો છે.

આ પ્રમાણેની પાંચે પ્રકારની આશાતના ભવભીરૂ પ્રાણીએ અવશ્ય વર્જવા યોગ્ય છે. એમાં ત્રણ પ્રકાર માનસિક આશાતનાના ને બે કાયિક આશાતનાના છે. અવજ્ઞા અનાદર ને દુઃપ્રણિધાન એ ત્રણે પ્રકાર માનસિક છે છતાં તે પૈકી અવજ્ઞા ને અનાદરમાં કાયિક વર્તનનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. અનાદરની અંદર શૂન્ય ચિત્તે જિનપૂજાદિ કરવારૂપ આશાતના બતાવેલી છે તે માનસિક છે. આ બધા પ્રકાર જુદા જુદા બતાવવાનો હેતુ માત્ર અલ્પજ્ઞ પ્રાણી ભૂલ ન ખાય તે છે, બાકી સજ્ઞ જનો-તો આ કૃતિ કરવામાં આશાતના થાય છે કે કર્તવ્ય બજાવાય છે તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તરતજ સમજી શકે છે.માટે કોઈ પણ પ્રકારે આશાતના ન થાય અને કર્ત્તવ્ય પરાયણ રહી સાધ્ય સિદ્ધ કરાય તેવો પ્રયત્ન કરવો. ઉત્તમ જનોનું રટણ નિરંતર એજ હોય છે અને તેથીજ તેઓ પોતાની ફરજ સમજી જિનેશ્વર ભગવંત કે જેઓ પરમ ઉપગારી છે તેમના ઉપગારનું સ્મરણ કરી તેના અનૃણી થવા માટે બનતો પ્રયત્ન કર્યાજ કરે છે, અને તેઓ જ્યાં સુધી સાધ્ય સિદ્ધ ન થાય ત્યાં સુધી અવિશ્રાંતપણે તેમાં મચ્યા રહે છે. આવા સતત્ ઉદ્યમી પુરૂષોને ધન્ય છે. તેઓજ પોતાના અમૂલ્ય અને દુર્લભ મનુષ્ય જન્મને સફળ કરે છે.

# गीरनार यात्रा.

આ તીર્થની યાત્રા કરવાનો પ્રસંગ પાંચ સાત વર્ષે આવવાથી પ્રથમની સ્થિતિ સાથે સરખામણી કરતાં અહીંના કારખાનાનો વહીવટ શેઠ આણંદજી કલ્યાણજીના પ્રતિનિધિ સાહેબોને પૂર્ણ રીતે સોંપાયા બાદ વધારે સારી રીતે ચાલતો દ્રષ્ટિએ પડ્યો છે, ઉપજમાં વૃદ્ધિ થઈ છે, ખર્ચમાં વ્યવસ્થા થઈ છે, સારસંભાળ વિશેષ રાખવામાં આવતી જણાય છે, સ્વચ્છતાને સ્થાન આપવામાં આવ્યું છે, અશુચિને દૂર કરવામાં આવી છે અને મરામતનું કામ શરૂ છે કે જે વધારે મોટા પાયા પર ચલાવવાની જરૂર છે. અનેક કારણોને લઇને આ તીર્થપરના પ્રાચીન દેરાસરોની જોઇતી મરામત બહુ વર્ષોથી થયેલ નથી. ઘણી જગ્યાએ દેરાસરના ચોકમાં તેમજ દીવાલોમાં ઘાસ ઉગી ગયેલ છે અને લીલ જામી ગઇ છે. તેણે વર્ણનો વિપર્યય કરી નાખ્યો છે, શ્વેતતાને બદલે શ્યામતા પસરી ગયેલ છે, હાલમાં ચાલતું કામકાજ અને બંદોબસ્ત સંતોષકારક જણાય છે. ઉપરના નોકરો અને ગોઠીઓ સુસ્ત દેખાતા હતા અને જ્યાં જુઓ ત્યાં મલિનતા નજરે પડતી હતી તે કેટલેક અંશે દૂર થઇ જણાય છે. આ સંબંધમાં પ્રથમના વહીવટકર્તાઓની ઓછી કાળજી સાથે રાજ્ય તરફની ઉપાધિ પણ એક કારણભૂત હતી. હાલમાં નવાબ સાહેબ નાની ઉમ્મરના હોવાથી સરકારની દેખરેખ નીચે રાજ્યતંત્ર આવવાથી ગેરવાજબી અને બીન કારણસર થતી ઉપાધીઓ દૂર થઇ છે. આપણા કબજા ભોગવટાની જગ્યામાં પણ મરામત કરતાં અટકાવવામાં આવતા હતા તે અગવડ દૂર થઇ છે. હજુ આપણાં મકાનો વિગેરે જે બીન હકે જબરીથી દબાવી લેવામાં આવ્યા છે, કબજો કરી લેવામાં આવ્યો છે, આપણને ખાસ અગવડ ઉત્પન્ન કરવા માટે એક બંગલો બાંધવામાં આવ્યો છે ઇત્યાદિ બાબતો સંબંધી દાદ મેળવવાની બાકીમાં છે; પરંતુ ઇંગ્રેજ સરકારના ન્યાયી અમલમાં વાજબી દાદ મળવાનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંભવ છે. આપણી એક ધર્મશાળા તોડી નાખી ત્યાં બાંધકામ કરવાનું શરૂ કરવામાં આવ્યું છે. તે કામ હાલતો બંધ છે; પરંતુ હવે તેવું અન્યાયવાળું કાર્ય કાયમને માટે બંધ થશે એવો પૂર્ણ ભરૂંસો છે. બીજી પણ કેટલીક નાની મોટી અગવડો એક ઇર્ષ્યાળુ અધિકારીની અઘટિત પ્રવૃત્તિથી શરૂ થયેલી તે હાલમાં ઘણે ભાગે બંધ પડી છે અને તેવી અગવડો કાયમને માટે બંધ રહેવા સંભવ છે.

આ તીર્થની યાત્રાનો લાભ વ્યવહારિક કાર્ય પ્રસંગે જુનાગઢ જવું થતાં વૈશાખ શુદિ ૯ મે કેટલાક સ્નેહીઓની સાથે લેવામાં આવ્યો છે. યાત્રા કરીને ચિત્ત પ્રસન્ન થયું છે. બાળ બ્રહ્મચારી યદુકુમાર શ્રી નેમિનાથમહારાજની સેવાભક્તિ કરતાં અદ્વિતીય આનંદ થયો છે. ભાવનગરમાં ચૈત્ર માસમાંજ એ તીર્થની પ્રતિકૃતિ બનાવવામાં આવી હતી. તેના સાક્ષાત્ દર્શન થતાં વધારે આલ્હાદ થયો છે. નાનાં મોટાં તમામ જિનમંદિરોના દર્શનનો લાભ લીધો છે. અહીંઆ એકંદર જિનમંદિર ૧૪ છે. તેમાં તીર્થાધિરાજના મંદિરની લાઇનમાં મેરકવશીનું, સંગ્રામ સોનીનું અને કુમારપાળનું મંદિર છે. એ ત્રણે મંદિર બહુજ રમણિક છે. મેરકવશીના આગળના ભાગમાં પાંચ મેરૂ અને અદ્ભુત ઋષભદેવજીની મૂર્ત્તિ સામસામી મોટી દેરીઓમાં બિરાજમાન છે. મુખ્ય દરવાજાની જમણી બાજુએ સૂર્ય કુંડ ઉપર માનસંગ ભોજરાજનું દેરાસર છે અને ત્યાર પછી વસ્તુપાળ તેજપાળના એકઠા મળેલા ત્રણ દેરાસરો છે, તે બહુજ રમણિક છે. તેની અંદરની કારિગિરીનું કામ આબુ તીર્થની કારિગિરીનું સ્મરણ કરાવે છે, કારણકે તેના કરાવનારા એકજ મહાપુરૂષ છે. આગે આવતું સંપ્રતિ રાજાનું દેરાસર બહુ સુંદર અને વિશાળ છે. આ શિવાયનાં બીજાં દેરાસરો નાનાં તેમજ છુટાં છુટાં છે. ગૌમુખીની અંદર ચોવીશ પ્રભુના પગલાની જોડ છે તે ખાસ દર્શન કરવા લાયક છે.

આ તીર્થે પગથીઆં બંધાવાથી યાત્રાનું કાર્ય કેટલેક દરજ્જે સરલ થયું છે. પરંતુ કેટલુંક કામ અધુરૂં રહેલું છે તે હજુ પૂરૂં થયું નથી. તેના વ્યવસ્થાપકોએ એ કાર્ય સમાપ્ત કરવું ઘટે છે.

આ તીર્થના સંબંધના આપણા હકો ઘણા મજબુત અને ચોકસ સ્થિતિના છે, છતાં કાળક્રમે કબજા ભોગવટા વિગેરેમાં ફેરફાર થવાથી તેમજ પ્રમાદથી અને મોટું મન રાખવા જતાં થઇ પડેલા અન્ય માલેકોથી કેટલીક અવ્યવસ્થા થઇ ગયેલી છે. પરંતુ હવે ખરી દાદ મેળવવાનો વખત પ્રાપ્ત થયો છે. આવા ન્યાયી અમલમાં જો પૂરતો પ્રયાસ કરવામાં આવશે તો આપણા વ્યાજબી હકો આપણને પ્રાપ્ત થવા સાથે આપણી માલેકીનાં મકાનો વિગેરે આપણને પાછા સ્વાધીન થઇ જશે

આ તીર્થના સંબંધમાં જે ચિંતા ભોગવવામાં આવે છે તે કેટલેક અંશે દૂર થશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ાલમાં ત્યાં પાલીતાણાની શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી પરથી મોકલેલ પાશંકર જેરામ મુનીમ તરીકે કામકાજ કરે છે. તેમણે પોતાના વખતમાં ાળજીથી કામ કરેલું જણાય છે. નામા વિગેરેની કેટલીક વ્યવસ્થા છે. તેમને હવે પાલીતાણે પાછા જવાનું હોવાથી હમણાં ઇડર નિવાસી ચિંદ પદમશી તેમનો ચાર્જ લેવા આવેલા છે. તેઓ પોતાની શક્તિનો નુભવ કરાવશે એવો સંભવ છે. આ સંબંધમાં વધારે વિસ્તારથી કેટલીક લખવા જેવી છે પરંતુ તેને માટે વધારે અવકાશ મેળવી બારીક તપાસ છી લખવા યોગ્ય હોવાથી તેવા અવકાશને અભાવે લખી શકાણી નથી, ાથમ કરતાં સંતોષકારક સ્થિતિ છે એટલું તો નિ:સંશય લખી શકાય તેમ ાથે શેઠ આણંદજી કલ્યાણજીના પ્રતિનિધિ સાહેબો હાલના અનુકૂળ સમ-મ લઇ જો પૂરતો પ્રયત્ન કરશે તો વધારે સંતોષકારક સ્થિતિ પ્રાપ્ત થવાનો સંભવ છે. આટલું લખી હાલ તો વિરામ પામવું યોગ્ય લાગે છે. વળી સંગે વધારે લખી આપણા જૈન બંધુઓની લાગણી તાજી કરીશું.

ાલમાં દિન પ્રતિ દિન યાત્રાળુઓની સંખ્યા આ તીર્થે વધારે આવતી જણાય જે આ લેખ પૂર્ણ કર્યા અગાઉ એક ખાસ સૂચના-વિનંતિ-પ્રાર્થના જે કરવામાં આવે છે કે—આ તીર્થ પણ આપણે શત્રુંજય તીર્થની ... ાનવા યોગ્ય છે, માટે ત્યાં રાત્રિવાસો રહેવું અને રસોઇ કરાવવી, જમ કરવી ઇત્યાદિ તદ્દન અયોગ્ય હોવા સાથે તીર્થની આશાતનાનાં કારણો ાજ છે, માટે બનતાં સુધી ઉપર રાત્રિ રહેવું નહિ, અશુચિ કરવી નહિ, ાદિ અને શત્રુંજયવત્ તમામ પ્રકારનું બહુમાન જાળવવું. આશા છે કે ત્રાળુઓ આ સૂચના ઉપર અવશ્ય ધ્યાન આપશે અને હૃદયમાં તીર્થભક્તિ ે શારીરિક કષ્ટ સહન કરવું પડે તો કરી પોતાની ફરજ સમજશે અને આ-ે તજી દઇ આત્મહિતમાં વૃદ્ધિ થાય તેવો માર્ગ સ્વીકારશે જેથી સ્વલ્પ સાધ્ય સિદ્ધ કરવાને ભાગ્યશાળી થશે. તથાસ્તુ.

# मुनिराज श्री वृद्धिचंदजी जयंती.

આ શાંત સ્વભાવી મહાન્ પુરૂષના કાળ ધર્મ પામવાને દિવસે વૈશાક શુદિ ી વળામાં અને શુદ ૮ મે ભાવનગરમાં તેમના ગુણોનું સ્મરણ કરવા માટે જયંતીનાં નામથી ઓળખાતો ઉત્સવ કરવામાં આવ્યો હતો. તેનું ટુંક નીચે પ્રમાણે—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી તળાજામાં શુદિ ૭ નો દિવસ મુનિરાજ શ્રી વૃદ્ધિચંદજી જૈનશાળાની વર્ષગાંઠનો પણ હોવાથી તે દિવસ બહુ ધામધુમથી ઉજવવામાં આવ્યો હતો. દેરાસરમાં પંચ કલ્યાણકની પૂજા ભણાવવામાં આવી હતી તેમજ આંગી રોશની કરાવવામાં આવી હતી. જૈનશાળાના વિદ્યાર્થીઓનું ઇનામી ફંડમાંથી સ્વામીવાત્સલ્ય કરવામાં આવ્યું હતું. બપોરે શ્રી સંઘની મીટીંગ બોલાવી તેની અંદર એ શાળાનો વાર્ષિક રિપોર્ટ વાંચી સંભળાવવામાં આવ્યો હતો. તેની મુખ્ય મતલબ એ હતી કે "આ શાળાને સ્થાપન થયા ૫ વર્ષ થયાં છે. ત્યાર અગાઉ અભ્યાસનું કામ સામાન્ય રીતે ચાલતું હતું. ચાલુ વર્ષમાં ૪ વાર પરીક્ષાઓ લેવાણી છે, અને તેનું પરિણામ સારૂં આવ્યું છે. આ શાળાને કોન્ફરન્સ તરફથી જે મદદ મળતી હતી તે સપ્ટેમ્બર માસથી બંધ થઇ છે. તે સંબંધી અરજ કરતાં કેળવણી ખાતામાં સીલીક નથી એવો જવાબ મળ્યો છે. તેથી હવે કોઇ પ્રકારનું કાયમી ફંડ થવાની જરૂર છે. આ શાળાની સંભાળ રાખવાનું કામ શ્રી વૃદ્ધિચંદજી જૈન જ્ઞાન પ્રસારક સભા કરે છે. મરહુમ મહાત્માનો આ શહેરના શ્રાવકવર્ગ ઉપર પરિપૂર્ણ ઉપકાર છે. પ્રસ્તુત વર્ષમાં જૈન શ્રેયસ્કર મંડળ તરફથી રૂ. ૫૦), જૈન કોન્ફરન્સ તરફથી રૂ. ૧૦), ઇનામી ફંડમાં રૂ. ૨૬) અને પરચુરણ ઉપજ તરીકે રૂ. ૩–૪–૨ આવેલા છે. ખર્ચમાં રૂ. ૧૦૦–૭–૭ માસ્તરના પગાર વિગેરેના, રૂ. ૪૪–૩–૧।। વિદ્યાર્થીઓને ઇનામની બુકો, જમણવાર અને પ્રભાવના સંબંધી ખર્ચના અને રૂ. ૧૨–૩–૯ જ્ઞાન ખાતે બુકો ખરીદ કરવા વિગેરેના થયા છે. આ શાળાને મદદની ખાસ આવશ્યકતા છે."

રિપોર્ટ વંચાઇ રહ્યા બાદ વિદ્યાર્થીઓને શ્રીફળની પ્રભાવના શીહોર નિવાસી શા. વેલચંદ હરીચંદ તરફથી અને સર્વે ગૃહસ્થોને સાકરના પડાની પ્રભાવના ભાવનગરનિવાસી શા. નથુ દેવચંદ તરફથી કરવામાં આવી હતી. ત્યારબાદ મેળાવડો બરખાસ્ત થયો હતો.

ભાવનગરમાં શુદ ૮ મે કાપડ મહાજન તરફથી આ ઉત્સવ ઉજવવામાં આવ્યો હતો. શ્રી વૃદ્ધિચંદજી જૈનશાળાની વર્ષગાંઠ વૈશાક શુદિ ૩ ની છે. તે દિવસે શા. લલુભાઇ આણંદજી તરફથી વિદ્યાર્થીઓનું સ્વામીવાત્સલ્ય દર વર્ષ કરવામાં આવે છે, તે પણ આજે કરવામાં આવ્યું હતું. તેની અંદર કાપડ મહાજન તરફથી સારો ઉમેરો કરવામાં આવવાથી સ્વામીવાત્સલ્ય સારૂં થયું હતું. દેરાસરજીમાં નવાણું પ્રકારી પૂજા ભણાવવામાં આવી હતી અને રાત્રે આંગી રોશની કરવામાં આવી હતી. ત્યારબાદ ઉપાશ્રયની મેડી ઉપર જૈનવર્ગનો એક જાહેર મેળાવડો વોરા અમરચંદ જસરાજના પ્રમુખપણા નીચે કરવામાં આવ્યો હતો. તેની અંદર મોતીચંદ ગીરધરલાલ કાપડીઆ, મનસુખલાલ રવજીભાઇ, માસ્તર શામજી હેમચંદ વિગેરેએ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



। સૂચક ભાષણો કર્યા હતાં, તે સાથે તેવા ગુરૂ મહારાજના ચરિત્રનું સંક્ષિપ્ત
ન કરાવી તેનાપરથી સાર શું ગ્રહણ કરવા યોગ્ય છે તે સ્પષ્ટ કર્યું હતું. પ્રાંતે
હુએ પણ પોતાના વિચારો જણાવ્યા હતા.

ાવા મેળાવડા ગુરૂભકિતને તાજી કરે છે, તે સાથે તેમના ગુણાનુવાદ કરવાથી
શે તેવા ગુણોની પ્રાપ્તિને સન્મુખ થવાય છે. આ મેળાવડો કરવાનો ઉત્સાહ
ાજનના આગેવાનોના હૃદયમાં જાગૃત થવાથી તેમણે આ વર્ષે પહેલ કરી
ા છે કે આવા ઉપકારી પુરૂષના ઉપકારને સ્મરણ કરાવનારા ઉત્સવો તેના
તાતા શ્રાવકો અવશ્ય દર વર્ષે કરશે અને તેમના ઉપકારના અનૃણી થવા
નતો પ્રયત્ન કરશે.

# ટુંકો ઉપદેશ,

## ક્યાં સુધી ઉંઘવું છે?

ાતઃકાળ થયો, સૂર્ય ઉગ્યો, કમળ વિકસ્વર થયાં, માણસો કામે લાગ્યાં, ચારો લેવા નીકળ્યાં, ગાયો દોવાવા લાગી, લોકો દંતધાવન કરવા લાગ્યાં, ર્વત્ર લોકોને ભાસ થયો કે આપણે જાગ્યા, અને ધંધે લાગ્યા. પણ જ્યાં ાગૃત માણસ કરે તેવી ક્રિયા કરવામાં ન આવે અને ઉંઘતો માણસ કરે તેવી રવામાં આવે ત્યાં સુધી જાગ્યા શેના? હજુ ઉંઘોજ છો. ઉંઘતો માણસ શું ખરજ ખણતો નથી? પાસું બદલતો નથી? શ્વાસોશ્વાસ લેતો નથી? ઇત્યાદિ ક્રિયાઓ કરતો નથી? કરે છે. પણ તેથી કાંઇ તેને જાગૃત થયેલો કહેવાશે? હેવાય. તેમ તમે પણ અનાદિની ટેવને લઇને ખાઓ, પીઓ, ફરો, હરો, રો, પૈસા મેળવો અને વિષય કષાયમાં નિમગ્ન રહો; પણ તેથી તમારો આત્મા છે, તેમ કહી શકાય નહિ કારણકે, એ તો બધી અનાદિની ટેવ છે અને ગૃતિ શિવાયના વિભાવદશામાં પરિણત આત્માની કૃતિ છે. તમે જાગ્યા તો કહેવાઓ—અને તમારો આત્મા જાગ્યો પણ ત્યારેજ કહેવાય કે જ્યારે તમે ા) પોતાનું કર્તવ્ય સમજીને તે કરવામાં તત્પર થાઓ. શ્રી વૈરાગ્ય ં કહ્યું છે કે—

निसानिरामे परिभावयामि, देहे पलित्ते किमहं सुयामि ।
डज्झंतमप्पाणमुवक्खयामि, जं धम्मरहिया दियहा गमामि ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

" રાત્રી વિરામ પામે ત્યારે હું વિચાર કરૂં છું કે આ શરીર બળતાં છતાં હું કેમ સુતો છું ? અને બળતા એવા આત્માની કેમ ઉપેક્ષા કરૂં છું ? કારણ હું ધર્મરહિત દિવસ ગમાવું છું ! "

આ ગાથામાં જે પ્રાણી ધર્મરહિત દિવસ ગુમાવે તેને સુતો જ કહ્યા છે. કારણ કે ધર્મ વિના દિવસ ગુમાવનાર પ્રાણી પોતાના આયુષ્યના એક અમૂલ્ય દિવસને કોડીના મૂલ્યમાં ગુમાવી દે છે. અને તેવી રીતે થવાથી પાપનો ભાર વધતાં ને પાપરૂપ અગ્નિ આત્માને બાળે છે. અર્થાત્ તેના ગુણોનો વિનાશ કરે છે. આમ સમજતાં છતાં પણ જે પ્રાણી તેની ઉપેક્ષા કરે છે તે જાગતો શેનો ? પોતે જાગતો હોય છતાં પોતાની દોલત ચોર લુંટી જતા હોય તેને લુંટી જવા દેય, કાંઇ ઉપાય પણ ચિંતવે નહિ કે કરે નહિ અથવા પોતાની ખાસ મિલ્કત બળી જતી હોય તેને બળી જવા દેય, તેના નિવારણ માટે પાણી પણ છાંટે નહિ, તેને જાગતો કોણ કહેશે ? સમજુ તો કોઇ નહિ કહે. માટે હે પ્રાણી ! હવે તારે ક્યાં સુધી ઉંઘ્યા કરવું છે ? લક્ષ્મી માત્ર વિનાશ પામે ત્યાં સુધી-દરિદ્રતા આવે ત્યાં સુધી જોયા કરવાનું હોય ? નજ હોય. માટે હવે સાવધ થઇ જા અને તારી આત્મલક્ષ્મી જે જ્ઞાનાદિરૂપ છે, તેને સંભાળ. તેના પર આવરણ ચડી ગયાં છે તે દૂર કર. તે ગુણો પ્રગટ થવાથી તારી કિંમત વધશે. કારણ કે તે ગુણો તારાથી ભિન્ન નથી પણ ઢંકાએલા છે. તેને પ્રગટ કરવાનો રસ્તો તારૂં આત્મબળ ફોરવવું તેજ છે. માટે શક્તિમાં સિંહ જેવો છતાં શિયાળવા તને ઉલ્લુ કરે છે, તેનો વિચાર કર. તારે દરિદ્રતા કે દિનતા શેની હોય ? અનંત શક્તિના તે અનંત લક્ષ્મીના ધણીને તે બંને વાનાં રહેવાજ નહિ. પણ જેને પોતાની શક્તિની કે પોતાની સંપત્તિની ખબર નથી તે, ઉંઘતા માણસો જેમ જે લુટાઇ જતું હોય તે લુંટાવા દેય અને દ્રવ્યવાન છતાં ભિક્ષુકની સ્થિતિ ભોગવે તેમાં આશ્ચર્ય શું ? પોતાની પાસે જ્ઞાનાદિ ગુણોરૂપ અમૂલ્ય સંપત્તિ છતાં પૌદ્‌ગલિક ભાવમાં આસક્ત રહે અને વિષયની ભિક્ષા માગ્યા કરે તેના કરતાં મૂર્ખતા વધારે કઇ હોય ? માટે જાગ ! જાગ ! ઉંઘ તજી દે ! અને આત્મશકિતની સંભાળ કર. આમને આમ પુદ્‌ગલિક ભાવમાં મગ્ન રહ્યા તો ભવ હારી જઇશ અને મનુષ્ય ભવ ગુમાવી પશુપણું પામીશ. યાવત્ એકેંદ્રીમાં ચાલ્યો જઇશ. પાછો ઉંચોજ આવી શકીશ નહિ. આ ખાસ ચેતવણી છે, હિતશિક્ષા છે, તારા લાભની વાત છે, પણ એક કવી કહે છે તેમ છે કે " પામર પ્રાણી ! ચેત તો ચેતાવું તને રે " જો તારે ચેતવું હોય તો મારૂં કહ્યું કામનું છે, પણ તારે ચેતવુંજ ન હોય તો પછી તને જગાડવાની મારી મહેનત શા કામની છે ? પરંતુ યાદ કરજે ! જ્યારે આંખ ઉઘડશે-કિંચિત પણ જ્ઞાનદશા જાગશે ત્યારે પસ્તાવો થયા શિવાય રહેશે નહિ. પરંતુ પાછીથી તે પસ્તાવો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નઠારો થઇ પડશે, માટે જ્યાંસુધી બાજી હાથમાં છે ત્યાં સુધી ચેતવું સારૂં છે. બાજી હારી ગયા પછી ચેતવું નકામું છે. શ્રી વીરવિજયજી મહારાજ અંતરાય કર્મની પૂજા માં લાવ્યા છે કે–' હે મહારાજ! હું બાજી ભુલી ગયો.' પણ તેનું કારણ શું? 'કારણ બે' એક તો **આતમ જ્યોત ન તાજી અને કર્મ કુટિલવશ કાજી** અર્થાત્ આત્માની જ્ઞાનરૂપ જ્યોતિ તાજી નહિ–ઝાંખી થઈ ગયેલી અને કાજી જે આત્મા તે કુટિલ કર્મને વશ થયેલો. આ બે કારણથી હું બાજી ભુલી ગયો.' હવે શું કરવું? હે આત્મા! તું આ બાબતનો દીર્ઘ વિચાર કરજે! ઉંઘે છે કે જાગે છે? તે તપાસજે! અને જો ઉંઘતો છું એમ ખાત્રી થાય તો જાગવાના પ્રયત્ન કરજે! જો જાગીશ તો તારા આત્માનું હિત થશે. વધારે શું કહેવું? આટલુંજ બસ છે, પણ તે સમજનારને માટે છે. ઇત્યલં.

# पुस्तकोनी पहोंच.

## જૈન શાસન–પાક્ષિક પત્ર.

આ પત્ર વૈશાખ શુદિ ૧૫ મે શ્રી બનારસમાં પ્રગટ થયું છે. તેના મેનેજર તરીકે શા. હર્ષચંદ્ર ભુરાભાઈ કામ કરનાર છે. અંદર લેખો ઘણે ભાગે બનારસ પાઠશાળામાં અભ્યાસ કરનારા મુનિરાજના તેમજ વિદ્યાર્થીઓના આવનાર છે. જૈન સાહિત્યના સંબંધમાં હાલના વખતમાં જ્યારે ચારે બાજુ જાગૃતિ દેખાય છે, યુરોપીય પ્રજાના કેટલાક વિદ્વાનો જુદા જુદા દેશમાં રહીને પણ જૈન શાસ્ત્રોનું અવગાહન કરી રહ્યા છે તેમજ તેની મહત્તા દર્શાવી રહ્યા છે, હિંદુસ્થાનમાં પણ જુદી જુદી ચાર પાંચ સંસ્થાઓ ખાસ પ્રાચિન ગ્રંથો પ્રકટ કરવાના કાર્યમાં યથાશક્તિ પ્રયાસ કરી રહી છે, હર વર્ષ પાંચ પચાસ નવા ગ્રંથો બહાર પડવા લાગ્યા છે, તેવા વખતમાં ખાસ કરીને જૈનસાહિત્ય સંબંધી તમામ હકીકત અજવાળામાં મૂકનાર આવા પત્રની ખરેખરી જરૂર હતી. અમે તેની અંતઃકરણથી ફતેહ ઇચ્છીએ છીએ. તેના પ્રથમ અંકમાં પત્રનો પ્રાદુર્ભાવ, સંપાદકના વિચારો, સમાચાર સંગ્રહ, કાશીજી મેં વિજયકા ડંકા, ધર્મદેશના, જૈન સાહિત્ય, શાંતિગાન, પંડિત મણિરાય શાસ્ત્રીજીકા મહાવીર જયન્તી પર વ્યાખ્યાન, અને પુષ્પમાળા એટલા લેખો છે. તે દરેક લેખ વાંચવા લાયક છે.

પ્રથમના લેખમાં પત્ર પ્રકટ કરવાનું કારણ અને પત્રકારોની ફરજ દર્શાવી છે. સંપાદકના વિચારોના પેટામાં ડો. ગેરીનો અને જૈન સાહિત્ય, અને કાશી પશુ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શાળા ( પાંજરાપોળ ) આ બે વિષય છે. તેમાં ડા. ગેરીનોએ જૈન સાહિત્યના સંબંધવાળા ચાર પુસ્તકો બહાર પાડ્યા છે, તેનું ટુંકું વર્ણન આપ્યું છે. તે ચારે પુસ્તકો ફ્રેંચ ભાષામાં છે, તેનું ગુજરાતી ભાષાંતર થવાની આવશ્યકતા છે. એવા ઇંગ્રેજ વિદ્વાનોના પ્રયાસ પાસે આપણે શરમાવા જેવું છે કાશીમાં પશુશાળા સ્થાપન કરવામાં જે પ્રયાસ કરવામાં આવ્યો છે ને જે ફતેહમંદી મેળવી છે તે માટે પૂરેપૂરો ધન્યવાદ ઘટે છે. અહિંસા ધર્મના રક્ષણ માટે આવી પાંજરાપોળની એવા સ્થળે પૂરેપૂરી આવશ્યકતા હતી. સમાચાર સંગ્રહમાં મુનિરાજના વિહારાદિના ખબર છે. કાશીજીમાં વિજયકા ડંકા એ મથાળા નીચે કાશીમાં બે ત્રણ માસથી ચાલતી અહિંસા વિષયની ચર્ચાનું આવેલું સંતોષકારક પરિણામ જાહેર કર્યું છે. ત્યાં સભાની અંદર છેવટે સર્વની સમ્મતિથી એવો ઠરાવ પસાર કરવામાં આવ્યો છે કે—" અહિંસા ધર્મ પરમ શ્રેષ્ઠ છે તેથી તેનું અવશ્ય પાલન કરવું જોઇએ. " આવા ઠરાવથી અહિંસા ધર્મનો ખરેખરો વિજય થયો છે.

ધર્મ દેશનાનો વિષય ખાસ વાંચવા લાયક છે. હજુ તેની શરૂઆત જ છે. તે ઘણો લાંબો ચાલશે એમ જણાય છે. તેમજ તેમાં જૈન ફિલોસોફીનો કેટલોક સમાવેશ કરવામાં આવશે એમ ભાસ થાય છે. જૈન સાહિત્યના વિષયમાં પાશ્ચાત્ય વિદ્વાનો શું કહે છે ? તે બતાવ્યું છે. આ લેખ ખાસ ઉપયોગી છે. પાશ્ચાત્ય વિદ્વાનો જૈન સાહિત્યના સંબંધમાં જે ઉદ્‌ગારો કાઢે છે તેનાથી આપણે નહિ અજ્ઞાત રહીએ છીએ, તે અજ્ઞાતપણું આ લેખથી દૂર થશે. આ લેખમાં જુદી જુદી ઘણી હકીકત જણાવી છે, તેમાં એક ખાસ જાણવા જેવી એ છે કે—ડા. જોહનસ હર્ટલે પોતાના દશ વર્ષના ઉદ્યમના પરિણામે જાહેર કર્યું છે કે " વર્તમાન સમયમાં વિષ્ણુશર્માના નામથી જે પંચતંત્ર ભારતવર્ષમાં ચાલે છે તે પંચતંત્રના કર્તા વિષ્ણુશર્મા નથી પરંતુ જૈનાચાર્ય શ્રી પૂર્ણભદ્રસૂરિ છે. " આ પંચતંત્ર તેમણે છપાવીને બહાર પણ પાડેલ છે. યુરોપીય વિદ્વાનો આપણે માટે આટલી શોધ ખોળ કરે છે ત્યારે આપણે તો હજુ ઉંઘમાંથી ઉઠતા પણ નથી. શાંતિગાનનો વિષય પદ્યાત્મક છે. મહાવીર જયંતી ઉપરનું વ્યાખ્યાન વાંચવા લાયક છે. મહાવીર સ્વામીના ચરિત્રમાંથી માત્ર ચંડકોશિકના એક ઉપસર્ગ ઉપરથી મહાવીર સ્વામીની અને ચંડકોશિકની અદ્વિતીય ક્ષમાનું ચિત્ર ખડું કરી દીધું છે. અને અહિંસા ધર્મની પુષ્ટિ પર કેટલાક આધારો આપી તેને પુષ્ટ કરેલ છે. પુષ્પમાળાનો લેખ તો વાંચકોને ઘડીભર ગમ્મત આપવા માટે કોઇ ફક્કડના ઉપનામ ધારકે લખેલ છે. પ્રાંતે યશોવિજય પાઠશાળામાં મળતાં પુસ્તકોની જાહેર ખબર છે. ત્યારબાદ જે નવીન પુસ્તકોની જાહેર ખબર છે તે લક્ષ [illegible] વા

For Private And Personal Use Only

લાયક છે; વિશેષાવશ્યક ભાષ્ય વૃહદ્ વૃત્તિ સહિત અને પ્રાકૃત માર્ગોપદેશિકા છપાવાની શરૂઆત થઇ છે. આમાં પહેલું પુસ્તક અત્યંત ઉપયોગી છે, ખરીદ કરવા લાયક છે, અને જૈન ભંડારો તેમજ લાઇબ્રેરીના આભૂષણ જેવું છે. પ્રાકૃત માર્ગોપદેશિકા નવીન કૃતિ છે; પરંતુ તે ખાસ ઉપયોગી છે.

આ પત્રનું વાર્ષિક મૂલ્ય પોસ્ટેજ સહિત રૂા. ૨) રાખવામાં આવેલ છે. જૈન વર્ગ ગ્રાહક થઇને સહાય આપવા યોગ્ય છે. આશા છે કે આ પત્ર સારૂં નામ કાઢશે.

**સુકુમાળચરિત્ર ને સુદર્શનશેઠ**—આ બે બુક "દિગંબર જૈન" એ નામના માસિકના ગ્રાહકોને ચોથા વર્ષની ભેટ તરીકે આપવામાં આવી છે, તેની એકેક નકલ અમને ભેટ તરીકે મળી છે. તેનું વિવેચન હવે પછીના અંકમાં આપવામાં આવશે.

**સીતા-રામચરિત્ર ભાગ ૧ લો**—આ શેઠ. બહેન ગોંવી બીજબાઇ લઘુ સમાજ ૨૪ લેખમાળાના બીજા મણકો છે. સ્ત્રીવર્ગને માટે ખાસ વાંચવા લાયક છે. એની અંદર સ્ત્રી ઉપયોગી ઉપદેશ સારો સમાવેલો છે. સીતાનું હરણ થયું ત્યાં સુધીની હકીકત એમાં સમાવવામાં આવી છે. ત્યાર પછીની હકીકત બીજા ભાગમાં આવનાર છે. આ બુક અમારી સભા તરફથી જ પ્રગટ કરવામાં આવી છે અને તે જૈન કન્યાશાળા તથા શ્રાવિકાશાળામાં દરેક બહેનોને ભેટ તરીકે આપવાની છે, તેની સંસ્થાના આગેવાનોએ અભ્યાસી સંખ્યાના પ્રમાણમાં મંગાવી લઇને તેનો યથાયોગ્ય ઉપયોગ કરવા લાયક છે. મંગાવનારે પોસ્ટેજ મોકલવાનું છે.

**સ્નાત્રાદિ સ્તવનાવળી**—આ બુક સંવત ૧૯૬૫માં માત્ર "જૈન" એવા નામથીજ છપાવીને પ્રગટ કરવામાં આવી છે. એની અંદર તમામ સ્નાત્રો તથા કળશોનો સમાવેશ કરવામાં આવ્યો છે. ઉપરાંત સકળચંદજી ઉપાધ્યાય કૃત સત્તરભેદી પૂજા, દેવવિજયજી કૃત અષ્ટ પ્રકારી પૂજા અને ત્યાર બાદ સિદ્ધાચળાદિના સ્તવનોનો સમુદાય દાખલ કર્યો છે. પ્રાંતે પરમાનંદ પચ્ચીશી, મહાદેવ બત્રીશી ને રત્નાકર પચ્ચીશી પણ દાખલ કરી છે. પરંતુ ખેદનો વિષય એ છે કે, સંસ્કૃત ને માગધી ભાગ જેટલો આવેલ છે, તેટલો બહુજ અશુદ્ધ છે. છપાવીને પ્રગટ કરવાની હોંશની સાથે તેને શુદ્ધ કરીને છપાવવાની ચીવટ રાખવી જોઇએ, નહીં તો કરેલો પ્રયાસ સફળ થતો નથી. બુક ઉપયોગી છે પણ અશુદ્ધિએ નિરૂપયોગી જેવી કરી દીધી છે.

**તીર્થયાત્રાનું વિમાન**—એ શ્રીમદ્ બુદ્ધિસાગરજીનો ગુજરાતી લેખ વલસાડના ગૃહસ્થ તરફથી અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળે છપાવ્યો છે. વાંચવા લાયક છે. પ્રાસંગિક ઘણું લખ્યું છે. આઠ પેજી ૮૦ પૃષ્ટની બુકની કિંમત માત્ર એક આનોજ રાખેલ છે. લેખનો આકાર ગૃહસ્થપર લખેલા પત્રનો હોવાથી અસર ઠીક કરે તેમ છે.